

કુમાર

સંસ્થાપક
સ્વ. રવિશંકર રાવળ

આવતી કાલનાં
નાગરિકોનું માસિક

વર્ષ ૫૫મું
અંક ૧૨મો
ડિસેમ્બર
૧૯૭૮

તંત્રી
બચુભાઈ
રાવત

મધ્ય પ્રદેશમાંથી મળેલી
પથ્થરની કોઈ દેવમૂર્તિમાનું
આ મસ્તક ખંડિત છતાં
તેના મુકુટના અલંકરણ
અને મુખના ભાવની
સુંદરતાના કારણે
તે પ્રદેશની ૧૧-૧૨મી સદીની
શિલ્પકલાનો સુંદર નમૂનો
બની રહ્યું છે.

સળંગ અંક
૬૬૦

કુમાર ડિસેમ્બર ૧૯૭૮ · અંક ૬૬૦

તંત્રી: બચુભાઈ રાવત ✦ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૮ યા પાઉન્ડ ૩ યા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

વાચકો લખે છે...

નૂતન વર્ષે ૧

જિંદગી!
વગડો વીંધી જતી આછી પગદંડી!
ઘણી વાર તેં યોગ્ય દિશા ચીંધી.
જ્યાં સહેજ ચૂક્યો ત્યાં
ઠેસ મારી લાવી દીધો સાચે સ્થળે!
દ્રુમોની ધરી અવારનવાર છાયા
આપી સહપ્રવાસીઓની માયા...
ક્યાંક કંટકે ચરણ ઘવાયા...!
તારાં રહસ્યોથી હું સાવ અજ્ઞ
તારો છતાં ય પ્રતિ વર્ષે હું તો કૃતજ્ઞ!
(રાજકોટ) —ભાનુપ્રસાદ પંડયા

૨

આ નિત્યનો દિનમણિ નભ એક દીસે
કિન્તુ સવાર તપતું કંઈ અન્ય તેજે;
આ જિન્દગી પણ ભલે રહી નિત્યની યે
આજે ધરો કંઈ નવું રસ રંગ રૂપે.
(પોરબંદર) —'સુધાંશુ'

જાણે જાળે પડયાં ખંજન

અ

૧) કુરંગ દગની ચપળતા, શું ખંજન જાળે પડિયાં? —નળાખ્યાન, ૬-૧

૨) ચપળ નેત્ર ઝીણું અંજન, જાણે જાળે પડયું ખંજન. —ઓખાહરણ, ૧૪-૧૬

આ

૧) વિશાળ લોચન ચંચળ ચાલે રે, શું ખંજન પડિયાં ગાલે રે! —મામેરું, ૧૩-૧૩

૨) શોભે વાણિયો ભીને વાને રે, હસતાં ખંજન પડે છે ગાલે રે. —હૂંડી, ૬-૫

પ્રેમાનંદનાં આ બે ચિત્રોમાંનું કયું વાસ્તવિક ગણાય?

એ વાતને બે દાયકા વીતી ગયા. 'ગુજરાત પ્રકૃતિ મંડળ'ની એક સભામાં, મંડળના ઉપપ્રમુખ, વલ્લભવિદ્યાનગરના વિશ્વકર્મા સદ્‌ગત ભાઈલાલભાઇએ આ સમસ્યા ઊભી કરેલી ને મેં એમનું સમાધાન કંઈક આ રીતે કરેલું.



ખંજન

'નળાખ્યાન'ની રચનામાં પ્રેમાનંદે કેવળ મહાભારતના નલોપાખ્યાન ઉપર આધાર ન રાખતાં, શ્રી હર્ષના નૈષધીયચરિત કાવ્યનું પણ ઓછાવત્તા અંશે અવલંબન કરેલું છે. 'ખંજન' વિષયની એની કલ્પના એ કાવ્યના નીચે આપેલા શ્લોક ઉપર આધારિત દેખાય છે:

नलिनं मलिनं विवृण्वती
पृषतीमस्पृशती तदीक्षणे।
अपि खञ्जनमञ्जनाञ्चिते
विदधाते रुचिगर्वदुर्विधम्॥ २-२३

દમયંતીની કોરી આંખો નીલકમળને પણ ઝાંખું પાડી દે છે ત્યાં હરિણીની આંખોની તો ગણના જ કેવી. ખંજન પક્ષી શુક્લકૃષ્ણવર્ણનું અતિ સરલ ને અતિ ચંચલ હોય છે,એથી એની સાથેના સામ્યની અપેક્ષાએ, કાજળ આંજ્યા પછી આંખોની સુંદરતા વધી જવાના યોગે એ પણ જિતાયું–એવો ભાવ છે.

જેને કેન્દ્રિત કરીને સાહિત્યકારો નારીની આંખોના સૌન્દર્યની ચર્ચા કરે છે એ જાતિનું ખંજન તે કાળા અને શ્વેત વર્ણનો (सितासितवर्णः। –હલાયુધ) દિવાળી ઘોડો: દિવાળી ઉપર (शरदि) એનું દર્શન સ્વાભાવિક હોવાથી ને ઘોડાના જેવી ડગ ડગ ભરતી મનોહર રવાલ ચાલ (द्रुतललितगतिः)ના સાદૃશ્યથી. લાંબી પૂછડી ધોબીના ધોકાની પેઠે ઊંચીનીચી અવિરત હલાવ્યા કરવાના સ્વભાવને લીધે હિન્દી નામ ધોબિન. અંગ્રેજી અભિધાન The Large Pied Wagtail. પારિભાષિક સંજ્ઞા Motacilla maderaspatensis. ભારતવર્ષનું એકમાત્ર સ્થાયી અધિવાસી. એનું નિવાસ સ્થાન પ્રધાનતયા નાનાં મોટાં જલાશય અને તટવર્તિ પ્રદેશ. ત્યાં પણ એમનાં ટોળાં બંધાતાં નથી પણ જોડે ફરતું દેખાય છે. (स्फुटकमलोदरखेलितखञ्जनयुगमिव शरदि तडागम्। ગીતગોવિન્દ). આ સંયોગોમાં ખંજનને 'જાળ'માં પડેલું જોવાનો અવસર સુલભ હોતો નથી. છતાં કોઈ પણ જાતનું નાનું-મોટું પક્ષી જાળમાં બંધાએલું હોયએ સમયની એની તાલાવેલી ને જાળમાંથી નીકળવા પાંખોનો ફફડાટ જેણે જોયો છે એને જાલબદ્ધ ખંજનની અપૂર્વ ચપળતા અને સિતાસિત વર્ણોની છોળો ઊડાડતી પાંખોની સુંદરતાનો પૂરો ખ્યાલ આવશે. બે છેડે બુઠ્ઠી અણીવાળી મોઈના જેવો આકાર, શુક્લકૃષ્ણ દેહપ્રભા અને અવિરત ઊંચીનીચી થતી પૂછડી–આ ગુણોની સાથે દમયંતીની આંખોના આકૃતિ, વર્ણવિન્યાસ અને કટાક્ષપાત ગુણોનું સાદૃશ્ય સહેજે કલ્પી શકાય. આવા જ સાદૃશ્યને અનુલક્ષીને પ્રેમાનંદે 'જાળે પડેલાં' ખંજનની ઉત્પ્રેક્ષા–અતિશયોક્તિ કરી લાગે છે. શ્રી હર્ષના કાવ્યમાં 'જાળે પડેલાં' ખંજનનો ઉલ્લેખ નથી.

આ તો 'જાળે' પડેલાં ખંજનની વાત થઈ. 'ગાલે' પડેલાં ખંજનનું શું?

સંસ્કૃત સાહિત્યમાં નારીદેહનાં ભિન્નભિન્ન અંગોના લાવણ્યને વ્યક્ત કરતાં અનેકવિધ વર્ણનો છે. આમાં नेत्रे खञ्जनगञ्जने જેવાં કથનો દ્વારા ખજન સાથે નાયિકાની આંખોની સ્નિગ્ધનીરલક્તાસિત વર્ણોની કાન્તિ ને ચપળતાનો સુયોગ દર્શાવવામાં આવે છે. સાથેસાથે કાલાગુરુ અંકિત કામદેવના કેતનસ્થ મકરથી અલંકૃત 'ગાલ' (कपोले पत्रालिः)ની રૂપવત્તા પણ વર્ણવેલી હોય છે. પણ પ્રેમાનંદના કાવ્યમાં રંગ વડે આલેખેલાં ચિત્રોની વાત નથી. એમાં તો હાસ્યના યોગે ગાલ પર પડતાં 'ખંજન'નો પ્રસંગ છે. એટલે એનું મૂળ હસતી વખતે ગાલની સ્નિગ્ધ સપાટીમાં થતી કોઈક જાતની વિકૃતિ (?)માં શોધવાનું રહ્યું.

હસતી વખતે 'ગાલ પર પડતાં ખંજન'નો કોઈ ઉલ્લેખ સંસ્કૃત સાહિત્યમાં મારા વાંચવામાં આવ્યો નથી. મારું વાચન પરિમિત છે એ હું સ્વીકારું છું, છતાં 'ખંજન' પક્ષીનો મને પરિચય છે એટલે હાસ્યના કારણથી ગાલ પર પડતા ખંજનનું ચિત્ર હું કલ્પી શકતો નથી. એક વાત સાચી કે યુવાવસ્થામાં કોઈ કોઈ સ્ત્રીના—અને પ્રેમાનંદના પોતાના કથન અનુસાર ક્વચિત્ પુરુષના પણ–ભરાવદાર ગાલ ઉપર હસતી વખતે ઊંડો ખાડો (dimple) પડતો જોવામાં આવે છે. આ 'ખાડો' તો કવિકલ્પિત 'ગાલ પરનું ખંજન' નહિ હોય?

આનો ઉકેલ કોણ કરે?

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

जन्मना जायते शूद्रः।

જુલાઈ '૭૮ના 'કુમાર'માં શ્રી લક્ષ્મણ ચૈતન્ય બ્રહ્મચારીએ એવું વિધાન કર્યું છે કે આ શ્લોક કોઈ આધુનિક સુધારક ભાઇએ બનાવી કાઢયો છે અને એને મનુસ્મૃતિના નામે પ્રચારિત કર્યો છે. હકીકતમાં આ શ્લોક ઘણો જૂનો છે ને આપણા પ્રાચીન સંસ્કૃત શાસ્ત્રોમાં એની અનેક વાચનાઓ (પાઠભેદો) મળે છે.-સૌથી પહેલાં આ શ્લોકનો ઉલ્લેખ 'બુદ્ધચરિત્ર' કાવ્યના યશસ્વી કવિ અશ્વઘોષના 'વજ્રસૂચી' ગ્રંથમાં મળે છે. તે આ પ્રમાણે છે: (અશ્વઘોષ સમ્રાટ કનિષ્કના સમકાલીન હતા ને એમનો સમય પ્રથમ શતાબ્દી મનાય છે.)

जन्मना जायते शूद्रः
व्रतबंधाद् द्विज उच्यते।

वेदाभ्यासी भवेद् विप्रो
ब्रह्म जानाति ब्राह्मणः ॥

અહીં 'વ્રતબંધ' એટલે ઉપનયનસંસ્કાર—યજ્ઞોપવીત ધારવાનો કાલ અને વેદાભ્યાસ કરવાનો સંકલ્પ. 'બ્રહ્મ'નો અર્થ થાય છે વેદશાસ્ત્ર.

ત્યાર પછી વજ્રસૂચિકા ઉપનિષદ્‌ના શાંકરભાષ્યમાં પણ આ શ્લોક ઉપરની જ વાચના પ્રમાણે મળી આવે છે. 'સ્કંદપુરાણ'ના 'નાગર ખંડ'માં(અધ્યાય ૨૩૯, શ્લોક ૩૧) આ શ્લોકનો પાઠ આ પ્રમાણે છે :

जन्मना जायते शूद्रः
संस्काराद् द्विज उच्यते।
शापानुग्रह-सामर्थ्यम्
तथा क्रोध-प्रसन्नता ॥

'જન્મના જાયતે શૂદ્રઃ'ની વિચારણાને સમર્થન આપતો એક શ્લોક મનુસ્મૃતિમાં પ્રાપ્ત થાય છે. તેની વાચના આ પ્રમાણે છે :

नाभि व्याहारयेद् ब्रह्म
स्वधा निनयनाद् ऋते ।
शूद्रेण हि समस्तावद्
यावद् वेदे न जायते ॥

અર્થાત્ જ્યાં સુધી બાળકનો વેદાભ્યાસથી બીજો જન્મ ન થાય ત્યાં સુધી તે શૂદ્ર મનાય છે.

'વીરશૈવ-સદાચાર-સંગ્રહ'ના સાતમા પ્રકરણમાં શ્લોકની વાચના આ પ્રમાણે મળે છે :

जन्मना जायते शूद्रः
कर्मणा जायते द्विजः ।
वेदाभ्यासेन विप्रः स्यात्
ब्रह्मविद् ब्राह्मणो भवेत् ॥

શ્રી વેંકટેશ્વર પ્રેસ, મુંબાઈમાં મુદ્રિત 'બ્રાહ્મણોત્પત્તિ માર્તંડ' નામક ગ્રંથમાં પચાસમા પાના પર આ શ્લોકનો પાઠ આ પ્રમાણે છે :

जन्मना जायते शूद्रः
व्रत-बन्धाद् द्विजोत्तमः।
वेदाभ्यासी भवेद् विप्रो
ब्रह्मज्ञो ब्राह्मणो भवेत् ॥

આ ઉપરાંત 'પ્રાયશ્ચિત્તવિવેક' ગ્રંથમાં આ શ્લોકનો પાઠ આ પ્રમાણે છે :

जन्मना जायते शूद्रः
संस्कारैर्द्विज उच्यते।
विद्यया याति विप्रत्वं
त्रिभिः श्रोत्रिय-लक्षणम् ॥

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

આદ્ય શંકરાચાર્ય વૈષ્ણવ !

'કુમાર' સપ્ટે. '૭૮ના અંકમાં રુક્મિણી મંદિરના શિલાલેખની ચર્ચા કરતાં ગોસ્વામી મોહનપુરીએ આદ્ય શંકરાચાર્ય ને ચાર પીઠો વિષેની ઘણી જ નવીન માહિતી આપી છે! શંકરે સ્થાપેલ ચારે મઠ પીઠના આરાધ્ય દેવ વૈષ્ણવ છે તથા ખુદ શંકરાચાર્યની પરંપરા 'નારાયણ'માંથી છે તે હકીકત ઘણા મિત્રોના ધ્યાન બહાર જ રહી જાય છે. આજે શંકર અને તેમનો સાધુ-સમાજ કંઈક વિશેષ અતડા હોય એવી માન્યતા છે. શૈવ-વૈષ્ણવ દ્વેષ પણ છે. આવી સ્થિતિમાં મોહનપુરીની વાત વિચારવા જેવી છે—ખાસ કરીને શંકર અને શૈવ મતનો દ્વેષ કરતા વૈષ્ણવાચાર્યોએ અને વૈષ્ણવોએ.

શંકર અને શૈવ મત એના મૂળમાં ઘણા ઉદાર જણાય છે. વિષ્ણુ વિષેના 'શ્રીમદ્ અચ્યુતાષ્ટકમ્', 'નારાયણસ્તોત્ર', 'વિષ્ણુપાદાદિકેશાંતવર્ણનસ્તોત્ર', 'કૃષ્ણાષ્ટકમ્', 'શ્રી ગોવિંદાષ્ટકમ્' ને 'પાંડુરંગાષ્ટકમ્' જેવાં ઉત્તમ ભક્તિસ્તોત્રો આદ્ય શંકરાચાર્યજીએ રચેલાં છે. એટલે કે આદ્ય શંકરાચાર્યમાં વિષ્ણુ ને વૈષ્ણવ પ્રેમ છે. મૂળને નહિ સમજતા મુગ્ધ જનો, શૈવ 'વિષ્ણુ' શબ્દ ન ઉચ્ચારે ને વૈષ્ણવ 'શિવ' શબ્દ ન ઉચ્ચારે, એવી અંધ શ્રદ્ધાની પરાકાષ્ઠાએ પહોંચેલા છે! આવી પરિસ્થિતિમાં ઇતિહાસ કેટલો સફાઈ કરનારો બની રહે છે તે મોહનપુરીના પત્ર પરથી સમજાય છે. આ પરત્વે વિશેષ ચર્ચા આવકાર્ય બની રહેશે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

બાર જ્યોતિર્લિંગની આરતી

છેલ્લા થોડા સમયથી 'કુમાર' નિયમિત વાંચું છું. દ્વાદશ જ્યોતિર્લિંગની લેખમાળાના સંદર્ભમાં થોડા સમય પહેલાં એક જૂની નોંધપોથી મળી છે. જેમાં બાર જ્યોતિર્લિંગની એક આરતી છે જે અંતમાં અધૂરી છે, પરંતુ લોકોમાં બાર જ્યોતિર્લિંગ વિષે કેટલો ભાવ હતો તેનો ખ્યાલ તે પરથી આવશે. મૂળ સંસ્કૃત પરથી એમાં ગુજરાતી અનુવાદ સહેલી ભાષામાં થયો છે, જે 'કુમાર'ના વાચકોને રસપ્રદ થઈ પડશે. એ આરતી મૂળ ભાષા ને જોડણી પ્રમાણે અત્રે રજૂ કરું છું. આ ઉપરાંત એ નોંધપોથીમાં અન્ય કેટલીક વિગતો પણ છે જે આપણા પ્રાચીન મંત્રો, ધર્મ અને ચમત્કારની વિવિધ માહિતી આપે છે.

બાર જ્યોતિર્લિંગની આરતી

જય શીવ યુગ સામી જય સીવ યુગ સામી
હર હર માદેવ=જય
પરથમ સોરઠ સોમનાથ નીત દરશ દીજે
શેશાયે મુની સાર મણી વદુ જે.=જય.
ત્રીજા શીવ કેદાર ગોદમ ઘાટે,
ચોથા શીવ ઓમકાર રેવ તટ રાજે.=જય.
પંચમ પુરવ દીશા વૈજનાથ ઝાડ ખંડી
છઠ્ઠા શીવ નાગેશ્વર ધ્યાન ધર તતડી
જય સીવ યુગ સામી.
સપ્ત દીન દીયાલ વિશ્વેશ્વર કાસી
અષ્ટમ મહેકાલ ઉજણ ના વાસી=જય.
નવમા ભીમ શંકર ભગતી અચલ ભાવે,
દશમા શીવ રામેશ્વર સ્વે બદુ કહાવે.
=જય સીવ યુગ સામી.
ગુરમે ગુણકાર એકાદશ જ્યોતી—
... ...

(અમદાવાદ) —ભૂપેન્દ્ર એન. ધોળકિયા

ફારસી શબ્દોની જોડણી

'કુમાર'ના સપ્ટેમ્બર અંકમાં 'સાચો શે'ર પત્રોમાં પ્રમાણભૂતતાનો દાવો કરતા બે પાઠ મળ્યા. શ્રી યાસીને આપેલા શે'રમાં ગલત વર્ણદેશનાઓ (જોડણી) છે. 'ઉર્દૂ-હિન્દી શબ્દકોશ' (સંકલનકર્તા શ્રી મુહમ્મદ મુસ્તફા ખાં 'મદ્દાહ', પ્રકાશક : પ્રકાશન વિભાગ, ઉત્તર પ્રદેશ સરકારનું માહિતી ખાતું, ઈ. સ. ૧૯૫૯) પ્રમાણે 'નાખૂદા' અને 'તુફાં' શબ્દોની વર્ણદેશના (જોડણી) 'નાખુદા' અને 'તૂફાં' છે. શ્રી યાસીને આપેલા શે'રમાં વ્યાકરણભૂલ પણ છે. શે'રની પહેલી પંક્તિમાં કર્તા શબ્દ 'તૂ', 'ચલો' ક્રિયાના સંદર્ભમાં ખોટો છે. કર્તા 'તૂ' હોય તો ક્રિયાપદ 'ચલ' આવે. પણ 'ચલો', છન્દ મુજબ એક્યુરેટ છે જ. આથી કર્તા શબ્દ 'તુમ' જ જોઇએ. મૂળ રચયિતાનો પાઠ અત્યારે અમને ઉપલબ્ધ નથી, આથી આ ગલતીઓ મૂળમાં છે, કે પછી ઉદ્ધરણદાતા શ્રી યાસીનની છે, એ અંગે અમે અચોક્કસ છીએ.

શ્રી કુરૈશીએ આપેલો પાઠ વધુ સાચો જણાય છે. જો કે 'કિનારા'ની વર્તની (જોડણી) સંદિગ્ધ છે. 'કિનારા' ઉચ્ચરિત રૂપ છે. લિખિત રૂપ 'કનારા' (કનારઃ) છે. અંગ્રેજીની જેમ, ઉર્દૂમાં પણ ઘણા શબ્દો વર્તની અને ઉચ્ચારમાં નોખા પડતા હોય છે.

ગુજરાતી ગઝલ પરત્વે અમને ય યત્કિન્ચિત આસક્તિ હોવાથી કહેવાનું મન થાય છે કે માત્ર 'કુમાર'માં જ નહિ. અન્ય સામયિકોમાં આવતી ગઝલોમાં પણ પુષ્કળ તોડફોડ, છન્દની, હોય છે. છન્દશુદ્ધ ગઝલલેખકો પરંપરાગત ક્ષેત્રે તો ઓછા છે જ. આધુનિકોનાં તો એથી ય ઓછા હોવાનું અમારું વૈયક્તિક અવલોકન છે.

પત્રોમાં આવતાં નાગરી લિપિનાં અવતરણોને બેધડક સ્થાન દેતા તંત્રી અમારા આ પત્રમાં ફારસી લિપિમાં પ્રયોજાએલા શબ્દોને પણ સ્થાન આપશે તો અમે આશ્ચર્યચકિત થઈશું. તા. ક.—'કુરેશી'ની ખરી વર્તની પણ 'કુરૈશી' છે, એ પણ નોંધશો.

(ઉપલેટા) —શિલ્પિન થાનકી

[* અમારે ત્યાં ફારસી બીબાંની સગવડ ન હોઈ આપને અમે આશ્ચર્યચકિત કરી શકતા નથી તેની દિલગીરી છે.]

થોડાં સૂચનો

થોડા દિવસ પહેલાંના મારા પત્રમાં એક સૂચન એમ કર્યું હતું કે ગુજરાતી ભાષામાં એવાં કેટલાંય પુસ્તકો પ્રકટ થયાં છે (ભાષાંતર સહિત) જે વાંચવા-સમજવા માટે 'કુમાર' આંગળી ચીંધીને બતાવે, એની જરૂરિયાત બતાવી એનું અવલોકન કરે, જે વાચકને એ પુસ્તક વાંચવા પ્રેરે. આજના યુવાનો જે કાંઈ વાંચે છે એ મુખ્યત્વે અર્થહીન સાહિત્ય છે. જે વાંચવું જરૂરી, ઉપયોગી છે એવું સાહિત્ય અબોલ દશામાં-લાયબ્રેરીઓના ખૂણામાં પડયું રહે છે. એને પ્રકાશમાં લાવવા શો કેઈસમાં મૂકવાં જરૂરી છે. આ શો કેઈસ એ આપણા માટે 'કુમાર'નો સાહિત્ય-સંપર્ક વિભાગ છે.

'કળા એટલે શું?'—આ કોઈ પ્રશ્નનું મથાળું નથી. આ નામનું પુસ્તક વર્ષોથી મારી પાસે છે. જ્યારે લીધું હશે ત્યારે કળા વિષે વ્યાખ્યા જાણવા મળશે એવી ઇંતેજારીથી લીધું હશે. હમણાં ફરીથી એ પુસ્તક હાથ ચડયું. હમણાં વાંચતાં અનુભવ થયો કે લીધું ત્યારે, બનતાં સુધી, મારા વડે બરાબર વંચાયું જ ન હતું.

ખેર. 'કુમાર' વર્ષોથી કળા એટલે શું? એ સમજાવતું આવ્યું છે. પ્રસ્તુત પુસ્તકમાં ટૉલ્સ્ટૉયના વિચારો, એણે આપેલી વ્યાખ્યા ઉપરાંત એણે કળાનાં નીર ક્ષીર જુદાં કરી આપ્યાં છે એ મળે ઉતારવા જેવાં છે. અહીં આ પુસ્તકનો રસાસ્વાદ 'કુમાર' કરાવે એવી ઇચ્છા પ્રદર્શિત કરું છું. (વળી ૧૯૭૮નું વર્ષ ટૉલ્સ્ટૉયની ૧૫૦મી જન્મ જયંતીનું છે.) એમાં એટલું બધું ઊંડાણ છે કે એને થોડા શબ્દોમાં રજૂ કરવાનું મારું ગજું નથી. આ મહાનિબંધના ઘણા ફકરા અહીં ઉતારી લેવાનું મન થાય, પરંતુ એ ય વ્યર્થ ગણાશે. કળાનો સાચો અર્થ સમજનાર ઘણા ખ્યાતનામ લેખકો આપણે ત્યાં છે. દર્શક, સુંદરમ્ કે એવા કોઇને ઢંઢોળીને કહી શકાય કે નવી પેઢીને જૂનું (પણ શાશ્વત) સાહિત્ય વાંચતા શીખવો.

... ...

ગયા પત્રમાં બે સૂચન હતાં. એક તો આવું અપાર્થિવ સાહિત્યનું આચમન કરાવો અને બીજું તદ્દન પાર્થિવ એવું 'નવી પ્રજાને ઉદ્યમે વાળો'. બંને પ્રવૃત્તિ એકબીજીને પૂરક છે. દાખલા તરીકે ૧) સ્ક્રીન પ્રિન્ટિંગ; ૨) સૅનિટરી ટાઇલ્સ (ગ્લેઇઝ) ઉપર સેરામિક્સ કલરથી રંગકામ કે છાપકામ; ૩) ઍલ્યુમીનિયમનાં ઍનાડાઈઝડ પતરા ઉપર બા-રિલીફ જેવું ચિત્રકામ; ૪) ટેકસ્ટાઈલ ડિઝાઇનિંગ; ૫) ઝેરૉક્સ પ્રિન્ટિંગ (ચાલુ કામ સિવાયનું આર્ટવર્ક). આવા ઘણા ઘણા વ્યવસાય અપનાવીને મહિને રૂ. ૫૦૦) થી રૂ. ૨૦૦૦) જેટલું કમાઈ શકાય.

અગાઉ રબ્બર-સ્ટૅમ્પ બનાવવા માટેની સંપૂર્ણ માહિતી 'કુમાર'માં આવી ગઈ છે. એ જ રીતે બીજી પુષ્કળ માહિતી શરૂ કરી શકાય.

(મુલુંદ-વેસ્ટ-મુંબાઇ) —રમેશ બી. શાહ

સરોજ ત્રિવેદીની લઘુકથાઓ

વાદવિવાદમાં ઊતરવા-ઉતારવામાં મને રસ નથી. પરંતુ સપ્ટેમ્બર '૭૮ના અંકમાં મહેશ એમ. ત્રિવેદીએ સરોજ ત્રિવેદીની લઘુકથા અંગે શંકા વ્યક્ત કરી એટલે મારા સાંભળવામાં આવ્યું છે તે કહેવાની ઇચ્છા થઈ આવી.

સરોજ ત્રિવેદી અને એમના પતિ જનક ત્રિવેદી મારાથી નજીકના ગામમાં રહે છે. હું એમને જોકે કયારે ય મળ્યો નથી, પરંતુ એમના પરિચયમાં વારંવાર આવનાર મારા એક મિત્રના જણાવવા અનુસાર શ્રી જનક ત્રિવેદી જ એમનાં પત્ની (સરોજ ત્રિવેદી)ના નામે લખે છે. મારા મિત્રે તો એટલે સુધી જણાવ્યું છે કે, 'ફ્રાઈડ ગંજી'ને પુરસ્કાર રૂપે રૂ. ૨૦) મોકલનાર પણ શ્રી ત્રિવેદીના મિત્રવર્તુળમાંના એક છે.

ઉપર્યુક્ત હકીકત સાચી હોય તો આવો 'મોહ' એક સર્જકને માટે હિતકર કે શોભાસ્પદ નથી જ. શ્રી ત્રિવેદી આ અંગે સ્પષ્ટતા કરે એવી વિનંતી છે.

(જામજોધપુર) —પી. જી. કડીવાર

ઉત્તરમાં શ્રી જનક ત્રિવેદી લખે છે :

શ્રી મહેશ ત્રિવેદી મારા સગાં ફોઈના દીકરા ભાઈ, સાથે મારા મિત્ર થાય. અમે સાથે મોટા થયા છીએ. હું અમદાવાદ આવું છું ત્યારે એમને ત્યાં ઊતરું છું. તેઓ સારી રીતે જાણે છે કે મારી વાર્તાઓ 'કુમાર'માં તેમ જ અન્યત્ર 'સરોજ ત્રિવેદી'ના નામે છપાય છે. પછી એમને 'કુમાર'માં આવો પ્રશ્ન ઉઠાવવાની શી જરૂર પડી હશે એ હું સમજી શકયો નથી! આમ શ્રી મહેશ ત્રિવેદીને મારા નામ વિષે શંકા ઉઠાવવાનો અધિકાર નથી, બીજાને છે.

પુરસ્કાર બાબતની તપાસ આપ પુરસ્કાર આપનાર સજ્જનને જ પુછાવી કરી લેશો.

(પાનેલી મોટી) —જનક ત્રિવેદી

શોથ અને સ્વેલિંગ

સળંગ અંક ૬૫૬ના પાના ૨૮૫ પર શ્રી વૈદ્ય નવીનભાઈ ઓઝાના 'આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર ૯૧'ની નોંધમાં શ્રી નવીનભાઈ જણાવે છે: 'સોજાને આયુર્વેદમાં શોથ અને સાંપ્રત વૈદકમાં 'સ્વેલિંગ' કહે છે. આ એક રસવિકૃતિ જન્યરોગ છે.

આયુર્વેદમાં જેને શોથ કહે છે. તેને સાંપ્રત વૈદકમાં પણ 'શોથ' જ કહેવાય. 'સ્વેલિંગ' એ કોઇ સાંપ્રત વૈદકનું પ્રતિનિધિત્વ ધરાવતો શબ્દ નથી. અંગ્રેજી ભાષામાં એને 'સ્વેલિંગ' કહે છે તે સમજાય. બાકી સાંપ્રત વૈદક ગુજરાતનું એને સોજો કહેશે, સંસ્કૃતનું સાંપ્રત વૈદક એને શોથ જ કહેશે. કદાચ દુર્ભાગ્યે ફાવટ આવી ગઈ હોત અને આપણે ફ્રાંસ દેશના ગુલામ બન્યા હોત તો ફ્રેન્ચ ભાષાના શબ્દને આપણે સાંપ્રત કહેવા પ્રેરાત. આજે પણ રશિયા, ચીન કે અફઘાનિસ્તાનના સાંપ્રત વૈજ્ઞાનિકો 'શોથ'ને સ્વેલિંગ તરીકે ન પણ ઓળખતા હોય. એમની પાસે પોતપોતાની ભાષાના શબ્દો હોય. આપણે ત્યાં 'શોથ' શબ્દ પરાપૂર્વથી ચાલી આવેલો છે અને સાંપ્રત વૈદકમાં પણ શોથ તરીકે જ ઓળખાય છે. અંગ્રેજીની અસર નીચે આવીને આપણે કાંઈક ગેરસમજ કરતા હોઇએ એમ લાગે છે. ભલેને આપણી સમજ બહાર થતું હોય પણ આ 'એક રસવિકૃતિજન્ય રોગ' જ ગણાવો જોઇએ.

(અમદાવાદ) —ચીનુભાઈ બી. શાહ

એક ભૂલ

'કુમાર' હમેશાં જોઉં છું, બલ્કે અભ્યાસકાળથી જોતો આવ્યો છું. ખૂબ ગમે છે. તેની વાચનસામગ્રી ઉચ્ચ હોય છે એ તો સુવિદિત છે; ઉપરાંત ભારે મહેનત માગી લે તેવી વ્યવસ્થિત કમ્પોઝ-સિસ્ટમ માટે મને 'કુમાર' પ્રત્યે ખૂબ માન છે. ઓછામાં ઓછી જગ્યામાં વધુમાં વધુ મૅટર અને ચિત્રોનો સમાવેશ કરવામાં 'કુમારે' એક વિશેષતા હાંસલ કરી છે. ગુજરાત માટે આ ગૌરવની વાત નથી?

અંક ૬૪૦ના ૧૧૦મે પાને શ્રી જગજીવનદાસ દયાળજી મોદીનાં જીવનસોપાનમાં લખ્યું છે કે જગજીવનદાસે ટ્રેઇનિંગ સ્કૂલ શાળામાંથી ઈ. ૧૮૯૦માં મધ્યમ પદની અને ૧૮૦૬માં ઉત્તમ પદની પરીક્ષાઓ સારા ગુણથી પસાર કરી. એમાં ૧૮૦૬ને બદલે ૧૮૯૬ જોઇએ.

(માણાવદર) —રમણીકભાઈ વી. દેકીવાડિયા

સાચું નામ

ઑગસ્ટ '૭૮ના 'કુમાર' (અંક ૬૫૬)માં ૨૮૪ પાના પર મારી સાહસકથા પ્રકટ થઈ છે. તેમાં મારું નામ અરુણ એસ. ત્રિવેદી છપાયું છે, ત્યાં એસ. ને બદલે એલ. હોવું જોઇએ.

(અમદાવાદ) —અરુણ એલ. ત્રિવેદી

જિજ્ઞાસા-સંતોષ

યુગોથી વિખૂટા પડેલા આત્માના મિલન જેટલો આનંદ પ્રથમ 'કુમાર'ના વાચન વખતે થયો. 'કુમાર' વાંચતાં થાકતો નથી. ઘણા અંકો વાંચ્યા, એકેએક શબ્દ સાહિત્યરસિક અને જ્ઞાનપિપાસુને માટે ઉત્તમ અને જિજ્ઞાસા સંતોષતો નીવડે છે.

જીવનનાં વર્ષો અને તેના સંજોગોના થરો વચ્ચે અટવાએલો હોવાથી સાહિત્ય-કલા-જિજ્ઞાસુ હોવા છતાં 'કુમાર'ના વાચનથી આટલાં વર્ષો વંચિત રહ્યો, પણ હવે એ સમય દૂર નથી

કે ત્યારે 'કુમાર'ના જન્મથી અત્યાર સુધીના એકેએક શબ્દને હું 'પી' ગયો હોઈશ.

'કુમાર' દરેક પ્રકારના જ્ઞાનની સીમાઓ વિસ્તૃત કરે છે. તેના 'વાચકો લખે છે', 'કાવ્યો', 'વાર્તાઓ', 'લઘુકથા', 'વિનોદની નજરે', 'કલાવાર્તા', 'મારી માન્યતા', 'સાહિત્ય સંપર્ક' અને 'માધુકરી' વિભાગો એકએકથી ચડિયાતા ને મનગમતા વિભાગો છે.

'કુમાર'ના જૂના અંકો મેળવવા તલસું છું. તેમાં આપ સહાયરૂપ બનશો ને?*
[* છોટાલાલ માનસિંગ કામદાર, વાંકાનેર—એ સરનામે લખો]
(વેરાવળ) —પ્રવીણ ટી. ચોરવાડા

'કુમાર'ની તરક્કી માટે

છાપવામાં રહેતી ભૂલોનાં આપે જણાવેલાં કારણો કલ્પના મુજબનાં જ નીકળ્યાં. જે પરિશ્રમ આપ કરો છો એની જોડ નથી જ નથી, છતાં ધાર્યું પરિણામ આવી શકાતું નથી. ખેર! જે કાંઈ બને છે એ ક્યારેક અટકાવવું પડશે જ. દરેક વાચક એકસરખી મમતા દૃષ્ટિથી 'કુમાર'ને ગણશે નહિ. પાને પાને લખાણોમાં જે સમૃદ્ધિ વેરાએલી છે એ છપાઈ વગેરે ક્લેવરને કારણે ઝટ નજરે ચડે નહિ. રતનને ચીંથરે વીંટવા જેવો ઘાટ બન્યો. આપે છેલ્લે જણાવેલ રસ્તો—'વધારે કાળજી રાખવા સિવાય બીજો ઉપાય નથી.'—એ પૂર્ણ નથી. એ ઉપરાંત બીજું શું થઈ શકે એ જણાવી શકો તો મને પણ કાંઈક વિચારવા અવકાશ મળે. અલબત્ત, હું શું કરી શકું એ હું પણ જાણતો નથી. પરંતુ વડીલો પ્રત્યે બાળકોની જેટલી ફરજ હોય એટલી ફરજ 'કુમાર' પ્રત્યે મારે બજાવવાની છે. આપની હયાતીમાં જ 'કુમાર' સંતોષભરી મજલ આગળ ધપાવ્યે જાય એ ભાવનાથી આપની પાસે કોઈ યોજના માગું છું, જેથી 'કુમાર' એનું શિક્ષણકાર્ય ગુજરાતભરમાં કરતું રહે.

સ્વ. શ્રી ર. મ. રા. પાસેથી આપે જે ઉત્સાહથી 'કુમાર'ની જવાબદારી ઉપાડી ને આગળ વધતા રહ્યા એ પ્રમાણે આજે કોઈ એક વ્યક્તિ આ ભાર વહન કરી શકે એ શક્ય નથી કારણ કે એ દિવસો અને આજના દિવસો સાવ જુદા જ છે. એટલે આ કાર્ય ધપાવવા એક નાનકડો સમૂહ જોઈએ.

નાણાંકીય સાબૂતી માટે શું કરી શકાય એ પણ જણાવશો. (કુમાર કાર્યાલયનો શેરહોલ્ડર નથી. એટલે એવી શક્યતા હોય તો શેર માટેનાં ફૉર્મ મોકલશો તો પરોક્ષરીતે હું પણ આવા સત્કાર્યમાં ભાગીદાર થઈ જાઉં.) આજીવન ગ્રાહક યોજનાના કેટલા ગ્રાહકો બન્યા, આગળ શું સ્કોપ છે એ પણ જણાવશો. આ યોજનાથી કાર્યાલયને શું લાભાલાભ છે એ પણ જાણવા ઇચ્છા છે. અખંડ આનંદ જેવા માસિકે સ્થાયીગ્રાહક યોજના બનાવી છે એ કેમ છે?

'કુમાર' સદાય અક્ષય રહે એવી ભાવનાથી આ બધી પૃચ્છા કરી છે. અગાઉ પણ આવી જાણકારી પછી ચિંતિત થયો છું. મનમાં કાંઈ યોજના કે ઉકેલ નથી. છતાં આશા ને હિંમત છે કે 'કુમાર' દુનિયાને બધું જ આપે છે તો દુનિયા પણ એને માટે બધું જ કરી છૂટશે.

આર્થિક ભંડોળ કેમ કરી વધી શકે એ ખાસ જણાવશો આ માટે 'જાણીતા ગુજરાતીઓ' પાસે ટહેલ નાખીશું. ઉપરના લખાણને યોગ્ય દેહ આપી પ્રગટ કરશો તો હું ઘણાં બધાં સાધનો ઊભાં કરી જુદાજુદા રસ્તે શ્રીને સરસ્વતી ભણી વાળીશ.
(મુલુંદ વેસ્ટ-મુંબાઇ) —રમેશ બી. શાહ
[*પત્રલેખકને અમે સીધો ઉત્તર લખ્યો છે, જેનો સાર એ છે કે હાલના સંજોગોમાં 'કુમાર'ની ગ્રાહકસંખ્યા તથા જાહેરખબરો સારા પ્રમાણમાં વધે તો રાહત થાય.]

ધર્મ નહિ સંસ્થા

૬૫૦મા અંકમાં આપેલા 'વિવિધ ધર્મોનાં પ્રતીકો' શીર્ષક આપવામાં કંઈક ભૂલ થતી લાગે છે. ફ્રી મેસન અને થીઑસૉફિકલ સોસાએટી એ કોઈ અલગ ધર્મ કે સંપ્રદાય નથી, પરંતુ તે સંસ્થાઓ છે. પોતાની આધ્યાત્મિક પ્રગતિ માટે, મૂળ ધર્મ ચાલુ રાખી તે સંસ્થાના નિયમો મુજબ તેના સભ્યો થઈ શકાય છે. આવી એક કંઈક જૂની અને આ તરફ ઓછી જાણીતી સંસ્થા રોઝીક્રુશિયન છે—Ancient Mystical Order Rosae Crucian (Amorc).
(વલ્લભ વિદ્યાનગર) —એ. કે. દેસાઈ

સરકારે નહિ, વ્યા. પ્ર. મંડળે

૬૫૬મા અંકમાં પૃષ્ઠ ૨૮૪ પર અરુણ એલ. ત્રિવેદી લિખિત 'સાહસકથા' લેખમાં છેલ્લા ફકરામાં 'ગુજરાત સરકારે શ્રેષ્ઠ સાહસવીર તરીકે બિરદાવીને એ સાહસ બદલ ચંદ્રક પણ આપ્યો', એવો ઉલ્લેખ કર્યો છે તે હકીકતદોષ છે. ગુજરાત સરકારે નહિ, પણ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળે હરિઃૐ આશ્રમ પ્રેરિત 'પુરાણીજી પારિતોષિક યોજના' નીચે 'સાહસવીર' તરીકે બિરદાવી ચંદ્રક, પારિતોષિક તથા પ્રમાણપત્ર અર્પણ કર્યાં હતાં. આ સાહસ ઘટના તા. ૩-૭-૧૯૬૫ના રોજ બની અને ગુ. વ્યા. પ્રચારક મંડળે તા. ૩૦-૩-૧૯૬૬ના રોજ અમદાવાદ મુકામે ભાઈશ્રી શશીકાન્તનું બહુમાન અન્ય સાહસવીરોની સાથે કર્યું હતું.
(રાજપીપળા) —ચિનુભાઈ પુ. શાહ (મંત્રી)

શતરંજ ટૂર્નામેન્ટ


૬૫૬મા અંકમાં શતરંજની ૧૬મી રાષ્ટ્રીય 'બ' ટૂર્નામેન્ટનો સંક્ષિપ્ત અહેવાલ આપવા બદલ અભિનંદન. ટૂર્નામેન્ટમાં પ્રથમ ચૌદનાં નામ અને તેનાં રાજ્ય જોતાં જણાયું કે ગુજરાતનો કોઈ ખેલાડી તેમાં સામેલ નથી. આથી 'રાષ્ટ્રીય 'અ' ટૂર્નામેન્ટમાં કોઈ ગુજરાતનું પ્રતિનિધિ નહિ હોય. રમત-જગતમાં ગુજરાતની કરુણતા પ્રકટ થાય છે. ગૌરાંગ મહેતાએ ગુજરાતની શાન વધારવા પ્રયાસ કર્યો પણ કમનસીબે આગળનું સ્થાન મેળવી શક્યા નહિ.

દરેક રમતની રાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાત મોખરે રહે, સારો દેખાવ કરે તે માટે વિશિષ્ટ પ્રયત્નો થવા જોઈએ.
(રાજકોટ) —રવજીભાઈ ડોબરિયા


એક સૂચન

મનોહર કાવ્યો, બોધકથા, આતુરતામય વાર્તા, ટચુકડા પણ જીવનના માર્મિક અનુભવ, વૈજ્ઞાનિક લેખ, કલાવાર્તા, વિશેષ વ્યક્તિની રસપ્રદ મુલાકાત, પચ્ચીસ વર્ષ પહેલાંનાં સુખદ સંસ્મરણો, માધુકરી, ખગોળશાસ્ત્રનો રસપ્રદ લેખ, પ્રત્યેક માસનું ઐતિહાસિક સંશોધન, આશ્ચર્યજનક ગણિતના દાખલાઓ, લેખકોનાં જીવનને અદ્ભુત શૈલીમાં ગૂંથતી, પ્રત્યેક હપ્તે ઇંતજાર કરાવતી વિનોદભાઈની રસળતી કલમ અને ચશકલગી સમાન વાચકો લખે છે વિભાગમાં વ્યક્ત થતો વાચકોનો કોઈ પણ પ્રકારનો અભિપ્રાય—આવા વિવિધ પ્રકારના લેખોનો સમન્વય એટલે 'કુમાર'. નાનકડા કુમારમાં કેટકેટલા વિષયો! જાણે કે ગાગરમાં સાગર! ખરેખર આ માટે હું આપનો અત્યંત આભારી છું. હમણાં જ ગ્રાહક થયો છું ત્યારે થોડો રંજ પણ અનુભવી રહ્યો છું કે ખરેખર ઘણો જ મોડો પડયો છું. 'કુમાર'ની શ્રેષ્ઠ કક્ષાએ સફળતા ઇચ્છું ત્યારે એકાદ સૂચન જણાવવાનું પણ જરૂરી સમજું છું.

અક્ષરો સહેજ મોટા હોય તો આબાલવૃદ્ધ માટે વાંચવાનું સુગમ થઈ પડે. આમ થાય તો થોડાં પાનાં વધે અને પરિણામે લવાજમ વધે તે પણ સમજું છું પરંતુ મને વિશ્વાસ છે કે 'કુમાર' એક શ્રેષ્ઠ મૅગૅઝીન છે ત્યારે સૌ કોઈ આ બાબતને ઉમળકાભેર આવકારશે જ.
(જોરાવરનગર) —લલિત એ. શેઠ
[આ વિષય અગાઉ ઘણી વાર ચર્ચાઇ ગયો છે. ઉપરાંત બીબાં મોટાં કરવાથી કાં તો વાચન ઓછું આપવું પડે અથવા પાનાંની સાથે લવાજમ વધારવું પડે, જે શક્ય નથી. રૂ. ૨૧માંથી ૨૪ લવાજમ કર્યું ત્યારે ૬૦૦ ગ્રાહકો ઘટી ગયા હતા, જેને પરિણામે હજી ખોટ ભોગવવી પડે છે]



બાઉલ ભજનિકો (ચિત્રકાર - બિહારીલાલ બારભૈયા) : બાઉલ એ બંગાળના નવદ્વીપ (નદિયા) પરગણામાંથી પ્રસરેલો એક રહસ્યવાદી ભક્તિસંપ્રદાય છે. ઐહિક કે પારલૌકિક લાભાલાભની અપેક્ષા વિના 'મનેર માનુષ'–હૃદયસ્થ માનવની ખોજ એ એનું લક્ષ્ય. મૌખિક પરંપરાથી ઊતરી આવેલાં અને એક લાક્ષણિક દેશ્ય ઢાળમાં ગવાતાં ગીતો, ને એકતારા જેવા 'ગોપીજંત્ર' તથા ચીપિયા-મંજિરાં જેવાં સાદાં વાદ્યોનો સાથ એ એમની ખોજનાં સાધનો. જાતિભેદ, વિધિનિષેધ કે રૂઢિનિયમોથી અલિપ્ત સદાય ગાતા ફરતા એ મસ્ત કલંદરોને અહીં આલેખ્યા છે.



દિવસની ચાંદનીમાં (ફોટો : અશ્વિન મહેતા): 'કુમાર'ના સુપરિચિત આ ફોટો-કલાકારે તાજેતરમાં મુંબાઈમાં 'વૃક્ષોના સંગાથમાં' (લિવિંગ વિથ ટ્રીઝ) નામનું પોતાનાં ફોટોચિત્રોનું એક પ્રદર્શન યોજ્યું હતું. આવું એમનાં ચિત્રોનું આ આઠમું પ્રદર્શન હતું. ચિત્રવિષયમાં વૃક્ષોને જ કેન્દ્રમાં રાખીને એમણે આ પ્રદર્શનમાં કરાવેલા સૌંદર્યદર્શનની આ તો માત્ર એક વાનગી જ છે, પણ કુદરતની આ અણમોલ ભેટનો નાશ કરતાં પહેલાં આપણને એ વિચારતા કરી દે એટલી ક્ષમતા એ ચિત્રોમાં છે. સાથોસાથ એમની કલાદૃષ્ટિ અને ફોટોકૌશલની પણ એ પ્રતીતિ કરાવે છે.

નામ નમણું / ભગવતીકુમાર શર્મા

· શિખરિણી-સૉનેટ ·

તમે ઉચ્ચાર્યું જ્યાં મધુર સ્વરમાં નામ નમણું
તમારું ધીમેથી — તરબતર શો ફેન પીમળે!—
રજોટાયો જાણે ભ્રમરપદની સૌરભ-રજે!
વહી આવ્યો ભીનો મૃદુલ ટહુકો કોયલ તણો
વળોટી લાંબો આ પથ વિજન ગ્રીષ્મતાપભર્યો;
હવે મારા કંપ્યા કર મહીં નહિ ફેન જડ આ,
પરન્તુ ડાળી કો મધુરવમઢી આમ્રતરુની!

ભુલાઈ સંવિત્તિ સ્થળ–સમય–પૃથ્વી–ગગનની,
પ્રભાતી તેજોની, રજની–ઉરના ક્લાન્ત તમની,
ધ્વનિ, સ્પર્શો, વાયુ, શ્વસન, દગની દર્શન-લીલા,
અભાવો, પ્રાપ્તિઓ, સુખ-દુઃખ, સ્મિતાશ્રુ સ્મૃતિ-ગતિ;
અનુભૂતિ કેરું સકળ અવ વિશ્વ સ્થગિત શું!

ક્ષણાર્ધે મૂર્ચ્છા આ વળી, સમયની પાંપણ ખૂલે,
સ્ફુરે લોહી કેરા લયથી ફરી એ નામ નમણું.

બીક છે / 'રાઝ' નવસારવી

· ગઝલ ·

ચિંતા કદી સવારની, સંધ્યાની બીક છે,
આ જિંદગીને સર્વ અવસ્થાની બીક છે.

સંયમનો દ્રોહ થાય અમારાથી, શક્ય છે,
કંઈ વર્ષથી દબાએલી તૃષ્ણાની બીક છે.

દુઃખનું તો દુઃખ નથી કે એ કોઠે પડી ગયું,
દિલને કોઈના દંભી દિલાસાની બીક છે.

અમને તમારો પ્રેમ અનુકૂળ નહિ રહે,
અમને તો આ જીવનના અજંપાની બીક છે.

અલ્લાહ તો હિસાબ ક્યામતમાં માગશે,
અહીં તો સતત આનંદની દુનિયાની બીક છે.

થઈને ઉકેલ જીવ્યા અમે આખી જિંદગી,
અમને ક્યાં 'રાઝ' કોઈ સમસ્યાની બીક છે?

▪ નામ નમણું : આધુનિક યંત્રસામગ્રીનો ભાવસ્પંદન માટે ઉદ્દીપક તરીકે ઉપયોગ કરતા આ સૉનેટમાં પ્રિય પાત્રના નામનો શ્રવણમહિમા શો છે તે કાવ્યનાયકની બહુધા ચાલતી ભાવમૂર્ચ્છામાં પ્રકટ થઈ રહે છે. બીજી કડીમાં એ સ્થગિતતાની અનુભૂતિ વિવિધ વિરોધી પદયુગ્મોના ઉલ્લેખસાતત્યથી સુપેરે અભિવ્યક્ત થઈ છે. અંતે 'સમયની પાંપણ' અને 'લોહી કેરા લય'ના નૂતન અલંકરણથી અભિવ્યક્તિની તીવ્રતા અને તાજપ અનુભવી શકાશે.
▪ બીક છે : કાવ્યનાયકને શી શી બીક છે તે વિવિધ શેઅરમાં સુસ્પષ્ટ અને સચોટ રીતે રજૂ કરાઈ છે. બીજા શેઅરમાં તૃષ્ણાની તીવ્રતા સંયમના દ્રોહની શક્યતાની બીકથી કેવી તીવ્રતર અભિવ્યક્તિ સાધી રહે છે! તો વળી ત્રીજા શેઅરમાં આ જગતના લોકોના દાંભિક દિલાસાઓને વેદનામય કટાક્ષથી ખુલ્લા પાડવામાં આવ્યા છે, તો પછીના શેઅરમાં વિરહજન્ય અજંપાની બીક રજૂ થએલી છે. પાંચમા શેઅરમાં ક્યામતમાં ખુદાના હિસાબની ભાવી બીકને પડછે વર્તમાનમાં માનવજાતની નિંદકવૃત્તિની બીક વધુ તીવ્રતાથી ઉઠાવ પામી રહે છે. અને છેલ્લે જીવનની સરળતા પણ એટલી જ તીવ્રતાથી અને છતાં ય સરળતાથી રજૂ થઈ છે કે જે જિંદગી જ ખુદ ઉકેલ જેવી હોય તેને કોઈ સમસ્યાની બીક કેવી?!

—ધી. પ.

મઝા આવી ગઈ!

બહાદુરશાહ પંડિત

બહારગામની એક કૉલેજમાં હતો ત્યારે મારી સાથે કામ કરતા એક અધ્યાપક મિત્રને 'મઝા આવી ગઇ' એમ બોલવાની આદત પડી હતી. એ વાક્ય એમના માટે 'તકિયા કલામ' બની ગયું હતું. રિસેસમાં સાથે નાસ્તો કરીએ કે પર્યટનમાં જઇએ, વિદ્યાર્થીઓની વક્તૃત્વસ્પર્ધા પૂરી થાય કે રસોત્સવની સમાપ્તિ હોય, દરેક પ્રસંગે એમનું અંતિમ વાક્ય આ જ હોય: 'મઝા આવી ગઇ.'

એક વાર કૉલેજમાં હડતાળ પડી. આ મિત્ર વિદ્યાર્થીઓને સમજાવવા ગયા. કંઈક ગેરસમજૂતીના કારણે પથ્થરમારો થયો ને એ ઘવાયા. તાત્કાલિક એમને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. સારવાર થયા બાદ ભાનમાં આવતાં એ તરત બોલી ઊઠયા : 'મઝા આવી ગઈ!'

આ મિત્રથી તો આદતના જોરે આમ બોલાઈ જતું હતું, પરંતુ આદત સ્વભાવ બને અને જીવનની દરેક ખાટીમીઠી ક્ષણે 'મઝા આવી ગઇ'નું વલણ રાખી શકાય તો કેવું સારું?

આવું વલણ રાખનારા માણસો મળવા અશક્ય નથી. જીવનના કડવામાં કડવા અનુભવને પણ ઊજળી બાજુ હોઈ શકે. એ ઊજળી બાજુ જે જોઈ શકે એના માટે કોઈ પણ ક્ષણે પ્રસન્ન રહેવું અઘરું નથી હોતું.

રેલવે-અકસ્માતમાં એક માણસનો પગ કપાઈ ગયો. હૉસ્પિટલમાં એના મિત્રો એને જોવા ગયા. મિત્રોએ દિલગીરી દર્શાવી એટલે પેલા ભાઇએ કહ્યું : 'ચાલતાં જરા તકલીફ થશે, પણ હવે એક બૂટના પૈસા નહિ ખર્ચવા પડે એ લાભ ના થયો?!'

આફતને આપણે આમંત્રણ ના આપવું, પણ આવી પડેલી આફતને મહેફિલમાં પલટી નાખવી એ જીવન જીવવાની કળા છે. 'પગલે પગલે પાવક જાગે ત્યાં ઝરશું નેનની ઝારી' એ ઉચ્ચાશય ધ્યાનમાં રાખી આપણે 'ગીત ગાતા ચલ' ફિલ્મના નાયકની જેમ—

ગીત ગાતા ચલ રે સાથી ગુનગુનાતા ચલ,
હંસતે હંસતે બીતે તેરી હર ઘડી હર પલ.

સ્વ. વિશ્વનાથ મ. ભટ્ટે લખેલા કવિશ્રી નર્મદાશંકરના જીવનચરિત્ર 'વીર નર્મદ'માં કવિના જીવનના તિતિક્ષાકાળનો એક પ્રસંગ વર્ણવાયો છે. એક સમયે કવિને ખૂબ દેવું થઈ ગયું હતું. એક દિવસ એવો આવ્યો કે ઘરમાં એક પાવલી સિવાય અનાજનો દાણો સરખો નહિ. કવિ અગિયારેક વાગ્યે લખાણકામથી પરવારી નીચે નાહવા આવ્યા. કુટુંબ બધું સૂરત હતું એટલે રસોઇનો બધો ભાર નર્મદાશંકરના માથે હતો. પણ રસોડામાં જઇને જુએ છે તો બધું ઠંડુંગાર છે. ચકિત થઈ ને કવિ કારકૂનને પૂછે છે; 'નરભેરામ, આજે આમ કેમ?' એટલે કારકુન સઘળી હકીકત સજળ નેત્રે સમજાવે છે. કવિ લગીરે ક્ષોભ પામ્યા વિના શાંતિથી કહે છે: 'ઓહો, એમ છે? તો એમાં આટલો બધો ગભરાય છે શું? એ પણ એક રંગ છે! ઠીક ચાલો, એ પાવલી છે તેમાંથી જે થાય તે કરો.' ને કવિએ એ દિવસે દૂધપૌંઆ ખાઇને ચલાવી લીધું—દુ:ખી થઇને કે રોદણાં રડીને નહિ પણ આનંદથી, ઉલ્લાસથી.

મનને સદા પ્રસન્ન રાખવા માટેનો એક માર્ગ છે જીવન પ્રત્યે જોવાની વિધાયક દૃષ્ટિ. દરેક બનાવની સારી બાજુ–આપણને ઉપકારક હોય એવી બાજુ જોવાથી મન હમેશાં પ્રસન્ન રહે છે. મહાદેવના એક મંદિરમાં એક ગુરુ અને એમનો ચેલો રહેતા હતા. એક વાર ગામના કોઈ દાનેશ્વરીએ મંદિરને ચાર ગાયો ભેટ આપી. ગાયો મંદિરના દરવાજે આવી એટલે ચેલાએ એના મહંત ગુરુને કહ્યું : 'મહારાજ, આ ચાર ગાયો આવી છે.'

'અચ્છા હુઆ બેટા, પીનેકો દૂધ મિલેગા.' મહંતે જવાબ આપ્યો. એ વાતને એકાદ માસ થયો હશે ત્યાં ગાયોના ધણ પર ધાડ પડી ને મંદિરની ચારે ગાયોને બહારવટિયા લઈ ગયા. આ સમાચાર મળતાં ચેલાએ મહંતને કહ્યું : 'મહારાજ, ગાયો તો ચાલી ગઈ.'

'અચ્છા હુઆ બેટા, અબ ગોબર નહિ ઉઠાના પડેગા.' આમ 'ગાયો આવી તો દૂધ પીવા મળશે. ગઈ તો છાણ ઉપાડવાની માથાકૂટ ગઈ' એમ બંને પરિસ્થિતિમાં લાભ શોધનાર માણસ હમેશાં પ્રસન્ન રહી શકે છે.

પત્ની માણેકબેન ને પુત્ર શામળશાનાં અવસાન થયાં ત્યારે નરસિંહ મહેતાએ ગાયું હતું :

ભલું થયું ભાંગી જંજાળ
સુખે ભજીશું શ્રી ગોપાળ.

આપણે નરસિંહ મહેતાની હદે વૈરાગ્યવૃત્તિ ના લાવી શકીએ, તોપણ ઇશ્વર પરની શ્રદ્ધામાંથી ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થઈ શકે છે. ઇશ્વર જે કરે છે તે આપણા સારા માટે કરે છે, એના રાજમાં દેર છે પણ અંધેર નથી એવી આપણામાં શ્રદ્ધા હોય તો જીવનની ગમે તેવી આપત્તિની ક્ષણે પણ આપણે પ્રસન્ન રહી શકીએ.

પણ આપત્તિને સંપત્તિ ગણવાની આવડત એટલે નફટાઈ નહિ. 'પૂંઠે બાવળ ઊગ્યો એટલે નાગોડ કહે મારે છાંયડો થયો' એ કહેવતમાં વ્યક્ત થતી નફટાઈ એટલે મનની પ્રસન્નતા નહિ. મનની પ્રસન્નતા ઊંડી, સ્વસ્થ આધ્યાત્મિક દૃષ્ટિમાંથી પ્રકટતી હોય છે. ગીતાના બીજા અધ્યાયમાં વર્ણવેલા સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો પ્રાપ્ત કરવાનો જેણે આરંભ કર્યો હોય તે આત્માની પ્રસન્નતા એ કેવી અલૌકીક ચીજ છે એની ઝાંખી કરી શકે છે.

આપણે બધા કદાચ સચ્ચિદાનંદની આ બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરી ના શકીએ તોપણ આફતમાંથી આપણું હિત શોધી જંગલને મંગલ બનાવતાં તો આપણે શીખી શકીએ.

ડેલ કાર્નેગીએ એમના એક પુસ્તકમાં આનું સરસ ઉદાહરણ આપ્યું છે. એક ખેડૂતના દરિયાકાંઠા પરના ખેતરમાં નર્યા પથ્થરો જ હતા, એટલું જ નહિ પણ એમાંથી પાર વગરના સાપ નીકળતા હતા. જે ખેતરમાં ખેતી ના થઈ શકે અને ઉપરથી સાપ નીકળે એનો ઉપયોગ શો? પણ ખેડૂત નિરાશ ના થયો. એણે સાપને ઉછેરવાની પદ્ધતિસર વ્યવસ્થા કરી ને એના ઝેરનો વેપાર શરૂ કર્યો! જે સાપ કુદરતી રીતે મરી જાય એના ચામડામાંથી કમરપટ્ટા ને પાકીટો બનાવવાનું કારખાનું શરૂ કર્યું. આમ ખેડૂતે જીવનમાં મળેલી કડવાશને મીઠાશમાં ફેરવી નાખી.

આગને પણ બાગમાં ફેરવી નાખવાનો કીમિયો જેને આવડતો હોય એ શંકરની જેમ સ્મશાનમાં વસી અને હસી શકે છે. જીવનમાં દાંત ખાટા કરી નાખે એવા પ્રસંગો તો આવવાના; પણ ખાટા લીંબુના પાણીમાં થોડી ખાંડ કે સાકર નાખી જેમ મધુર શરબત બનાવી શકાય છે એમ જીવનના જામમાં પણ પ્રસન્નતાની સાકર નાખી મધુર શરબત બનાવી શકાય છે.

જીવનનાં કેટલાંક દુ:ખો તો આપણને કચડી નાખે એવાં હોય છે. એ દુ:ખને ભૂલવાનો આપણને જાણે કોઈ માર્ગ જ જડતો નથી. આવા ભીષણ દુ:ખને ભૂલીને આનંદ મેળવવા માટે આપણે થોડી કિંમત ચૂકવવી પડે છે. આવી પ્રસન્નતા મફત કે સસ્તા ભાવે મળતી નથી. સ્વામી રામતીર્થે એના માટે એક અનોખો માર્ગ બતાવ્યો છે. સ્વામીજી અમેરિકા હતા ત્યાંર એક દુ:ખી અમેરિકન બાઇએ એમની પાસે આવી કહ્યું : 'સ્વામીજી, મારો એકનો એક પુત્ર મૃત્યુ પામ્યો છે. હું બહુ દુ:ખી છું. મને જરા પણ શાંતિ કે આનંદ નથી. આપ મને શાંતિ અને આનંદ મળે એવો માર્ગ બતાવશો?'

સ્વામીજીએ કહ્યું : 'બહેન, રામ આનંદ વેચે છે ખરો, પણ તમારે એની કિંમત ચૂકવવ પડશે. મફત આનંદ ના મળે.' બાઈ કહે : 'આપ કહો એટલા પૈસા આપવા હું તૈયાર છું.'

(અનુસંધાન પૃષ્ઠ ૪૩૦)

ટીપુ સુલતાન

લેખક · **અશોક હર્ષ**

હિંદુસ્તાનમાં ફેલાતા જતા અંગ્રેજી શાસનનો કટ્ટર વિરોધી, બુલંદ મહત્ત્વાકાંક્ષા અને વિશાળ દૃષ્ટિભર્યા સંસ્કાર ને શક્તિથી સંપન્ન, જ્ઞાન-વિજ્ઞાનનો વ્યાસંગી, નેક-દિલ, જાગ્રત અને પ્રજાવત્સલ શાસક: 'મ્હેસુરનો વાઘ'



'હિન્દુસ્તાનનો એકેએક ભાગ બીજા ભાગની આંખો ખેંચી કાઢવાની કોશિશમાં જ રહેશે? પાડોશી પાડોશીની સાથે ને ભાઈ ભાઈની સાથે લડતા જ રહેશે ? જો એવું જ બનતું રહ્યું તો તે પરદેશી વિજેતાના હાથનાં રમકડાં બન્યા સિવાય બીજું કશું જ નહિ હોય.'

આ શબ્દો ભારતીય ઇતિહાસના એ કાળે ઉચ્ચારાએલા છે જ્યારે આ ઉપખંડના નાનામોટા રાજવીઓ દેશના કે રાષ્ટ્રીય સ્વાતંત્ર્યના પર્યાયમાં વિચારવાને બદલે માત્ર પોતાના સંકુચિત સ્વાર્થ પાછળ જ રચ્યાપચ્યા રહેતા. ભારતીય ઇતિહાસનો સુવર્ણકાળ વીતી ગયા પછી આ દેશ પર જે વિદેશી આક્રમણો થતાં રહ્યાં તેમની સફળતાનું આ જ પ્રધાન કારણ રહેલું. આ અવદશાનો સૌથી વધુ લાભ કોઈ વિદેશીઓએ ઉઠાવ્યો હોય તો તે અંગ્રેજોએ. વેપારી તરીકેની એમની ધનભૂખે એમનામાં પછી પ્રદેશભૂખ પ્રકટાવી જે ઉત્તરોત્તર બળવત્તર બનતી ગઈ. સાર્વભૌમ મુઘલ સત્તાની પડતી અને નાનામોટાં રજવાડાં વચ્ચેનાં વેરઝેર અને ઈર્ષાએ એમની આ ભૂખ સંતોષવાનો માર્ગ મોકળો કરી આપેલો. એમની કૂટનૈતિક જાળમાં એક પછી એક રાજ્યને ફસાતું ને હોમાતું જોઈને, જો આમ જ ચાલુ રહ્યું તો એક દિવસ આખું હિન્દુસ્તાન હિન્દુસ્તાનીઓના હાથમાંથી ચાલ્યું જશે એ હકીકત સમજનાર આ દેશનો સૌ પ્રથમ રાજવી કોઈ હોય તો તે હતો મ્હેસુરનો સિંહ હૈદરઅલી. પાટી પર ધૂળ નાખતાં પણ ન શીખેલો હૈદર ભણ્યો મુદ્દલ ન હતો પણ ગણ્યો ખૂબ હતો, અને એટલે જ અંગ્રેજો સામે એમના જેવી જ કૂટનીતિ અપનાવી, સામાન્ય ફોજદારમાંથી મ્હેસુરનો સુલતાન બની બેસી તેણે અંગ્રેજો સામે માંડેલા મોરચાએ તેમના છક્કા છોડાવી દીધેલા. પોતાના આ મોરચામાં તેણે નિઝામ અને મરાઠાઓનો પણ સાથ માગેલો, અને એ જો મળ્યો હોત તો પલાશીના યુદ્ધના એક જ સૈકાની અંદર ભારત પર જામવા માંડેલી ગોરી અંગ્રેજ સત્તાની નાગચૂડનો એણે અંત આણી દીધો હોત; તે માટે બીજા બે સૈકા સુધી રાહ જોવી ન પડત.

પિતાનું અધૂરું રહેલું આ જીવનકાર્ય તેના પુત્ર ટીપુ સુલતાને આગળ ધપાવ્યું. ઇતિહાસે ભારતને આપેલી આ ભેટ અનેક નજરે અવિસ્મરણીય છે. એની હેડનો બીજો કોઈ રાજવી આપણા ઇતિહાસમાંથી કદાચ શોધ્યો નહિ મળે. એની મહત્ત્વાકાંક્ષા આસમાન જેટલી બુલંદ હતી, તો એની દૃષ્ટિની વિશાળતા તમામ સંકુચિતતાઓને ઓળંગી સારા યે વિશ્વને ઘેરી વળતી હતી. અંગ્રેજો સામેના અમેરિકન સંસ્થાનોના સ્વાતંત્ર્યયુદ્ધનો એ સમર્થક હતો, ફ્રેન્ચ રાજક્રાન્તિએ વિશ્વને પ્રદાન કરેલા નવા આદર્શોનો એ પુરસ્કર્તા હતો. એને પણ એ સત્ય સમજાએલું કે આ ભૂમિને નિર્બળ બનાવનાર બહારની કોઈ તાકાત નહોતી, પણ અંદરોઅંદરના વૈમનસ્યે જન્માવેલી ખુદ પોતાની જ કમતાકાત હતી, અને એને અનુલક્ષીને જ એણે ઉપર્યુક્ત શબ્દો ઉચ્ચારેલા. પરંતુ જેમ હૈદરને તેમ ટીપુને પણ નિઝામ અને મરાઠાઓએ સાથ ન આપ્યો, એટલું જ નહિ પણ અંગ્રેજોની કૂટનૈતિક જાળમાં આવી જઈ ખુદ એના પોતાના સેનાપતિઓએ પણ એને છેહ આપ્યો, અને રણમેદાનમાંથી નાસી છૂટવાની પૂરી તક હોવા છતાં પોતાના ભગ્ન આદર્શોના ખંડિયેરમાં આયખું ખેંચવા કરતાં એણે મોતને મીઠું ગણ્યું અને અંગ્રેજોની સામે લડતાં લડતાં જ એ રણશય્યા પર પોઢી ગયો. દુશ્મનને શરણે થઈ જવાની કે નાસી છૂટવાની ચાલી આવતી પરંપરામાં અપવાદરૂપ કોઈ રાજવી હોય તો તે માત્ર આ ટીપુ સુલતાન.

હૈદર અને ટીપુ બંનેમાં આ આદર્શ પ્રેરનાર હતો તેમનો મુખ્ય પ્રધાન પૂર્ણય્યા. હૈદરને સેનાપતિમાંથી સુલતાન બનાવી તેના છેલ્લા શ્વાસ સુધી તેને પડખે રહેનાર પૂર્ણય્યા ટીપુને ગાદીનશીન કરી નિવૃત્ત થવા માગતો હતો, પણ ટીપુએ તેને થવા ન દીધો, ને એ એટલી જ વફાદારીપૂર્વક છેવટ સુધી ટીપુની સાથે રહ્યો. ટીપુની સઘળી શિક્ષાદીક્ષા એના હાથે જ થવા પામેલી, અને હૈદર પછી મ્હૈસુરની ગાદીએ એને લાવવા પાછળ એની જ કાબેલિયતે કામ કર્યું હતું, કારણ અંગ્રેજોની કૂટનૈતિક જાળ હૈદરના કેટલાક સેનાપતિઓ સુધ્ધાં પર ફરી વળી હતી.


ગાદીએ આવ્યા પહેલાં જ ટીપુ તેના પિતા સાથે અને સ્વતંત્રપણે અંગ્રેજો સામે અનેક યુદ્ધો લડી ચૂકેલો, જેમાં પોલીલુરના યુદ્ધમાં અંગ્રેજોને એણે આપેલી શિકસ્તને તો ખુદ અંગ્રેજ ઇતિહાસકારોએ બ્રિટિશોને હિંદમાં પડેલા મોટામાં મોટા ફટકારૂપે ગણાવેલી છે. જો કે એનો નાનો ભાઈ અબ્દુલકરીમ મગજનો નબળો ન નીકળ્યો હોત તો ટીપુને માટે આ યુદ્ધકૌશલ અને રાજસિંહાસન અપ્રાપ્ય જ રહ્યાં હોત, અને તે આધ્યાત્મિકતામાં જ ખોવાએલો રહ્યો હોત. પિતા હૈદર અને માતા








◁ હૈદરઅલી : જેમ ઉત્તર હિંદમાં રણજિતસિંહે તેમ દક્ષિણમાં હૈદરઅલીએ અંગ્રેજોને અનેરી લડતો આપી હતી. સામાન્ય ફોજદારમાંથી આપબળે આગળ વધી એણે મ્હૈસુરનું વિશાળ રાજ્ય ઊભું કર્યું હતું. અભણ છતાં એ છ ભાષાઓ જાણતો. શૌર્ય અને શાસનમાં એણે હિંદના ઈતિહાસમાં એક આગવું પ્રકરણ રચ્યું હતું. (ઉપર) શ્રીરંગપટ્ટમમાં ટીપુ સુલતાનના મહેલ (સમર પૅલેસ) 'દરિયા દોલત'ની ભીંત પરના ચિત્રનો એક ખંડ. કાંજીવરમ પાસે કર્નલ બેઈલી પર હૈદરઅલીએ મેળવેલા વિજયના પ્રસંગનું તેમાં નિરૂપણ છે. (ડાબી બાજુ છેડે) દરિયા દોલત મહેલના એક ખંડમાં રખાએલા ટીપુ સુલતાનના પૂરા માનવ કદના એક છબિચિત્રનો અંશ. (ફોટો બિ.ટાંક.). ડાબી બાજુ : શ્રીરંગપટ્ટમમાં કાવેરી નદીના કાંઠે ટીપુએ બંધાવેલો હૈદરઅલીનો મકબરો. જેમાં ટીપુ તથા તેની માતાની કબરો પણ છે. (ફોટો - ત્ર્યંબકલાલ પટેલ.)



ફખ્રુન્નિસા આર્કટના સંત ટીપુ મસ્તાન ઓલિયાનાં પરમ ભક્ત હતાં, જે 'મસ્ત કલંદર' તરીકે પણ જાણીતા હતા. પોતાનું બાળક આ સંતની જ કૃપાપ્રસાદી છે એમ ગણી તેમણે એનું નામ ટીપુ પાડેલું. બાદ એ સંતની મુલાકાતે જતાં સંતે જણાવ્યું કે એ બાળક સુલતાન બનશે, પણ રૂહાની સુલતાન. લોકોને તે ખુદા તરફ વાળશે. હૈદર ત્યારે માત્ર એક મામૂલી નાયકપદે હતો; એને પૂર્ણૈયાનો ભેટો હજુ નહોતો થયો, એટલે પાર્થિવ સુલતાનપદનો તો એને ખયાલ સુધ્ધાં ક્યાંથી હોય? સંતની આશિષના પર્યાયમાં જ એણે ટીપુને ઉછેરવા માંડયો, અને ડિંડિગલમાં ફોજદાર તરીકે નિમાયા પછી ટીપુના આધ્યાત્મિક શિક્ષણ માટે મૌલવી ઓબિદુલાર અને ગોવર્ધન પંડિતને રોકયા. અહીં એ યાદ અપાવવાની જરૂર છે કે અફઘાન વંશનો ટીપુનો વડદાદો પણ એક ફકીર હતો અને ફરતો ફરતો દક્ષિણમાં આવી ગુલબર્ગમાં સ્થિર થએલો.

હૈદરે જેમનામાં આશા રાખેલી એમાંના નિઝામને અંગ્રેજોએ ફોડીને પોતાના પક્ષે લઈ લીધો, જ્યારે મરાઠાઓ સાથે સાલબાઈના સંધિ કરારો કરી લીધા. છતાં તે નિરાશ થએલો નહિ. અંગ્રેજો સામેના કોઈ યુદ્ધમાં તેણે એમને ફાવવા દીધેલા નહિ. એવામાં ઈ. ૧૭૮૨ના ડિસેમ્બરની ૭મીએ એનું અવસાન થયું. ટીપુ ત્યારે અન્ય યુદ્ધમોરચે હતો. સરદારોમાં ફાટફૂટની પૂર્ણૈયાને ખબર હતી. તેથી તેણે જુદાજુદા છ કાસદો સાથે જુદાજુદા માર્ગે આ સમાચાર ટીપુ પર મોકલી આપ્યા—એવી સંકેતલિપિમાં કે જેનો અર્થ પૂર્ણૈયા અને ટીપુ બે જ જણ સમજી શકે.

આમાં ખાસ તો બિદનૂરના સૂબાના પ્રપંચ સામે જાગ્રત રહેવાનું હતું. મૂળ તો એ નય્યર, પણ કાલિકટના ઝામોરિનની હત્યા કરી એ હૈદરને આવી મળતાં હૈદરે તેને ચિત્તલદુર્ગનો સૂબો બનાવેલો. આ સૂબાપદે રહી એણે હૈદરને ખુશ કરવા ધર્મપરિવર્તન કરી પોતાનું નામ શેખ અયાઝ રાખ્યું. ટીપુને તેના પ્રપંચી સ્વભાવની જાણ હતી, એટલે એણે હૈદરને સીધો જ પ્રશ્ન કર્યો : 'એણે પોતાનો માલિક બદલ્યો, ધર્મ બદલ્યો, નામ બદલ્યું, હવે પછી?' બિદનૂરના સૂબા તરીકે હૈદરનો ત્રીજા ભાગનો ખજાનો તેના કબજામાં હતો. તેને જાણ થએલી કે હૈદર મરણપથારીએ છે ને ટીપુ એનાથી દૂર યુદ્ધક્ષેત્રે છે, એટલે ટીપુના નબળા મગજના નાના ભાઈ અબ્દુલ કરીમને પોતાના પૂતળા તરીકે સુલતાન જાહેર



શ્રીરંગપટ્ટમમાં ટીપુ સુલતાનના મહેલ 'દરિયાદોલત'નો એક ભાગ. ઉનાળાના ગરમીના દિવસોમાં ટીપુ અહીં રહેતો. કાષ્ઠકોતરણીની નકશીથી સુશોભિત આ નાનાશા રાજ આવાસની ભીંતો પર હૈદરઅલી અને અંગ્રેજો વચ્ચે લડાએલાં યુદ્ધોનાં ચિત્રોનું વિગતસભર આલેખન છે.

કરી દેવાનો વેત તેણે રચ્યો. હૈદરના પિતરાઈ ભાઈ મુહંમદ અરમિન તથા એક સરદાર શમ્સુદ્દીનનો પણ તેને આ પ્રપંચમાં સાથ હતો. પણ પૂર્ણૈયાએ તેમને ફાવવા દીધા નહિ. અને હૈદરના મૃત્યુના સમાચાર છેવટ સુધી ગુપ્ત રાખી ટીપુને તેણે સુલતાનપદે બેસાડી દીધો. હૈદરે પણ અબ્દુલકરીમની નબળાઈ જાણી ટીપુને જ પોતાનો ઉત્તરાધિકારી બનાવેલો, અને એનું ધાર્મિક શિક્ષણ છોડાવી દઈ ગાઝીખાનને એના લશ્કરી શિક્ષણ માટે રોકેલો.

આમ ઉભય પ્રકારે તાલીમ પામેલો ટીપુ એક એવો સમ્રાટ હતો કે તેના જેવા સંસ્કારસંપન્ન અને શક્તિસંપન્ન રાજવીઓ ભારતમાં તો શું જગતભરમાં ઓછા નીકળે. અરબી, ફારસી, ઉર્દૂ, અંગ્રેજી, ફ્રેન્ચ વગેરે અનેક ભાષાઓનો તે જાણકાર હતો એટલું જ નહિ. તે તે ભાષાઓના સાહિત્યનો પણ અભ્યાસી હતો. આમ તો તે શાનો અભ્યાસી નહોતો એ સવાલ છે. જગતના ધર્મોના તુલનાત્મક અભ્યાસ ઉપરાંત ખગોળથી માંડી વૈદકવિજ્ઞાનનો એ અભ્યાસી હતો, અને પિતાના આદેશથી લશ્કરી તાલીમ લેવા માંડતાં યુદ્ધશાસ્ત્રનો પણ તેણે ઊંડો અભ્યાસ કરેલો. હૈદરે એક યુદ્ધમાં માર્યા ગએલા તેના માનીતા સેનાપતિ લાલમિયાંની પુત્રી રૂકૈયા સાથે તેનાં લગ્ન કરી આપ્યા પછી તેને પૂછેલું: આમ તો મારી પાસે છે એ બધું તારું જ છે; પણ આ શાદીની ખુશાલીમાં તને કઈ ભેટ ગમે? અને ટીપુએ કઈ ભેટ માગી? પોતાનું આગવું એક પુસ્તકાલય! કાળા અક્ષરને કૂટી મારનાર હૈદરે આ કામ પૂર્ણૈયાને સોંપેલું અને પૂર્ણૈયાએ દુનિયાભરમાંથી પુસ્તકો મગાવી આપ્યાં—અંગ્રેજી અને ફ્રેન્ચ ઉપરાંત જર્મન, ગ્રીક અને લૅટિન ભાષાનાં પણ; અને નુરુલ અમીન જેવાને પુસ્તકાલયનો વડો નીમી દોઢ દાયકામાં તો એણે દુનિયાનાં શ્રેષ્ઠ પુસ્તકાલયોમાંનું એક મ્હૈસુરમાં ખડું કરી દીધું.

ફ્રેન્ચ પુસ્તકો માટે પૂર્ણૈયાએ ફ્રાન્સના વિદેશમંત્રીને લખેલું. તેણે પુસ્તક પસંદગીનું આ કામ વોલ્તેરના મિત્ર અને અમેરિકન સ્વાતંત્ર્યના હિમાયતી જાણીતા ઉદારમતવાદી બૅામાશેને સોંપેલું. બૅામાશેએ જેફર્સનના તૈયાર કરેલા સ્વાતંત્ર્યના જાહેરનામાનો પારી(સ)માં રહેતા પોતાના મિત્ર રઝા મહેદી પાસે ફારસી અનુવાદ કરાવી અન્ય પુસ્તકો સાથે મોકલાવી આપેલો. ટીપુ પર આ જાહેરનામાનો પ્રભાવ એટલી હદે પડયો કે તેની રાજવીપદની આખી દૃષ્ટિ જ બદલાઈ જવા પામી.

ટીપુની પત્ની રૂકૈયાબેગમે તેને વાઘ જેવા બનવા કહેલું, અને ટીપુ ખરેખર વાઘ જેવો જ બનેલો. પોતાના ઝંડા પર પણ તેણે વાઘનું જ નિશાન મૂકેલું. સોળ વરસની વયે તો હૈદરની સેનામાં સેનાપતિપદ મેળવી એણે દુશ્મનોના છક્કા છોડાવવા માંડેલા. પરંતુ હૈદરનું અવસાન થતાં અંગ્રેજ સરસેનાપતિ જનરલ જેમ્સ સ્ટુઅર્ટને લાગ્યું કે હવે મ્હૈસુરને હાથ કરતાં વાર નહિ લાગે. દખ્ખણનું એ પ્રબળતમ રાજ્ય હાથ આવતાં આખું ભારત જ નહિ પરંતુ સમગ્ર પૂર્વ આસાનીથી કબજે કરી શકાશે. તે ટીપુને જરા યે તૈયારીનો વખત આપવા માગતો ન હતો, એટલે સીધી જ તેણે વાંદીવાસ તરફ કૂચ શરૂ કરી દીધી.


ટીપુનું રાજ્ય ત્યારે કર્ણાટકથી કેરળ સુધી અને પૂર્વઘાટથી અરબી સમુદ્ર સુધી વિસ્તરેલું હતું. હૈદરે ને એણે ચુનંદા ફ્રેન્ચ અફસરોને રોકીને પોતાના સૈન્યને એવી ઉમદા તાલીમ આપેલી કે પૂર્વના દેશોના પ્રથમ પંક્તિના સૈન્ય તરીકે તેની ગણતરી થતી. ટીપુને સ્ટુઅર્ટની આગેકૂચના સમાચાર મળતાં તે બોલ્યો: 'આપણે એને અહીં સુધી આવવાની તકલીફ દીધા વિના અરધે રસ્તે ભેટવાનું સૌજન્ય દર્શાવવું જોઈએ,' ને તેની સામે ચાલી નીકળી ઈ. ૧૭૮૩ના ફેબ્રુઆરીની ૧૩મીએ અંગ્રેજ સેનાને એવી તો છિન્નભિન્ન કરી નાખી કે સ્ટુઅર્ટનાં સપનાં હવામાં જ મળી ગયાં.

પણ અંગ્રેજોએ ફોડેલા શેખ અયાઝે બિદનૂરનો આખો પ્રાંત અંગ્રેજોને સોંપી દીધો. અંગ્રેજ સેનાપતિ મૅથ્યુસની સેનાએ ત્યાંની નિર્દોષ પ્રજા પર ગુજારેલા જુલ્મોની કહાણી તો આજે ય રૂંવાં ખડાં કરી દે તેવી છે. ટીપુ તરત જ બિદનૂર ઊપડયો અને એ કબજે કર્યું. શેખ અયાઝ મુંબાઈ નાસી છૂટયો. જ્યારે મૅથ્યુસે શરણાગતિ સ્વીકારી લીધી—જો કે એ પહેલાં બિદનૂરનો આખો ખજાનો ખાલી કરી તેણે મદ્રાસ મોકલી દીધેલો. ટીપુને એ ખજાનાનો અફસોસ નહોતો, પણ પોતાની પ્રજાની આ પરદેશીઓના હાથે થએલી દુર્દશા જોઈ તેનું અંતર દ્રવી ઊઠયું.

તેણે અંગ્રેજોનો પીછો છોડયો નહિ. બિદનૂર પછી કડાપા, મંગળૂર અને કડ્ળૂર મુકામે પણ અંગ્રેજોને એણે સખ્ત શિકસ્ત આપી. કડ્ળૂર મુકામે પાછા હઠેલા જનરલ સ્ટુઅર્ટના હાથમાં એક ફ્રેન્ચ સાર્જન્ટ પકડાઈ ગએલો જે ફ્રેન્ચ સેનાપતિ બુસ્સીનો સંદેશો ટીપુ પર લાવતો હતો. ટીપુને ત્યાં પુત્રજન્મની વધાઈ સાંભળતાં જ દોડી જઇને ફૂલો ચૂંટી લાવી ભેટ ધરનાર આ સાર્જન્ટને ટીપુ ભૂલ્યો નહોતો. તેને આ ખબર પડતાં જ સફેદ વાવટા સાથે પોતાના એક માણસને મોકલ્યો ને સ્ટુઅર્ટે માગેલી રકમ આપી એને છોડાવ્યો. એ એ જ સાર્જન્ટ બાપ્તિસ્તા જુલે બર્નાદોત હતો જે પાછળથી નેપોલિયનના સૈન્યનો માર્શલ બનેલો, અને અંતે જેણે સ્વીડનના રાજા ૧૪મા ચાર્લ્સ તરીકે એ દેશનો તાજ ધારણ કરેલો!

પરંતુ ફ્રેન્ચો અને અંગ્રેજો વચ્ચે ઈ. ૧૭૮૩ના ફેબ્રુઆરીની ૯મીએ વેર્સાઈની સંધિ થતાં બંને વચ્ચેની દુશ્મનાવટ બંધ પડી, અને એને અનુલક્ષી ટીપુના સૈન્યમાંની ફ્રેન્ચ ટુકડીને પણ જૂન માસમાં પાછી ખેંચી લેવામાં આવી. ટીપુના કેટલાક સેનાપતિઓએ યુદ્ધ વચ્ચે આ રીતે છેહ દેવાના ફ્રેંચ કૃત્યને વખોડવા માંડતાં ટીપુએ તેમને સ્પષ્ટ સંભળાવ્યું કે 'આ આપણું યુદ્ધ છે, એમનું નહિ. કે પછી તમારાં યુદ્ધો પરદેશીઓ જ તમારા માટે લડી આપે એવી તમારી અપેક્ષા છે?'

ટીપુએ પોતાના યુદ્ધકૌશલની એવી ધાક બેસાડેલી કે ખુદ અંગ્રેજો પણ હવે તેને 'મ્હૈસુરના વાઘ' તરીકે ઓળખવા માંડયા હતા. યુદ્ધ એક નહિ પણ અનેક મોરચે ચાલુ હતું. અંગ્રેજ ફોજને મદ્રાસ, મુંબાઈ અને કલકત્તાથી નવી કુમક ચાલુ જ હતી. આમ છતાં તમામ મોરચે એમણે એવો તો માર ખાધો કે એથી ગભરાઈ ઊઠેલા મદ્રાસના ગવર્નરે ગમે તે ઉપાયે પણ સંધિ માટે ત્રણ કમિશનરોને ટીપુ પાસે મોકલી આપ્યા. એ જ વખતે મંગળૂરના કિલ્લામાં ઘેરાઈ ગએલા સેનાપતિ કૅમ્પબેલે પણ શરણાગતિ સ્વીકારી લીધી. આઠઆઠ મહિના સુધી



ટીપુ સુલતાનનું રાજ્ય અને તેના ભાગલા



△ ટીપુ સુલતાનના બે પુત્રોને બાંહેધરીમાં લેતો લૉર્ડ કૉર્નવૉલિસ કલકત્તાના સંગ્રહાલયમાં સંઘરાએલું ચિત્ર.

◁ મ્હેસુર સાથે અંગ્રેજોને ચાર મોટાં યુદ્ધો ખેલવાં પડેલાં. એમાંનાં પહેલાં બેમાં તો હૈદરઅલીએ સ્થાપેલા અને ટીપુને વારસામાં મળેલા દક્ષિણના એ વિશાળ રાજ્યની સીમા (જે આ નકશામાં ઘેરી સીમારેખા વડે દર્શાવી છે તે)ને કોઈ આંચ આવી નહોતી. પણ ટીપુનું સામ્રાજ્ય ઉત્તરમાં મરાઠા અને નિઝામ તથા પૂર્વ અને દક્ષિણમાં અંગ્રેજોથી ઘેરાએલું હતું, અને આ ત્રણેય મ્હેસુરને હડપ કરી જવા ટાંપી રહ્યા હતા. ઈ. ૧૭૯૦-૯૨માં ત્રીજા અને ૧૭૯૯માં ચોથા યુદ્ધમાં ટીપુને જે પ્રદેશો ગુમાવવા પડચા તે આ નકશામાં દર્શાવ્યા છે. બાકીનો પ્રદેશ અંગ્રેજોએ પોતાના વર્ચસ્વ નીચે મ્હેસુરના જૂના હિન્દુ રાજવંશના પાંચ વર્ષના બાળકને સોંપી પૂર્ણૈયાને તેનો રક્ષક બનાવેલો.

ઘેરાએલા છતાં ટક્કર ઝીલી રહેલા સેનાપતિ કૅમ્પબેલની મર્દાનગી જેમ કમ નહોતી, તેમ ટીપુની દિલેરી પણ કમ ન હતી. કૅમ્પબેલના સૈન્યને પહોંચાડવામાં આવતો પુરવઠો એણે મુદ્દલ અટકાવેલો નહિ. આઠ મહિનાના ઘેરા બાદ શરણે આવેલો કૅમ્પબેલ જેવો કિલ્લાની બહાર આવ્યો કે ટીપુએ તેની મર્દાનગીને બિરદાવી: 'તમે ને તમારી ટુકડીએ બહાદુરીપૂર્વક પોતાની ફરજ બજાવી છે.' કૅમ્પબેલ આ સૌજન્યથી દ્રવીભૂત બની બોલી ઊઠચો : 'સુલતાન, આપની આ પ્રશંસા એ જ મારું મોટામાં મોટું ઈનામ છે.'

આ યુદ્ધને અંતે ઈ. ૧૭૮૪ની માર્ચે અંગ્રેજો ને ટીપુ વચ્ચે મંગળૂરની જે સંધિ થવા પામી તે એ વખતના ગવર્નર-જનરલ વૉરન હેસ્ટિંગ્સે નાછૂટકે જ સ્વીકારી. એને એ સંધિ અંગ્રેજોની કાયરતાના પ્રતીકરૂપ લાગી, પણ એ સ્વીકારી લીધા સિવાય બીજો કોઈ માર્ગ નહોતો.

હૈદર જતાં ટીપુને સહેલાઈથી ખત્મ કરી દઈ શકાશે એ અંગ્રેજોનો ભ્રમ ભાંગીને ભુક્કો થઈ ગયો. પરંતુ તેને ખત્મ તો કરવાનો જ હતો, એટલે હેસ્ટિંગ્સે એક બાજુ ટીપુના સેનાપતિઓને ફોડવાનો પ્રપંચ શરૂ કરી બીજી બાજુ નિઝામ અને મરાઠાઓને તેની સામે ઉશ્કેરવા માંડચા. ટીપુએ તેમને પણ પોતાનું પાણી બતાવી આપ્યું. નિઝામને અડોની મુકામે હરાવી, તુંગભદ્રા નદી ઓળંગી મરાઠાઓને પણ એવો માર આપ્યો કે તેમને સંધિ કરવાની ફરજ પડી. ટીપુ આ સંધિની મનમાની શરતો કરાવી શકત, પણ મરાઠાઓના સ્વમાનને તે જરા ય આંચ લગાડવા માગતો નહોતો. તેના સેનાપતિઓએ આ મોકો ચૂકચા બદલ નાખુશી દર્શાવતાં ટીપુએ જવાબ આપેલો, 'આપણા ખરા દુશ્મનોને પારખી કાઢવા જેટલું ડહાપણ અલ્લાહ આપણને આપે તો સારું. આપણા દુશ્મન મરાઠાઓ બેશક નથી જ. એ પણ આપણી જેમ જ એમના જન્મસિદ્ધ અધિકારની રૂએ આ ભૂમિના હિસ્સેદાર છે.'

ટીપુ નિઝામ અને મરાઠાઓ સાથે હિસાબ પતાવવામાં રોકાએલો હતો ત્યાં હિંદના ગવર્નર-જનરલ તરીકે લૉર્ડ કૉર્નવૉલિસ આવી પહોંચ્યો. અમેરિકામાં જ્યૉર્જ વૉશિંગ્ટનના હાથે સખ્ત પરાજય વેઠીને આવેલા એને પૂર્વના સૌથી પ્રબળ સમ્રાટ ટીપુ સુલતાનને હરાવીને પોતાનું એ કલંક ધોઈ નાખવાની મુરાદ હતી. બીજી બાજુ લંડનથી યે તેના પર દબાણ આવી રહ્યું હતું કે 'પૂર્વનો એ જાલિમ (ટીપુ) જાતે આક્રમણ લાવે ત્યાં સુધી તમારે શું રાહ જ જોયા કરવી છે?' પરિણામે કૉર્નવૉલિસે ત્યારની અંગ્રેજ હકૂમત નીચેની પ્રજાને નિચોવી નિચોવી સૈન્ય, સરંજામ અને પુરવઠાની ભરતી કરવા માંડી. બીજી બાજુ, ટીપુનો જે મુલ્ક જીતવામાં આવે તેમાંથી ભાગ આપવાની લાલચ આપી નિઝામ અને મરાઠાઓને પોતાની સાથે લીધા. તેનું એક જ ધ્યેય હતું—ટીપુ પર વિજયનું. એ સિદ્ધ થતાં બાકીનાં રાજ્યો તો પાકેલાં ફળની જેમ અંગ્રેજોના હાથમાં આવી પડવાની એની ગણતરી હતી. નિઝામ અને મરાઠા ઉપરાંત પૂર્વમાંના ફ્રેન્ચ ગવર્નર-જનરલ કૉંત દ કૉન્વેને પણ જબરી લાંચ આપી. એણે તેને તટસ્થ રાખ્યો.

આમ પૂરી તૈયારી બાદ અંગ્રેજોનું જંગી લશ્કર મદ્રાસના ગવર્નર મેજર જનરલ વિલિયમ મેડોઝના સેનાપતિપદ નીચે ટીપુ સામે દડમજલ કરતું આગળ વધ્યું. એ માટે અંગ્રેજોએ બહાનું એવું આપ્યું કે ટીપુ ત્રાવણકોર પર ચડાઈ કરવા માગતો હતો. પોતાનો એવો કોઈ જ ઈરાદો ન હોવાનું ટીપુએ લખી જણાવ્યું, પણ તેનો જવાબ મેડોઝે એવો અપમાનજનક વાળ્યો કે ટીપુને મોડેમોડે પણ યુદ્ધની તૈયારી કર્યા વિના છૂટકો ન રહ્યો.





△ જગદ્‌ગુરુ શંકરાચાર્યને ટીપુ સુલતાને લખેલા એક પત્રનો આરંભનો ભાગ, જેમાં મથાળે ટીપુ-ની રાજમુદ્રા છે. (જમણી બાજુ) શ્રીરંગપટ્ટમ્‌માં શત્રુઓથી ઘેરાઈ ગએલો 'મ્હૈસુરનો વાઘ': ભગ્ન આદર્શોના ખંડિયેરમાં જીવવા કરતાં એણે મોત-ને મીઠું ગણ્યું.

'ગ્રાન્ડ આર્મી' તરીકે ઓળખાવવામાં આવતા આ સૈન્યનું સેનાપતિત્વ પોતે જ સંભાળવાની' કૉર્નવૉલિસની ઇચ્છા હતી, પરંતુ પોતે કલકત્તા હોઈ મદ્રાસના ગવર્નર તરીકે મેડોઝ ટીપુની વધુ નજીક હતો. મેડોઝ આ પહેલાં મુંબાઇનો ગવર્નર રહી ચૂકેલો, અને કૉર્નવૉલિસની નિવૃત્તિ પછી એની જ ગવર્નર-જનરલ બનવાની વકી હતી. અંગ્રેજોએ ત્યાર સુધીમાં કદી ન ખડકેલી આ જંગી સેનાનું સેનાપતિત્વ લેવાની તેને જબરી હોંશ હતી. અને એ હોંશ પૂરી પાડતાં તેણે મેડોઝને વિદાય આપતાં કહ્યું: 'જીતીને જ આવજો.' પોતાના હાથ નીચેના સૈન્યબળ પર મુસ્તાક મેડોઝે જવાબ આપેલો: 'તમારા એ સુલતાનને તો હાથમાં બેડીઓ સાથે લેતો આવીશ, તમે નચિંત રહેજો.'

એક બાજુથી આ 'ગ્રાન્ડ આર્મી', બીજી બાજુથી નિઝામનું સૈન્ય, ત્રીજી બાજુથી મરાઠા સૈન્ય અને ચોથી બાજુથી ફ્રેન્ચોનું સૈન્ય પણ કૂચ ન કરવા છતાં સંકેત થતાંવેંત કૂચ કરવા તૈયાર હતું—જો કે ફ્રેન્ચ સૈનિકોને ટીપુ વિરુદ્ધ કૂચ કરતા ત્રણમાંના ગમે તે લશ્કરમાં જોડાઈ જવાની છૂટ તો આ પહેલાં જ આપી દેવામાં આવેલી.

મેડોઝે કોઇમ્બતૂર સર કરી ત્યાંથી ત્રિપાંખિયા આક્રમણ માટે જેમ્સ સ્ટુઅર્ટને ડિંડિગલ, ઓડહામને ઈરોડ અને ફ્લૉઇડને મ્હૈસુર તરફ મોકલી આપ્યા. ફ્લૉઇડની કૂચની ખબર પડતાં ખુદ ટીપુ મ્હૈસુરના રક્ષણ માટે તેની સામે ઊપડ્યો. હાથમાં નાગી તલવાર સાથે એ સૈન્યને મોખરે રહેલો. અંગ્રેજોનો એવો તો કચ્ચરઘાણ નીકળી ગયો કે પોતાના મરેલા ને ઘવાએલા સૈનિકોને તથા તોપો અને દારૂગોળાને પડતાં મૂકી નાસી છૂટીને તે કોઇમ્બતૂરના કિલ્લામાં જઈ ભરાયા. ટીપુએ આ નાસતા સૈન્યનો પીછો કર્યો હોત તો આખું સૈન્ય સાફ થઈ જાત, પરંતુ તેની બેગમ રૂકૈયાબાનુનો ભાઈ બુરહાનુદ્દીન યુદ્ધમાં શહીદ થતાં લાગણીવશ બની ગએલા ટીપુએ એ તક જતી કરી.

આ બાજુ મેડોઝ સીધો ટીપુની રાજધાની શ્રીરંગપટ્ટમ ભણી આગળ વધ્યો. પણ ત્યાં ભવાની નદીના કાંઠે ખુદ ટીપુ સુલતાનને જ પોતાનો માર્ગ રોકીને ઊભેલો એણે જોયો અને એના છક્કા છૂટી ગયા. ફ્લૉઈડ અને સ્ટુઅર્ટનાં લશ્કરો આવી મળ્યા વિના મ્હૈસુરના આ વાઘનો સામનો કરવાની તેની હિંમત ચાલી નહિ, અને એ પણ સૈન્ય સાથે પાછો કોઇમ્બતૂરમાં જઈ ભરાયો.

'ગ્રાન્ડ આર્મી'નાં તમામ પાંખિયાં પાછાં ભેગાં મળી આક્રમણ આદરે તે પહેલાં તો ટીપુએ આગળ વધી ઈરોડ સહિત અંગ્રેજોએ જીતેલાં એક પછી એક મથક પાછાં સર કરવા માંડયાં. ટીપુને જીવતો પકડી લૉર્ડ કૉર્નવૉલિસ સામે ખડો કરવાને બદલે ખુદ મેડોઝને ટીપુ સામે સંતાકૂકડીની રમત રમવી પડી. ગામડાં ને શહેરો બાળવા ને લૂંટવા સિવાય બીજું કોઈ જ પરાક્રમ એ બતાવી શક્યો નહિ.

લૉર્ડ કૉર્નવૉલિસ આથી ધૂંઆપૂંઆ થઈ ઊઠ્યો. એને બીક લાગી કે ટીપુના વિજયોને કારણે ફરી બેસી નિઝામ અને મરાઠાઓ તેની સાથે સંધિ કરી નાખશે તો? આથી ઈ. ૧૭૯૦ના ડિસેમ્બરની ૧૨મીએ એ મદ્રાસ જઈ પહોંચ્યો, અને ત્યાંથી લશ્કરનું સંચાલન પોતાના હાથમાં લઈ મેડોઝને પાછો મદ્રાસ રવાના કર્યો.

કૉર્નવૉલિસની કૂટનીતિ તો ચાલુ જ હતી. આ કૂટનૈતિક ચાલના પરિણામે બૅંગલોરના રક્ષણ માટે મૂકેલા સૈન્યમાંની ફ્રેન્ચ ટુકડી ફૂટી ગઈ અને તે અંગ્રેજોના હાથમાં પડ્યું. તેના આ પતને અંગ્રેજોની જ નહિ પરંતુ નિઝામ અને મરાઠાઓની પણ તૂટવાની અણી પર આવેલી હિંમતને ફરી મજબૂત કરી. ટીપુને અત્યાર સુધીનાં યુદ્ધોમાં ખમવો પડેલો એ ભારેમાં ભારે ફટકો હતો, પણ એક વીરની માફક જીવેલો એ મોતને પણ વીરની માફક ભેટવા માગતો હતો. એને ફરતા ઘેરાની ભીંસ વધતી ગઈ. બીજી બાજુ એની પ્રિય પત્ની રૂકૈયાબાનુનું અવસાન થયું, એ પોતે તાવમાં પટકાયો. જ્યારે એનો વફાદાર પ્રધાન પૂર્ણૈયા ઘવાઇને બેભાન પડ્યો હતો, એટલે એના ફૂટેલા સેનાપતિઓએ એને અંગ્રેજો સાથે સંધિ કરી લેવાની સલાહ આપી.

કૉર્નવૉલિસનો ઊડી ગએલો જીવ જાણે પાછો આવ્યો. શ્રીરંગપટ્ટમ્ પરના હુમલામાં ખાધેલા મારની હજુ એને કળ વળી ન હતી. એ શું કરવું એની દ્વિધામાં જ હતો ત્યાં આ સુલેહનું કહેણ આવતાં તેણે બગડેલી બાજી સુધારવા માંડી. એક બાજુ સુલેહની વાટાઘાટો ચાલુ રાખી બીજી બાજુ સૈનિકો ને શસ્ત્રસરંજામની વધુ ને વધુ કુમક તે મેળવતો ગયો, અને જેમ જેમ કુમક વધતી ગઈ તેમ તેમ સુલેહની એની શરતો વધુ ને વધુ કડક બનતી ગઈ. પરંતુ નાના ફડનવીસને હવે અંગ્રેજોની ચાલબાજી સમજાઈ હતી. એણે ટીપુ સાથે જલદી સુલેહ કરી લેવા જણાવ્યું. મરાઠા સેનાપતિ હરિ પંતે પણ મ્હૈસુરના વાઘને છેલ્લી હદ સુધી ભીડાવવા સામે ચેતવણી આપી. પરિણામે ટીપુનું આખું રાજ્ય પડાવી લેવા માગતા કૉર્નવૉલિસે ઈ. ૧૭૯૨ના ફેબ્રુઆરીની ૨૬મીએ શ્રીરંગપટ્ટમ્ સુ-

કામે સંધિ કરારો કર્યા. આ કરાર મુજબ ટીપુએ તેનો અરધો પ્રદેશ અંગ્રેજો અને તેમના સાથીઓને આપી દેવા ઉપરાંત રૂપિયા ૩ કરોડ ને ૩૦ લાખ અંગ્રેજોને ભરવાના હતા, જેમાંના અરધા તાત્કાલિક અને બાકીના એક વર્ષની અંદર ભરી દેવાના હતા. એ ન ભરાય ત્યાં સુધી પોતાના બે શાહજાદા અંગ્રેજોને બાન તરીકે સોંપવા. જો બે વર્ષમાં બાકીની રકમ ભરપાઈ ન થાય તો બાકીનું અરધું રાજ્ય પણ અંગ્રેજોને હવાલે કરી દેવું.

આ શરતો મુજબ ટીપુને પોતાના બંને શાહજાદા—આઠ વર્ષનો અબ્દુલખાલિક તથા પાંચ વર્ષનો મુઈઝુદ્દીન અંગ્રેજોને બાન તરીકે સોંપી દેવા પડયા. અંગ્રેજોએ પોતાની હકૂમત નીચેના પ્રદેશનો પડોશનો જ પ્રદેશ નહિ પરંતુ કુર્ગ સુધ્ધાં પચાવી પાડયું. આ રીતે ટીપુને બધી રીતે ખલાસ કરવાની પેરવી છતાં જેટલા કુશળ યુદ્ધસંચાલક એટલા જ કુશળ શાસક ટીપુએ પોતાના રહ્યાસહ્યા રાજ્યને એવું તો આબાદ બનાવી દીધું કે અંગ્રેજોની બાકી રહેલી રકમ એણે એક વર્ષની અંદર જ ચૂકવી આપી. આમ છતાં અંગ્રેજોએ તેના બે શાહજાદાને પાછા સોંપવા સામે ગલ્લાંતલ્લાં કર્યે રાખ્યાં અને બે વરસથી ય વધુ વખત કાઢી નાખ્યો. મરાઠા સેનાપતિ હરિપંતને ટીપુ સુલતાન તરફના આ ધૃણાસ્પદ વર્તનને લઇને ખૂબ માઠું લાગેલું, અને તે બદલ ખેદ દર્શાવતો અંગત પત્ર ટીપુ પર લખેલો. ટીપુએ એ પછી તેની રૂબરૂ મુલાકાત લઇ તેને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે 'મને તમારા તરફ મુદ્દલ દુશ્મનાવટ નથી એ તમારે સમજવું જોઇએ. તમારા સાચા દુશ્મન અંગ્રેજો છે, તેમની સામે સાવધ રહેજો.' અને ટીપુના આ શબ્દોની સચ્ચાઈ મરાઠાઓને ત્યારે પ્રતીત થવા પામી જ્યારે માધોજી સિંધીઆને મારી નખાવવાનું કાવતરું એમણે કર્યું ને પેશવા બાજીરાવની કાનભંભેરણી કરી નાનાફડનવીસને કેદમાં નખાવ્યો.

કૉર્નવૉલિસ પછી મેડોઝને બદલે સર જૉન શોર ગવર્નર-જનરલ તરીકે આવ્યો. તે ટીપુની તાકાત ને તેના હાથે અંગ્રેજોને ખાવા પડેલા મારથી વાકેફ હોઈ તેણે ટીપુને મુદ્દલ ન છંછેડયો, પરંતુ તેના પછી ગવર્નર-જનરલપદે આવેલા માર્ક્વિસ વેલેસ્લી તો ઇંગ્લૅન્ડ વડા પ્રધાન પિટ પાસેથી આ દેશમાં બ્રિટિશ સામ્રાજ્ય ઊભું કરવાનો પરવાનો જ લઇને આવેલો. એ તો જ શક્ય બને, જો ટીપુનો કાંટો દૂર કરવામાં આવે. શિથિલ ચારિત્ર્યના એ ગવર્નર-જનરલનું આખું નામ રિચાર્ડ કૉલી વેલેસ્લી. એણે એક બાજુ ટીપુને ખૂબ મીઠાશભર્યા પત્રો લખવા માંડયા, બીજી બાજુ તેની સાથેના આખરી યુદ્ધની તૈયારી કરવા માંડી. ટીપુના સૈન્યને ફોડવા માટે એણે પાંચ સભ્યોનું કમિશન નીમ્યું અને પોતે કલકત્તાથી મદ્રાસ આવી પહોંચ્યો. જ્યારે બધી તૈયારી પૂરી થઈ ચૂકી ત્યારે ટીપુ પર એવા આક્ષેપ મૂકતો પત્ર તેણે લખ્યો કે તે અંગ્રેજો સામે ફ્રેન્ચોની સહાય માગતો હતો. ચોવીસ કલાકમાં જ આનો ખુલાસો કરવા અથવા યુદ્ધ માટે તૈયાર રહેવા એણે ટીપુને પડકાર ફેંક્યો ને ટીપુનો આ અંગે જવાબ મળે એ પહેલાં તો જનરલ હૅરિસને તેણે મ્હૈસુર પર કૂચ કરવા હુકમ આપી દીધો.

મૉરિશ્યસના ફ્રેન્ચ હકૂમત નીચેના પ્રદેશમાં ટીપુએ પોતાનો રાજદૂત મોકલ્યાનો આક્ષેપ જેટલો તરકટી હતો એટલો જ નેપોલિયન સાથેના તેના પત્રવ્યવહારનો આક્ષેપ પણ તરકટી હતો. અલબત્ત, નેપોલિયને તેને ઈ. ૧૭૯૮ના ફેબ્રુઆરીમાં ઇજિપ્તના પાટનગર કાહિરાથી પત્ર લખી આ દેશને અંગ્રેજોની ધૂંસરી નીચેથી છોડાવવાની ઈચ્છા વ્યક્ત કરેલી. પણ એ પત્ર ટીપુ સુધી પહોંચવા જ ન પામેલો. જિદ્દા મુકામે તે અંગ્રેજોએ હાથ કરી લીધેલો. પરંતુ ટીપુને બદનામ કરવા અને યુદ્ધનું કારણ આપવા માટે આ એક સરસ બહાનું હતું. દર વખતની જેમ નિઝામ આ વખત પણ અંગ્રેજોની સાથે જ હતો, પણ મરાઠાઓએ આ વખતે સાથ ન આપ્યો. જો કે પેશવા બાજીરાવ તો એ માટે તૈયાર થએલો, પણ માધોજીના પૌત્ર દોલતરાવ સિંધિયાએ તેને તેમ કરતો વાર્યો.

હકીકતમાં તો અંગ્રેજોને બહારની કોઈ કુમકની હવે જરૂર પણ નહોતી રહી, કારણ ટીપુના સઘળા મુખ્ય સેનાપતિઓ મીર કાસમ, સૈયદસાહેબ, કમરુદ્દીન વગેરેને એ ફોડી ચૂકયા હતા. આ દેશદ્રોહી ને માલિકદ્રોહી સેનાપતિઓએ પાટનગર શ્રીરંગપટ્ટમ્ તરફ આગળ વધી રહેલી અંગ્રેજ સેનાનો સામનો તો ન કર્યો, પણ ટીપુના સૈન્ય માટે જ્યાં જ્યાં પુરવઠો સંઘરેલો એ તમામ સ્થળોની યાદી પણ અંગ્રેજો પર મોકલી આપી. આગળ વધી રહેલા અંગ્રેજ સૈન્યનો એક સેનાપતિ રિચાર્ડ વેલેસ્લીનો ભાઈ આર્થર વેલેસ્લી હતો જે પાછળથી ડયૂક ઑવ વેલિંગ્ટન તરીકે વૉટર્લૂના યુદ્ધનો વિજેતા બની પ્રસિદ્ધ થયો.

લશ્કરની ફૂટ પામી જઈ ટીપુ શ્રીરંગપટ્ટમના કિલ્લામાં પાછો વળ્યો. પણ સેનાપતિઓની નમકહરામીએ ત્યાં પણ તેનો કેડો ન મૂકયો. ટીપુના વફાદાર કિલ્લેદાર ગફ્ફારખાનને સેનાપતિ મીર સાદિકઅલીએ ખસેડી લીધો. ટીપુને આ નમકહરામીની ખબર છેક કિલ્લાની દીવાલો તૂટવા માંડી ત્યારે થઈ. એના વફાદાર સૈનિકો હજી જીવસટોસટનું યુદ્ધ આપી રહ્યા હતા ત્યાં સેનાપતિઓએ તેમને સુલતાન સુલેહ માટે તૈયાર હોઈ લડવાનું બંધ કરવાનું કહી દેતાં તેમની યે હિંમત ભાંગી ગઈ. ટીપુ તલવાર સાથે મેદાને પડયો ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. એના વફાદાર સૈનિકો એને પાછા આવી મળ્યા, પણ કિલ્લાનાં અરક્ષિત બની ગએલાં ગાબડાંમાંથી અંગ્રેજ સૈન્ય હડેડાટ ધસી આવ્યું અને એક અંગ્રેજની ગોળી આ નરશાર્દૂલની છાતી વીંધી ગઈ. તે લથડિયું ખાઈ અર્ધ બેહોશ હાલતમાં જમીન પર ઢળી પડયો. તેનો ઘોડો પણ અસંખ્ય ઘાથી ચાળણી બની જઈ ત્યાં જ ઢળી પડયો.

ટીપુના વફાદાર સૈનિકો તેના દેહને લેવા આગળ વધ્યા ત્યાં અંગ્રેજ સેનાપતિ વચ્ચે પડયો. એની સાથેના એક અંગ્રેજ સૈનિકે ટીપુની પાઘડી અને તલવારની મૂઠમાંનાં રત્નોથી લોભાઈ તે ખેંચવા હાથ લંબાવ્યો ત્યાં જ ટીપુ સુલતાનનો હાથ ફરકયો, એની તલવાર ખેંચાઈ અને એ સૈનિકને ચીરતી બીજા પણ બેચારને ઘાયલ કરતી ગઈ, એક બીજી ગોળી છૂટી અને મ્હૈસુરનો આ વાઘ પોતાના આ કથનને ચરિતાર્થ કરતો હમેશને માટે પોઢી ગયો કે 'ઘેટાની સો વરસની જિંદગી કરતાં વાઘની એક દિવસની જિંદગી બહેતર છે.' ભારત માટે દુર્ભાગ્યનો ને અંગ્રેજો માટે સૌભાગ્યનો એ દિવસ હતો તા. ૪થી મે ૧૭૯૯નો. આ દેશને ઓહિયા કરવા આડેનો આ સૌથી મોટો કાંટો દૂર થતાં જ અંગ્રેજ સેનાપતિ હૅરિસ બોલી ઊઠેલો: 'હવે હિંદુસ્તાન આપણું જ છે.'

અંગ્રેજોએ ટીપુના મહેલ પર કબજો કરી રાજકુટુંબને કેદ કર્યું. ટીપુનો મૃત દેહ વેલેસ્લી સમક્ષ રજૂ કરવામાં આવ્યો. એ વખતે ત્યાં હાજર રહેલા ઇતિહાસકાર ઍલનના શબ્દોમાં, 'તેનું મુખ ત્યારે ય ખુમારી અને રૂઆબથી ઝળહળી રહ્યું હતું.' તેના શબને તેના પિતાની કબર નજીક જ લાલબાગમાં દફનાવવામાં આવ્યું. એનો જનાજો નીકળતી વખતે આબાલ વૃદ્ધ તમામ સ્ત્રીપુરુષો ધ્રુસકે ને ધ્રુસકે રડી ઊઠેલાં—જાણે ખુદ પોતાના કુટુંબનું શિરચ્છત્ર ઝૂટવાઈ ગયું ન હોય!

હિંદના ઇતિહાસમાં ટીપુ સુલતાન જેવો નેકદિલ, જાગ્રત ને પ્રજાવત્સલ શાસક મળવો મુશ્કેલ છે. એના આધ્યાત્મિક શિક્ષણને લઇને એ પોતાના રાજ્યને ખુદાએ સાચવવા આપેલું રાજ્ય ('ખુદાદાદ') ગણતો, ને તેમાં યે ફ્રેન્ચ રાજક્રાંતિ ને અમેરિકાના સ્વાતંત્ર્યયુદ્ધે એના એક શાસક તરીકેના ખયાલો ધરમૂળથી બદલી દીધેલા. ઈ. ૧૭૮૭માં બહાર પાડેલા જાહેરનામામાં એણે ધર્મ અને જાતિના તમામ ભેદભાવ દૂર કરેલા. મહેનતકશ વર્ગ પ્રત્યે એનો ખાસ પક્ષપાત હતો ને ખેડૂત તથા મજૂરી વર્ગને સધ્ધર બનાવવા તે સતત મથતો રહેલો. (અનુ. પૃ. ૪૨૬)

સોનચંપાનો છોડ

—લેખક - અશ્વિન દેસાઈ—

ત્રણ-ચાર દિવસ ચડી ગયા એટલે નલિનને વાત કરી.

'ખરેખર?' નલિને આશ્ચર્ય, ઉત્સાહ ને આનંદથી પૂછ્યું.

'એવું લાગે છે!' મેં સહેજ શરમથી હરખાતાં હરખાતાં કહ્યું.

અને બીજા બે-ત્રણ દિવસ પછી ક્લિનિક ઉપર ગયાં. ડૉક્ટરે ટેસ્ટ લીધો. થોડી વાર પછી બહાર આવી મલકાતાં મલકાતાં અભિનંદન આપ્યાં. નલિનના ચહેરા ઉપર લહેરખી ફરી વળી. હું શરમાઈ ગઈ.

ઘરે આવીને બાને વાત કરી. બાની ખુશીનો પણ પાર ન રહ્યો. તરત જ નાળિયેર મંગાવ્યું અને અગિયાર રૂપિયા લઇને મને અંબાજીના મંદિરે જવા કહ્યું. 'પછી જઈ આવીશ. હાલ ને હાલ શું છે?' મેં દલીલ કરી જોઈ. પણ બા શાના ધીરજ ધરે! 'ના. હમણાં ને હમણાં જા! તઇએ તો સોનલને પણ સાથે લઈ જા! પણ બાધા તો તરત જ ચડાવવાનો મારો નિયમ છે!'

'બા! તમે શાની બાધા રાખી હતી?' મારાથી પુછાઈ ગયું.

'શાની હોઈ શકે?' બા હસી પડયા.

'તો ય, તરત જ ચડાવવી પડે એવી કઈ બાધા હતી?' નલિને પણ અધીરવા થઇને પૂછ્યું.

'વહુને સારા દિવસો દેખાય એની જ હું રાહ જોતી હતી!' બાએ છેવટે કહ્યું! અમે બન્ને એકબીજા સામે આશ્ચર્યથી જોઈ જ રહ્યાં!

રાત્રે બેડ-રૂમમાં નલિને વાત છેડી: 'જોયું? બાને કેવો હરખ હતો તે? અને એક તું છે જે કાયમ ના પાડયા કરતી હતી!'

હું નલિન સામે જોઈ જ રહી! પછી બોલવું પડયું: 'મારી એકલીનું નામ શેનો દે છે? તારે પણ હરવું ફરવું હતું! અને વહેલી જંજાળમાં નહોતું પડવું!'

'હા, પણ પછી મારો વિચાર તો બદલાયો હતો! ત્યારે તું જ નહોતી માનતી ને?'

'જા! જા!' મેં હસીને કહ્યું: 'હું ન માનતી હોત તો એકાએક આવું બનત જ કેમ?'

અને અનેક મીઠા ઝગડાઓ દરમિયાન દિવસો વીતવા લાગ્યા. જાતજાતની તકલીફો થવા માંડી. પણ બધું ગમતું હતું. એક સોનેરી દિવસ તરફ વર્તમાન આગળ વધતો હતો. વચ્ચે વચ્ચે ડૉક્ટરને ત્યાં જવાનું થતું. ડૉક્ટરની સલાહ પ્રમાણે દવાઓ, વિટામિન્સ વગેરે નિયમિત લેતી. ખોરાક પણ ડૉક્ટરની સલાહ પ્રમાણે લેતી અને સ્વસ્થ અને પ્રફુલ્લિત રહેવાનો હમેશાં પ્રયત્ન કરતી. નલિન પણ ખૂબ કાળજી કરતો. અવાર નવાર ફરવા લઈ જતો. સુંદર ચોપડીઓ પસંદ કરીને વાંચવા માટે લઈ આવતો, ચર્ચાઓ કરતો.

માતૃત્વની ઝંખના શું છે તે હવે સમજાવા લાગ્યું. રોજ ને રોજ ઉત્સુકતા વધતી જતી હતી. ક્યારે એ દિવસ નજીક આવે એમ મનમાં થયા કરતું. આશ્ચર્યની વાત તો એ હતી કે પ્રસૂતિ એટલે સ્ત્રીનો પુનર્જન્મ એવી ખબર હોવા છતાં મનમાં પ્રસૂતિનો કોઈ ડર નહોતો! ઊલટાનું પ્રસૂતિની પીડાનો આનંદ વહોરી લેવા માટે મન અધીરયું બની ગયું હતું!

અંતિમ મહિનો આવ્યો. હવે તકલીફો ઘણા સારા પ્રમાણમાં વધી ગઈ હતી. હરવા ફરવાનું બંધ થયું. વાંચવામાં ય ચિત્ત નહોતું ચોંટતું. અનોખી અકળામણ હમેશાં રહ્યા કરતી. અને છેવટે નવનવ મહિનાની લાંબી ધીરજનો અંત આવ્યો.

ઑસ્પિટલમાં દાખલ થઈ. ઑસ્પિટલના વાતાવરણમાં સહેજસરખી ધ્રુજારી શરીરમાંથી પસાર થઈ ગઈ. પણ સહન કરી લીધી. હવે જ ખરી સ્વસ્થતા જાળવવાનો સમય હતો.

લગભગ બે ત્રણ કલાકની ઊથલપાથલ પછી, રાત્રે બારેકના શુમારે એક ખાસ ઓરડામાં લઈ જવામાં આવી. હવે ઘડીઓ ગણાતી હતી. ખૂબ જ પીડા થવા માંડી. લગભગ બેભાન જેવી થઈ ગઈ. નર્સ ને ડૉક્ટર પ્રોત્સાહન આપતાં હતાં. અંતે એક કારમી ચીસ પડાઈ ગઈ! અને ઘડી વારમાં બધું શાંત થઈ ગયું! ઓરડો ઠંડાગાર થઈ ગયો.

અરધોએક કલાક તો એમ જ અરધી બેભાન દશામાં પડી રહી. કલાકેક પછી નર્સ આવીને મારા ગાલમાં મોટો ચીમટો ભરી ગઈ: 'ખરાં નસીબદાર છો! પહેલે જ ખોળે બાબો!'

કંઈ જવાબ આપવાની શુદ્ધિ તો નહોતી, પણ સહેજ સરખું સ્મિત વેદનાગ્રસ્ત ચહેરા ઉપર રમી ગયું! મનમાં અપૂર્વ ઠંડક થઈ. અને થોડી વારે થોડા બોલવાના હોશ આવ્યા! ઓરડામાં ફરતી બાઇને નજીક બોલાવી; 'બાઈ! મારો બાબો ક્યાં છે?' ઉત્કંઠા ખૂબ વધી ગઈ. બાઈ હસી પડી: 'નવડાવવો તો પડશે ને? જરા ખમ્મા કરો!' પણ હવે ધીરજ રાખવી એ ખૂબ કઠિન હતું! છેવટે નર્સ સફેદ વસ્ત્રોમાં વિંટાળીને એને લઈ આવી. હું પથારીમાં બેઠી થઈ ગઈ!

'એમ ઉતાવળાં ન થાઓ! સૂઈ જ રહો! તમારી જ પાસે તો લાવું છું!' નર્સે ચેતવણી આપી. હું ધીમેથી સૂઈ ગઈ.

નર્સે બાબાને મારી પાસે સુવડાવ્યો. મેં સહેજ કેડ ફેરવીને એના ચહેરા સામે જોયું! આંખોમાંથી આંસુ સરી પડયાં! નર્સ મશ્કરી કરવા લાગી: 'હવે એને ફક્ત આંસુ જ ન પીવડાવતાં! એને ભૂખ પણ લાગી છે!' અને નર્સ હસતી હસતી જતી રહી.

સાંજે નલિન આવ્યો. આવ્યો એવો જ ઉતાવળો થયો: 'ક્યાં છે આપણો પ્રિન્સ?'

'આવે છે. થોડી ધીરજ તો રાખ!' મેં હસીને કહ્યું: 'મારી તબિયતના સમાચાર તો પૂછતો પણ નથી!'

'તને શું થવાનું હતું?' નલિન હસ્યો: 'મારા દીકરાને કંઈ નથી થયું ને, એ જ જોવાનું રહ્યું!'

'એમ કે? ગરજ પતી ગઈ એમ ને?' મેં આંખો કાઢી. નલિન આંખ મિચકારીને હસ્યો. હું રિસાઈ ગઈ. નલિને મારા ગાલ ઉપર હળવી ટપલી મારી: 'હવે તો આવી ખેંચતાણ ચાલ્યા જ કરશે! હમણાંથી રિસાઈ જશે તો કેમ ચાલશે?'

થોડી વારમાં બા આવ્યાં: 'ક્યાં છે મારો દીકરો?' અધીરાઈથી આમતેમ જોવા લાગ્યાં. હું હસી: 'બધાં એનું જ પૂછ્યા કરે છે! કોઈ હવે મારો ભાવ તો પૂછતું જ નથી, બા!'

બા હસ્યાં: 'દીકરો લાવે તે વહુ તો લાડકી થઈ જાય તેની તને ક્યાં ખબર છે?' 'એમ!' મને સારું લાગ્યું: 'એટલે હું હવે...'

'હા, તું હવે બાની લાડકી વહુ.' નલિન હસી પડ્યો.

'તને કોણે વચમાં બોલવાનું કહ્યું? એ તો અમારી વચ્ચેની વાત વાત છે!' હું ખોટું ચિડાઈ ગઈ અને દરમ્યાનમાં બાબો આવ્યો એટલે બાએ એને પોતાના ખોળામાં લઈ લીધો.

થોડા દિવસમાં તો ઘરે પણ આવી ગઈ. બારમે દિવસે નલિને પાર્ટી આપી, ને બાબાનું નામ પાડયું 'રાજીવ.' નવ મહિના દરમ્યાન અનેક ગડમથલ બાદ શોધાએલું નામ 'રાજીવ'. નલિનને પણ એ ખૂબ ગમતું હતું!

એક નવી જિંદગીની શરૂઆત થઈ. રાજીવ મોટો થવા લાગ્યો. નાના-મોટા, કડવા-મીઠા અનેક અનુભવોમાંથી પસાર થવાનું આવ્યું. દિવસો

ક્યાં કપાતા ગયા એ સમજાતું જ નહોતું!

જોતજોતામાં રાજીવ બે વર્ષનો થઈ પણ ગયો! અને એક દિવસ ફરી પાછી મૂંઝવણભરી પરિસ્થિતી આવીને ઊભી રહી ગઈ! નલિનને વાત કરી. 'શું વાત કરે છે?' આ વખતે પ્રશ્નમાં ચિંતાનો સૂર હતો!

'હા, ત્રણ દિવસ થઈ ગયા.' મારો પણ જવાબ ઠંડોગાર હતો!

ફરી પાછી એ જ ડૉક્ટરની ઍપોઈન્ટમેન્ટ, ટેસ્ટ વગેરે...અને ફરી પાછું બીજા પરિણામ માટે સજ્જ થવાનું આવ્યું!

'થોડો ગૅપ રાખ્યો હોત તો સારું થાત!' લોકોની સલાહ મળવા માંડી. પણ નલિન અને ડૉક્ટર પણ કહેતા કે હવે જે થયું તે થયું! આમ પણ, ગમે ત્યારે બીજું બાળક જોઇએ તો છે જ ને?

ને નવ મહિના પછી, રાજીવ સાથે રમવા માટે બહેન પણ આવી ગઈ!

બન્ને જણાં હસતાં-રમતાં મોટાં થવા લાગ્યાં. ભાઈ-બહેન વચ્ચે નાના-નાના ઝગડા, પ્રેમ વગેરે ચાલ્યા કરતું. રાજીવ છએક વર્ષનો થયો.

એક દિવસ સાંજના સ્કૂલેથી પાછા આવવાના સમયે પણ દેખાયો નહિ. સ્કૂલ નજીકમાં હતી એટલે ચિંતાનું કોઈ કારણ નહોતું. પણ ઘણી વાર થઈ એટલે હું સ્કૂલે ગઈ, તપાસ કરી.

'અહીંથી તો ક્યારનો નીકળી ગયો છે!' એમ બાઇએ કહ્યું એટલે મનમાં ફાળ પડી! ક્યાં ગયો હશે? ફરીથી રસ્તા ઉપર જોતી જોતી ઘેર ગઈ. પૂછ્યુ. ઘેર હજી ય પહોંચ્યો નહોતો! ફરી પાછી સ્કૂલે ગઈ. સ્કૂલની બાઈ પણ મારી સાથે શોધવા નીકળી. રસ્તે શોધતાં શોધતાં ઘેર આવ્યાં. દરમ્યાનમાં નલિન પણ આવી ગયો હતો.

'નલિન! રાજીવ મળતો નથી!' મારાથી રડાઈ ગયું.

'શું વાત કરે છે?' ઘડીભર તો નલિન પણ અચંબામાં પડી ગયો. પછી મને આશ્વાસન આપ્યું: 'હશે! ક્યાં જવાનો હતો? એમાં આટલી બધી ગભરાઈ શું જાય છે? ચાલ તપાસ કરીએ!'

અમે બન્ને નીકળ્યાં. એના બધા મિત્રોને ત્યાં તપાસ કરી. બધે ફરી વળ્યાં. પણ પત્તો લાગ્યો નહિ. આખરે નલિને મને ઘેર જવા કહ્યું અને એ પોતે પોલીસમાં ફરિયાદ કરવા ગયો.

બીજા દિવસથી છાપાંમાં ફોટા સાથે આપવા માંડયું. પોલીસ ફોટા લઈ ગઈ. બધાં બહાવરાં બની ગયાં અને મારા મગજમાં જાતજાતના વિચારો આવવા માંડયા.

અઠવાડિયું થયું! રાજીવ ન મળ્યો! ખાવાપીવાનું, ઊંઘવાનું સૂઝે નહિ! નલિન પણ ઘેર જ. બા પણ અનહદ ચિંતામાં. બેબીના જાતજાતના પ્રશ્નોના જવાબ આપવાના! ભગવાને ખરી કસોટી કરવા માંડી, એમ થયું. વાતમાં ને વાતમાં મહિનો થયો! કોઈ સગડ ન મળ્યા! મારું શરીર ગળાતું ચાલ્યું! ક્યાં હશે મારો રાજીવ? શું કરતો હશે? કોઈ ઉપાડી ગયું હશે? કે ક્યાંક ચાલી ગયો હશે?

લોકો તરફથી જાતજાતનાં આશ્વાસન મળવા લાગ્યાં. 'હશે ક્યાંક તો જરૂર પાછો આવશે!', 'ધીરજ રાખો! સૌ સારાં વાનાં થશે!' 'શાંતિથી કામ લો! આવે વખતે બહાવરાં ન બનાય!' અને મારું મગજ લગભગ બહેર મારી ગયું. કંઈ બોલું નહિ, બસ બેસીને બહાર રસ્તો જ જોયા કરું!

ધીમે ધીમે રાજીવનો ભાર બધાંનાં મગજમાંથી ઓછો થવા માંડયો હોય એવું લાગ્યું! નલિન પણ એક દિવસ કહેવા માંડયો: 'આપણાથી બનતું આપણે કરીએ છીએ! પછી તો ઇશ્વરેચ્છા!'

'એટલે શું રાજુ મળશે જ નહિ?' મારાથી ચીસ પડાઈ ગઈ.

'હું એમ નથી કહેતો! પણ ક્યારે મળશે તે શું કહી શકાય?' હું ચૂપ થઈ ગઈ.

બેબી પણ રાજીવ વિના મૂંઝાતી હતી. ઘરમાંથી બહાર જ નહોતી નીકળતી. બધાંનાં મોઢાં જોયા કરતી અને પૂછતી: 'રાજીવ ક્યારે આવશે?' કોઈ એને માથે હાથ દઇને કહેતું: 'આવશે હં! જરૂર આવશે! એ તો ભણીગણીને મોટો થઇને આવશે!' મારી આંખમાં આંસુ આવી જતાં એટલે આશ્વાસન આપનાર મને કહેતું: 'તમે જ આમ હિંમત હારી જશો તો કેમ ચાલશે? તમારે તો આ બેબીને ખાતર પણ હિંમત રાખવી પડશે અને બધું સહન કરવું પડશે!'

હું કંઈ ન બોલી શકતી, પણ બાળપણમાં ભણેલી બાલમુકુન્દ દવેની પંક્તિઓ યાદ આવતી:

'રંકની વાડીએ મ્હોર્યો સોન રે ચંપાનો છોડ,
અમને ન આવડયાં જતન જી!'

લોકો તો આશ્વાસન આપી આપીને ચાલ્યા જતા. નલિન પણ પછી ઑફિસે જવા માંડયો. ઘરમાં એક ખૂણે હું અને બેબી ફુરસદની ક્ષણમાં બેસી રહેતાં. બન્ને ચૂપચાપ. પણ એ મૌનના વાતાવરણને કોઈવાર બેબી ભાંગી નાખતી અને પૂછતી: 'મમ્મી! ભઈલો મોટો થઈને આવશે ત્યારે એનાં કપડાં એને ટૂંકાં નહિ પડે?'

હું જવાબ આપવાને બદલે બેબીના માથા ઉપર હાથ ફેરવ્યા કરતી. બેબી જવાબની આશાએ મારા ચહેરા સામે જોઈ રહેતી! □

અનુસંધાન] **ટીપુ સુલતાન** [પૃ. ૧૨૪થી

પ્રાચીન રાજવીઓની જેમ એ વેશપલટો કરી નગરચર્યા માટે નીકળી પડતો અને પ્રજાજનોનાં દુઃખકષ્ટો જાતે જાણી તે દૂર કરવા પ્રયત્નશીલ રહેતો.

બધા જ ધર્મો પ્રત્યે એને એકસરખો આદર હતો. મસ્કતથી આવેલા મૌલવી અલ અમીનને તેણે ત્યાં મસ્જિદ બાંધવા માટે મોટી રકમની મદદ ઉપરાંત ૧૦૦૦ પેગોડા અંગત બક્ષિશ આપેલી.

ઇતિહાસકારો રીસ અને મૅકેન્ઝી કહે છે તેમ ટીપુ કલાની સૂક્ષ્મ સમજ ધરાવતો હતો. તેના દરબારમાં કલાકારો, કવિઓ, વિજ્ઞાનીઓ વગેરેને જેવો આશ્રય મળતો એવો અન્યત્ર ક્યાંય ન મળતો. ઇતિહાસકાર સ્ટુઅર્ટના કહેવા પ્રમાણે તેના પુસ્તકાલયમાં અનેક ભાષાઓનાં અનેક કિંમતી પુસ્તકો હતાં. આ અમૂલ્ય ગ્રંથભંડાર અંગ્રેજોએ લંડન ભેગો કરી દીધેલો. પણ તેમાંનાં કેટલાંક પુસ્તકો પ.રી(સ)ના મ્યૂઝિયમમાં પણ છે. ઇંગ્લૅન્ડની પ્રસિદ્ધ 'ઇંડિયા ઑફિસ લાયબ્રેરી'નું બીજ ટીપુનાં આ પુસ્તકોથી જ નખાએલું

ટીપુના વિદ્યાવ્યાસંગનો ખ્યાલ તો કૅપ્ટન (પાછળથી મેજર) ચાર્લ્સ સ્ટુઅર્ટે તેનાં પુસ્તકોની તૈયાર કરેલી યાદી પરથી જ મળી રહે છે. અલબત્ત, ટીપુએ પોતે કોઈ પુસ્તક નહોતું લખ્યું, પણ પોતાના આશ્રય નીચે જુદાજુદા વિષયનાં પિસ્તાળીસ જેટલાં પુસ્તકો તે તે વિષયના નિષ્ણાતો પાસે તેણે લખાવેલાં.

ટીપુ માત્ર દેશની આઝાદીનો જ અલમબરદાર ન હતો. આઝાદી માટે મથતી હરેક પ્રજાનો એ સમર્થક હતો. અમેરિકાના સ્વાતંત્ર્યયુદ્ધ માટે ફ્રાન્સની મદદ લેવા પહોંચેલા બેન્જામિન ફ્રાન્કલીનને એણે પોતાના વતી પ્રુશિયાના પાદરી સ્વાઝં જોડે ખાસ મદદ મોકલેલી જે એ પાદરી પોતે જ હજમ કરી ગએલો, અને એ દેશ અંગ્રેજોની એડી નીચેથી સ્વતંત્ર થયા પછીના પ્રથમ જયંતી દિને એટલે કે ઈ. ૧૭૮૪ના જુલાઈની ૪થીના રોજ ટીપુએ પોતાના રાજ્યમાં એમની આઝાદીને ૧૦૮ તોપોની સલામી આપેલી.

ગાંધીજી સુધ્ધાંની ભાવભરી અંજલિ મેળવનાર જંગે આઝાદીના આ પેશવાએ આઝમની ઉદારતાનાં, સર્વધર્મસમભાવનાં અને પ્રજાવાત્સલ્ય તેમ જ વિદ્યાપ્રેમનાં અનેક ઉદાહરણો આપી શકાય તેમ છે, પણ એ બધું ત્યારે જ દીપી ઊઠે જ્યારે વિદેશી ઇતિહાસકારોની દ્વેષપ્રેરિત લેખિનીએ એની ઝાંખી પાડેલી પ્રતિમાને તેના સાચા સ્વરૂપમાં વિશાળ જનસમુદાય આગળ રજૂ કરીએ. એ પ્રતિમા તેના યથાર્થ સ્વરૂપે આપણી નજર સામે રહેવા પામી હોત તોપણ ભારતનો તે પછીનો ઇતિહાસ કદાચ જુદો વળાંક લેત. □

ભારતના સુખ્યાત અંગ્રેજી દૈનિક 'ધી હિન્દુ' પત્રની જન્મ-શતાબ્દી

લેખક · શંકરદેવ વિદ્યાલંકાર

ભારતમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થતાં વૃત્તપત્રોની પ્રથમ પંક્તિમાં જેની વિશેષ પ્રતિષ્ઠા છે તે છે મદ્રાસથી પ્રકટ થતું દૈનિક પત્ર 'હિન્દુ', ગઈ ચોથી સપ્ટેમ્બરે (૧૯૭૮) તેનો જન્મ શતાબ્દી સમારંભ મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી સંજીવ રેડ્ડીના પ્રમુખપણે ઉજવાઈ ગયો.

કોઈ પણ પક્ષનો એકાંગી પ્રચાર ન કરતાં, તટસ્થરીતે, અધિકૃત અને વિશ્વસનીય સમાચારો આપનારું હિન્દુ પત્ર માત્ર ભારતમાં જ નહિ પરંતુ પરદેશમાં પણ શોભનીય કીર્તિ કમાયું છે: ભારતીય સમસ્યાઓનું અધ્યયન અને અનુશીલન કરનારા અભ્યાસુ લોકો માટે હિન્દુ પત્ર પ્રમાણભૂત મનાય છે. હિન્દુએ પોતાની ઉક્ત પરંપરાનું પાલન પ્રારંભથી લઈને આજ સુધી એકધારું સ્વચ્છ અને સ્વસ્થ રીતે કર્યું છે.

નિર્ભીક દેશભક્ત અને પ્રભાવશાળી લેખક શ્રી જી. સુબ્રહ્મણ્યમ્ ઐયર હતા હિન્દુના સર્વ પ્રથમ તંત્રી. તેનો પ્રથમ અંક ૨૦મી સપ્ટેમ્બર ૧૮૭૮ને દિવસે સાપ્તાહિક રૂપમાં પ્રસિદ્ધ થયો હતો. તે પહેલાં મદ્રાસ પ્રદેશમાં પ્રસિદ્ધ થતા 'નેટિવ પબ્લિક ઓપીનિયન' અને 'મદ્રાસી' નામક પત્રો અલ્પ સમય જીવીને અસ્ત પામ્યાં હતાં.

વૃત્તપત્રનો વ્યવસાય ઘણો કઠિન મનાય છે. અને આર્થિક દૃષ્ટિએ સધ્ધર અને યશસ્વી બનવું તે તે વખતે અશક્ય મનાતું હતું. હિન્દુની ભવિતવ્યતા વિષે પણ આ પ્રકારની શંકા તે સમયે વ્યક્ત કરવામાં આવી હતી. પરંતુ હિન્દુ એવાં સર્વ સંકટોમાં સ્થિર ટકી શક્યું એટલું જ નહિ, પણ ઉત્તરોત્તર પ્રગતિ કરતું રહીને આજે એક સમૃદ્ધ સંસ્થા તરીકે પોતાની જન્મ-શતાબ્દી ઊજવવાની કૃતકૃત્યતા અનુભવે છે.

હિન્દુ અઠવાડિક ટ્રિપ્લીકેન લિટરરી સોસાએટી (મદ્રાસ)ના મુખપત્ર તરીકે શરૂ થયું હતું. સૌથી પહેલાં મુખ્યત્વે શ્રી જી. સુબ્રહ્મણ્યમ અને શ્રી વીરરાઘવાચાર્યે તેની જવાબદારી ઉપાડી લીધી હતી. તે વખતે સી. કરુણાકર મેનન, કે. સુબ્બારાવ અને કે. નટરાજ ઐયર તેમના નિષ્ઠાવાન સહાયક હતા. સર્જન મેજર નિકલ્સન દ્વારા પણ એમને સારું માર્ગદર્શન મળતું હતું.

અંગ્રેજી શાસન-વ્યવસ્થામાં આવતી અનેક ત્રુટિઓ પ્રત્યે આંગળી ચીંધવાનું અને તે દૂર કરવા માટે લોકોમાં નિર્ભયપણે સાર્વજનિક કર્તવ્ય-ભાવનાને જાગ્રત કરવાનું સારું સામર્થ્ય શ્રી સુબ્રહ્મણ્યમમાં હતું. રાજનૈતિક અને આર્થિક પ્રશ્નો પરત્વે તેમનું અધ્યયન ગહન હતું. તેથી તેઓ શાસન-વ્યવસ્થાની ખામીઓ અને અધિકારના દુરુપયોગો પ્રત્યે





△ 'હિન્દુ'ની સંજ્ઞા. એસ. કસ્તૂરીરંગા આયંગરે આ પત્ર ખરીદ્યા પછી દૈનિકના નામની વચ્ચે આવી એક સંજ્ઞા છપાતી હતી, ઈ. ૧૯૩૫-માં તેનું આલેખન વધુ સ્પષ્ટ બનાવી તેને આ સ્વરૂપ અપાયું અને ત્યારથી તે આજ સુધી ઉપયોગમાં લેવાતું રહ્યું છે. નીચે: ૪થી સપ્ટેમ્બર ૧૯૭૮ના રોજ મદ્રાસ યુનિવર્સિટીના સભાગૃહમાં 'હિન્દુ'ની જન્મ-શતાબ્દી નિમિત્તના સમારોહમાં સભાને સંબોધતા રાષ્ટ્રપતિ શ્રી સંજીવ રેડ્ડી. તેમની બાજુમાં તામિલનાડુના રાજ્યપાલ શ્રી પ્રભુદાસ પટવારી તથા ડાબી બાજુ પ્રથમ બેઠેલા, 'હિન્દુ'ના આજના તંત્રી શ્રી જી. કસ્તૂરી. (આ લેખનાં બધાં ચિત્રો 'હિન્દુ'ના સૌજન્યથી)

જે તેજીલી કટારો લખતા તેના સમર્પક અને સંતોષકારક જવાબોનો અધિકારીઓ પાસે અભાવ રહેતો.

ઈ. ૧૮૮૩થી હિન્દુ અઠવાડિયામાં ત્રણ વાર પ્રસિદ્ધ થવા લાગ્યું. હવે તેણે મદ્રાસમાં માઉન્ટ રોડ ઉપર 'નૅશનલ પ્રેસ' નામનું પોતાનું છાપખાનું પણ શરૂ કર્યું. તે વખતે એસ. સુબ્રહ્મણ્યમ્ ઐયર અને સી. શંકરન્ નાયર જેવા પ્રતિષ્ઠિત લોકનેતાઓનું પીઠબળ એને પ્રાપ્ત થયું. મદ્રાસ પ્રાંતમાં લોકજાગ્રતિ માટે સ્થાપવામાં આવેલી 'મહાજન-સભા'નું કાર્ય પણ વર્ષો સુધી હિન્દુની કચેરીમાં ચાલતું હતું. આ સભા તરફથી ઈ. ૧૮૮૫ના ડિસેમ્બરમાં પ્રથમ પ્રાંતીય પરિષદનું અધિવેશન ભરાયું હતું. ઇંડિયન નૅશનલ કૉંગ્રેસના આદ્ય સંસ્થાપક ઍલન ઑક્ટેવિયન હ્યુમનો પણ આ મહાજન સભા અને હિન્દુ પત્ર સાથે નિકટનો સંબંધ હતો, અને એ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસનું ત્રીજું અધિવેશન ૧૮૮૭માં જ્યારે મદ્રાસમાં ભરાયું ત્યારે તેની વ્યવસ્થા અને પ્રચારકાર્યમાં હિન્દુએ સારો ભાગ ભજવ્યો હતો.

ઈ. ૧૮૮૯થી હિન્દુ દૈનિક રૂપમાં પ્રસિદ્ધ થવા લાગ્યું. તે જમાનામાં ભારતીય વૃત્તપત્રોને સારા પ્રમાણમાં જાહેરખબરો, વિજ્ઞાપનો વગેરે મળતાં નહિ ને મોટી યુરોપિયન વ્યાપારી પેઢીઓ ભારતીય માલિકીનાં વૃત્તપત્રોને જાહેરાત આપતી નહિ. થોડાંક દેશી રાજ્યો અને ખાસ તો વિજયનગરમના રાજા જેવા દૂરદર્શી સંપન્ન સંરક્ષકો હિન્દુના સહાયક હતા. ઈ. ૧૮૯૭માં ઉક્ત નરેશના અવસાન પછી હિન્દુની આર્થિક સ્થિતિ ખૂબ નબળી પડી ગઈ હતી. અધૂરામાં પૂરું જી. સુબ્રહ્મણ્યમે પોતાનો હાથ તંત્રમાંથી ખેંચી લીધો અને થોડા સમય સુધી શ્રી વીર રાઘવાચાર્યે હિન્દુની નૌકાનું સુકાન સંભાળ્યું. થોડા જ સમયમાં તેઓએ અનુભવ્યું કે હિન્દુને ટકાવવું અને સ્થિર કરવું હોય તો તેને માટે એક પબ્લિક લિમિટેડ કંપની રચવાની જરૂર છે. એટલે એક કંપની ઊભી કરવામાં આવી, પરંતુ પ્રજા તરફથી એને વિશેષ સહકાર મળ્યો નહિ.

આ સ્થિતિમાં થોડો સમય વીત્યા પછી હિન્દુનું ભાગ્યચક્ર ફર્યું અને ઈ. ૧૯૦૫નું વર્ષ હિન્દુ માટે મહત્ત્વનું બની ગયું. એ વર્ષમાં કોઈમ્બતૂરમાં ધીકતી વકીલાત કરતા એક સદ્‌ગૃહસ્થ શ્રી કસ્તૂરી રંગા આયંગરે હિન્દુ પત્રને ખરીદી લીધા અને તેનું બધું તંત્ર સંભાળી લીધું. જો કે એમના કેટલાક આત્મીયજનો અને આપ્ત મિત્રોએ આનો વિરોધ કર્યો



The Hindu.

MADRAS, MONDAY, MAY 27, 1889.

BONANZA DATING STAMPS

Price Rs. 10 only.

BLOOMFIELD & Co.

BANGALORE

HOLLOWAY'S OINTMENT

P. ORR & SONS. MOUNT ROAD. MADRAS.

CONSULTING OPTICIANS

હતો. કેમકે આ એક મહા સાહસનું કામ હતું. પરંતુ શ્રી કસ્તૂરી રંગા આયંગરે પૈસા સાથે પુરુષાર્થ રેડીને તથા ઘણી દક્ષતા, ધીરતા અને દઢતાથી હિન્દુની કાર્યધુરા સાચવી લીધી. પરિણામે ઉત્તરોત્તર કામમાં બરકત આવવા લાગી. એવામાં એક જૂના સાથી સી. કરુણાકર મેનન રાજીનામું આપી હિન્દુમાંથી છૂટા થયા. તરત એમની જગ્યાએ એ. રામસ્વામી આયંગર (શ્રી કસ્તૂરી રંગા આયંગરના ભત્રીજા)ને તંત્રમાં



◁ ઈ. ૧૮૭૮માં સાપ્તાહિક પત્ર તરીકે શરૂ થએલું 'હિન્દુ' ઈ. ૧૮૮૩-થી સપ્તાહમાં ત્રણ અંકો પ્રકટ કરતું થયુ અને ઈ. ૧૮૮૯થી એ દૈનિક બન્યું. બાજુમાં ઈ. ૧૮૮૯ની ૨૭મી મેના અંકનું પ્રથમ પૃષ્ટ આપ્યું છે. એ સમયમાં પહેલા પાના ઉપર જાહેર ખબરો આપવાની પ્રથા અપનાવાતી હતી. (નીચે) 'હિન્દુ'નું આજનું મકાન 'કસ્તૂરી બિલ્ડિંગ્સ'. ઈ. ૧૯૩૯થી હિન્દુનું એ કેન્દ્રવર્તી કાર્યાલય છે.


જોડવામાં આવ્યા અને એમણે પણ ઘણી બાહોશી અને તત્પરતાથી હિન્દુની સેવા બજાવી.

શ્રી કસ્તૂરી રંગા આયંગરે જોઈ લીધું કે સાચા વૃત્તપત્રનું કામ, દેશ-પરદેશથી સારા, નવીનતમ અને વૈવિધ્યભર્યા સમાચાર આપવાનું છે. એટલે એમણે દેશ-પરદેશના ખબરપત્રીઓને સારું પારિશ્રમિક આપવાની પદ્ધતિ રાખી. પરિણામે હિન્દુ ત્વરિતવેગે પ્રગતિ કરવા લાગ્યું. સાથોસાથ નિર્ભીક, સંતુલિત અને જોશીલી નોંધો આપવાની પરંપરા એમણે ચાલુ રાખી અને તે માટે દેશી રાજ્યો તથા શ્રીમંત ગૃહસ્થોની સહાય પર આશ્રિત રહેવાની નેમ એમણે છોડી દીધી.

સ્વદેશી આંદોલનને આગળ ધપાવવામાં હિન્દુનું સારું યોગદાન હતું. અંગ્રેજ સરકારની પ્રતિક્રિયાવાદી રીતિનીતિને તેઓ ઉઘાડી પાડતા જ રહ્યા હતા. રાષ્ટ્રીય આંદોલન અને કૉંગ્રેસની પ્રવૃત્તિઓ સાથે પણ હિન્દુનો ઘનિષ્ઠ સંબંધ હતો. પરંતુ એમનું વલણ અંધાનુકરણ જેવું ન હતું. ભારતની સ્વાધીનતા પૂર્વેની અને પછીની હિન્દુની વિચાર ભૂમિકા સદા સ્વતંત્ર, તટસ્થ, સ્વસ્થ અને સંતુલિત રહેતી આવી છે. પ્રત્યેક પ્રશ્ન પરત્વે સ્વતંત્રતાથી અભ્યાસપૂર્વક પોતાના અભિપ્રાયની પ્રતિપાદનાનું એનું વૈશિષ્ટ્ય સદા કાયમ રહ્યું છે.

ભારતીય રાષ્ટ્રવાદના વિકાસમાં વૃત્તપત્રોનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. તેમાં હિન્દુપત્રની કામગીરી ખૂબ જ કિમતી અને ઉપકારક રહી છે. એ કાળે મુંબાઈનું 'ટાઈમ્સ ઑવ ઇંડિયા', કલકત્તાનું 'સ્ટેટ્સમૅન', લાહોરનું 'સિવિલ ઍન્ડ મિલિટરી ગૅઝેટ' અને અલ્લાહાબાદનું 'પાયોનિયર' વગેરે બ્રિટિશ લોકોની માલિકીનાં પત્રો હતાં. એમનું કામ તો બ્રિટિશ શાસનની પ્રશંસા કરવાનું અને એમની ડુગડુગી બજાવવાનું હતું. એ બધાં સામે ભારતના પારતંત્ર્યના એ સમયમાં રાષ્ટ્રવાદ અને લોકસેવાની જ્યોતિને સદા પ્રોજ્જ્વલ રાખવાનું કામ કલકત્તાની 'અમૃત બજાર પત્રિકા' (તંત્રી-મોતીલાલ ઘોષ), અલ્લાહાબાદના 'લીડર' (તંત્રી–સી. વાઈ. ચિંતામણિ) અને મદ્રાસના 'હિન્દુ' પત્રે ખૂબ જ નિષ્ઠાપૂર્વક અને નિર્ભયપણે બજાવ્યું છે.

વૃત્તપત્રોના તંત્ર-સંચાલન અને વિષય આયોજનની બાબતમાં પરિવર્તનો થયા જ કરે છે. તદનુસાર હિન્દુનું બાહ્ય રૂપ પણ બદલાતું રહ્યું છે. ઘણાં વર્ષો સુધી લંડન-ટાઈમ્સની એવી પરંપરા હતી કે પત્રના આખા પહેલા પાના ઉપર જાહેરાતો આપવી. આ પ્રથાનું અનુકરણ આપણા દેશમાં પણ ચાલુ થયું હતું અને 'ટાઈમ્સ ઑવ ઇંડિયા', 'હિન્દુ' અને કેટલાંક મરાઠી ભાષાનાં વૃત્તપત્રો પહેલા પાના પર વિજ્ઞાપનો છાપતાં આવ્યાં હતાં. પણ વખત જતાં મહત્ત્વના સમાચારો અને બાતમીઓને પહેલા પાના પર આપવાની—ગોઠવણીની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ સુધારણાની જરૂર જણાવા લાગી. હિન્દુએ પણ તેને સ્વીકાર કર્યો. વળી વર્ષો સુધી હિન્દુની ગોઠવણીનું એક ખાસ વૈશિષ્ટ્ય રહ્યું હતું કે બધા ખબર એક જ કટારમાં સંપૂર્ણ સમાવી લેવા અને શીર્ષક પણ એવી રીતે રાખવાં કે એક કટારની પહોળાઈમાં સમાવિષ્ટ થઈ જાય. ઘટના ગમે તેટલા મહત્ત્વની હોય, છતાં તેનો સમાવેશ એક કટારમાં થવો જ જોઇએ એવો હિન્દુનો આગ્રહ રહ્યો છે. સમાચાર સવિસ્તર હોય તો પણ કટારની



ડાબી બાજુથી : 'હિન્દુ'ના છ આદ્ય સ્થાપકોમાંના એક અને આદ્ય તંત્રી જી. સુબ્રહ્મણ્યમ્ ઐયર. 'હિન્દુ'ની આર્થિક સ્થિતિ ડામાડોળ થઇ ગયા પછી એમણે એના તંત્રમાંથી પોતાનો હાથ પાછો ખેંચી લીધો હતો. એ પછી થોડા સમય સુધી એમ. વીરરાઘવચારી ખારે 'હિન્દુ'નું સુકાન સંભાળ્યું હતું. 'હિન્દુ'ના આદ્ય સ્થાપકોમાંના તેઓ પણ એક હતા. (ત્રીજા) એસ. કસ્તૂરી રંગા આયંગર. 'હિન્દુ'ના હાલના માલિકોના એ આદિ પુરુષ. ઈ. ૧૯૦૫ના એપ્રિલ માસમાં એમણે 'હિન્દુ' ખરીદી લીધું. કોઈમ્બતુરમાં એમની ધીકતી વકાલત ચાલતી હતી અને 'હિન્દુ'ના તેઓ કાયદાના સલાહકાર હતા. પોતાની રાજકીય પ્રવૃત્તિને કારણે તેઓ મદ્રાસ આવી રહેલા. 'હિન્દુ' ખરીદ્યું ત્યારે એમને પત્રકારત્વનો જરા પણ અનુભવ નહોતો અને ચાળીસની વય પણ તેઓ વટાવી ચુકયા હતા. હિતેચ્છુ મિત્રોની સલાહને અવગણીને એમણે ૭૫૦૦૦ રૂપિયામાં 'હિન્દુ' ખરીદ્યું એ વખતે 'હિન્દુ'ની માત્ર ૮૦૦ નકલ જ ખપતી હતી, પણ કસ્તૂરી રંગાએ એના સમગ્ર તંત્રને વ્યવસ્થિત કરી પહેલે વર્ષે ૧૫૦ રૂપિયા નફો કર્યો હતો, અને ત્યાર પછી 'હિન્દુ' ઉત્તરોત્તર વિકાસ પામી તેની હાલની સુખ્યાતિને પામ્યું છે. (ચોથા) 'હિન્દુ'ના આજના તંત્રી જી. કસ્તુરી.

અંદર જ સમાઈ જવા જોઇએ. ગોઠવણી (લે-આઉટ)ની આવી પદ્ધતિ પ્રમાણે વૃત્તપત્ર રુક્ષ લાગતું, વાચકોનું લક્ષ્ય ત્યાં નહિ ખેંચાતું અને તેમાં રંજકતા આવતી નહિ. વૃત્તપત્રના વાચનમાં આકર્ષકતા ઓછી થતી. આ બધું જોઇને હિન્દુએ પણ બીજાં વૃત્તપત્રોની જેમ પોતાની ગોઠવણીમાં યોગ્ય ફેરફાર કર્યા અને તેથી તેમાં આકર્ષકતા અને સુંદરતા આવી. આ બધી સુધારણાઓ સ્વીકારવા છતાં હિન્દુએ પોતાની ગંભીરતા, ધીરતા, પ્રૌઢતા અને વિશિષ્ટતાને સાચવી રાખી.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રશ્નો પરત્વે હિન્દુના ખબરપત્રીઓ તથા વિશેષજ્ઞોનાં લખાણો ખૂબ માહિતીપૂર્ણ અને અભ્યાસપૂર્ણ હોય છે. નિષ્પક્ષતા, તટસ્થતા અને સંતુલિતપણાનું હિન્દુનું વૈશિષ્ટ્ય સદા સચવાતું આવ્યું છે. અમૃતસરમાં જલિયાંવાલા બાગમાં થએલા સરકારના અત્યાચારો વખતે સર સી. શંકરન્ નાયર વાઈસરૉયની કારોબારી સમિતિના સભ્ય હતા. તેઓ શ્રી કસ્તૂરી રંગા આયંગરના આજીવન ગાઢ મિત્ર અને સહાયક હતા. છતાં અમૃતસરની ઘટનાઓના પ્રતિભાવ રૂપે શ્રી સી. શંકરન્ નાયરે કાર્યસમિતિમાંથી રાજીનામું નહિ આપ્યું તે માટે શ્રી કસ્તૂરી રંગા આયંગરે એમની આકરી ટીકા કરી હતી.

ભારતમાં વૃત્તપત્રના વ્યવસાયમાં એક ઉચ્ચ કોટિના વૃત્તપત્ર તરીકે હિન્દુનું કર્તૃત્વ ખૂબ યશસ્વી અને તેજસ્વી રહ્યું છે. બાતમીદારો અને ખબરપત્રીઓમાં શ્રેષ્ઠ ગણાતા બાતમીદારો પૈકી હિન્દુના દિલ્હીના બાતમીદાર શ્રી જી. કે. રેડ્ડીને 'દુર્ગારતન પારિતોષિક' મળ્યું છે.

વાચકોનો પત્રવ્યવહાર પણ હિન્દુની એક વિશેષતા રહી છે. દરરોજ અઢીથી ત્રણ કટારો જેટલી જગ્યા તેને અપાય છે. પ્રજાની ફરિયાદો ઉપરાંત મહત્ત્વના પ્રશ્નો પરત્વે તે તે ક્ષેત્રોના વિશેષજ્ઞોના અભિપ્રાય પણ ત્યાં અપાય છે. લોકમતને વ્યક્ત કરવા માટે પત્રવ્યવહાર એક પ્રભાવી સાધન છે. આ વાત હિન્દુએ સારી રીતે દાખવી છે.

હિન્દુ એક એવું પત્ર છે, જેને ભારતમા ને ભારતની બહાર વસતા સરકારી અધિકારીઓ ખૂબ ધ્યાનપૂર્વક વાંચે છે. પત્રની પોતાની રેફરન્સ લાયબ્રેરી અને ચોકસાઈથી સંચિત કરેલી વિવિધ વિષયોની કાપલીઓની ઈન્ડેક્સને લીધે હિન્દુના તંત્રીલેખો ખૂબ સુચિંતિત, વિચારસમૃદ્ધ, સત્ત્વશાલી અને ગુણવત્તાવાળા હોય છે. પત્રનો વહીવટી વિભાગ પણ ખૂબ વ્યવસ્થિત અને કૌશલપૂર્ણ છે.

હિન્દુ પત્ર એક સુસંસ્કૃત અને ખાનદાન મનીષી કુટુંબની માલિકી નીચે ચાલે છે. તેથી તે ઉદાત્ત પરંપરાઓના પરિપાલન અને સાંસ્કૃતિક મૂલ્યોના સંરક્ષણ માટે જાગરૂક રહે છે. આ પત્રનાં તકનીકી કૌશલ, પ્રકાશન અને વિતરણની ચોકસાઈ પણ પ્રશંસનીય છે. વળી હિન્દુની સમુદ્રપારના દેશો માટેની સફેદ અને પાતળા કાગળ ઉપર ખાસ છપાતી તથા હવાઈ રસ્તે મોકલાતી લઘુ આવૃત્તિ પરદેશ વસતા ભારતીયો હોંશથી વાંચે છે. ભારતમાં જ્યારે સામાન્ય પ્રજા માટે સરકારી માહિતી ખાતાની કામગીરી શિથિલ, અપર્યાપ્ત અને વિલંબિત રહે છે ત્યારે હિન્દુ પત્રનો સંસારભરના પ્રામાણિક સમાચારો અને બાતમીઓનો સંગ્રહ પ્રબુદ્ધ નાગરિકો અને સંસ્કારવાંછુ વિદ્વાનો માટે ખૂજ જ સંતર્પક હોય છે. કહેવાય છે કે લંડનના બ્રિટિશ મ્યૂઝિયમના પુસ્તકાલયમાં હિન્દુની જૂની ફાઇલોની ખૂબ માગ રહે છે.

હિન્દુનો રવિવારીય મૅગૅઝીન વિભાગ ખૂબ સમૃદ્ધ, પઠનીય અને ઉપયોગી હોય છે. તેમાં વિવિધ વિષયોના જ્ઞાનપ્રદ લેખો ઉપરાંત ગ્રંથોના સુંદર સુચિંતિત, તલસ્પર્શી વિવેચનો પ્રસિદ્ધ થાય છે. કેટલાક સ્વાધ્યાયશીલ વાચકો તો માત્ર ગ્રંથોના આ વિવેચન અને ચયન માટે જ એકલી રવિવારીય આવૃત્તિના ગ્રાહક બને છે. તે ઉપરાંત દરેક અઠવાડિએ મદ્રાસ યુનિવર્સિટી અને બીજાં મોટાં ગ્રંથાલયોમાં નવા આવેલા ગ્રંથોની વ્યવસ્થિત માહિતી આપવામાં આવે છે. તેથી સંસ્કારવાંછુઓમાં હિન્દુની રવિવારીય આવૃત્તિ પણ ખૂબ વખણાય છે.

વચમાં બે ત્રણ વર્ષ માટે હિન્દુએ રવિવાર માટે મુંબાઈના 'ઇલસ્ટ્રેટેડ વીકલી ઑવ ઇંડિયા'ની જેમ ભરચક ચિત્રો સાથે ઉપાદેય વાચનસામગ્રી આપી 'ઈલસ્ટ્રેટેડ વીકલી ઑવ હિન્દુ'ના નામથી પ્રસિદ્ધ કરી હતી. તેના


THE HINDU
India's National Newspaper
CENTENARY YEAR 1977-78
HYDERABAD THURSDAY
Diamond Dressers
THE SOUTH INDIAN EXPORT CO. PVT. LTD.
Cabinet Crisis in Maharashtra
Four Congress Ministers Quit Coalition Govt.
BOMBAY, July 12
Elected to Leg. Council
"Discriminatory Attitude" by Centre Alleged
Charan Singh Withdraws Resignation

△ 'હિન્દુ'નો તા. ૧૧મી જુલાઈ ૧૯૭૮ના અંકનો પહેલા પાનાનો અંશ. 'હિન્દુ' આજે આ સ્વરૂપે પ્રકટ થાય છે. △

અંકો સંસ્કારપ્રેમી વાચકો વ્યવસ્થિતરીતે સંઘરીને રાખતા.

આવા, આપણા દેશના સર્વશ્રેષ્ઠ વૃત્તપત્રની જન્મશતાબ્દી પ્રસંગે દેશના બધા પત્રકારોએ તેને જે માનપૂર્ણ અંજલિઓ આપી છે તેમાં 'કુમાર' પોતાનો સૂર પુરાવે છે.

હિન્દુપત્રના એક સમર્થ અને યશસ્વી નિર્માતા શ્રી કસ્તૂરી રંગા આયંગરના તેજસ્વી કર્તૃત્વને યાદ કરતાં આંગ્લ કવિ વર્ડ્ઝવર્થની નીચેની પંક્તિઓ સહેજે યાદ આવી જાય છે:

It is the generous spirit, who, when brought
Among the tasks of real life, hath wrought
Upon the plan that pleased his childish thought.
Whose high endeavours are an inward light
That makes the path before him always bright.
Who comprehends his trust, and to the same
Keeps faithful with a singleness of aim;
And therefore does not stoop, nor lie in wait
For wealth, or honours, or for worldly state.

(એ એવો ઉદારધી આત્મા છે જે વાસ્તવ જીવનની ફરજો અદા કરતાં, પોતાના બાલિશ મનને રીઝવી ગએલી યોજનાઓ વિષેના વિચારોને આવરી લે છે, એના પ્રખર પ્રયત્નો અંતરની જ્યોત બની એનો જીવન-પંથ નિત્ય ઊજાળે છે.

એ પોતાની નિષ્ઠાને પૂરેપૂરી સમજી એને મનની એકતાનતાથી વફાદાર રહે છે. અને તેથી તે કદી કોઈની આગળ ઝૂકતો નથી અથવા ધન, માનસન્માન કે લૌકિક પ્રતિષ્ઠાની પ્રતીક્ષા કરતો બેસતો નથી.) □

અનુસંધાન] **મઝા આવી ગઈ!** [પૃ. ૪૧૮થી

'અરે બહેન, રામના રાજ્યમાં આવા સિક્કાની કોઈ કિંમત નથી. રામના રાજ્યમાં તો રામ માગે એ કિંમત આપવી પડે. બોલો એ આપવાની તૈયારી છે?'

બાઇએ હા પાડી. સ્વામીજીએ એક અનાથ હબસી બાળકને બાઈ સામે ધરીને કહ્યું: 'લો આ બાળકને તમારો પુત્ર ગણી ઉછેરો.'

બાઈ તો હબકી ગઈ. હબસી બાળકની મા કેવી રીતે થવાય? એણે કહ્યું: 'સ્વામીજી, આ તો બહુ અઘરું કામ છે.'

'તો પછી આનંદ કંઈ એમ સસ્તામાં ના મળે.' સ્વામીજીએ હસતાં હસતાં કહ્યું.

જે ફિકરની ફાકી કરી એને ચિંતાના મધ સાથે ચાટી શકે એ હમેશાં પ્રસન્નતાની તંદુરસ્તી ભોગવી શકે છે, એવી વ્યક્તિ મૃત્યુને પણ વૃક્ષ બનાવી એની શીતળ છાયામાં આનંદ મેળવી શકે છે. આવા સદાપ્રસન્ન માણસને ગુલાબ પાસેના કાંટા દેખાતા નથી. પણ કાંટા વચ્ચે પણ ગુલાબ ખીલે છે એનો આનંદ થાય છે. □

'વિનોદ'ની નજરે-૩૩

'સ્નેહરશ્મિ'

લેખક
વિનોદ ભટ્ટ



▷ ઝીણાભાઈ રતનજી દેસાઈ

ગુજરાતી સાહિત્યમાં આટલું બધું બંધબેસતું ઉપનામ ભાગ્યે જ બીજા કોઈ સર્જકને મળ્યું હશે. તેમના જ એક સ્નેહી લેખક નગીનદાસ પારેખે નીચેની ચાર પંક્તિઓ દ્વારા તેમનું શબ્દચિત્ર આલેખેલું :

અદ્રિ કેરું શિખર ભૂમિપે ચાલતું જાય ધારી
જોતી જેને ચકિત નયને મુગ્ધ પૌરાંગનાઓ;
મૂછો ખાડે દિન દ્વય ગયે, લાલ છે ગાલ જેના,
ઝીણો જેને ભૂલથી વદતા તે જ આ સ્નેહરશ્મિ.

મેં એક વાર સ્નેહરશ્મિને તેમના આ ઉપનામ બાબત પૂછ્યું કે આવું સુંદર ને યથાયોગ્ય ઉપનામ તેમને કેવી રીતે સૂઝેલું? ત્યારે જવાબ આપવાને બદલે મારી સામે જોઈને તે પોતાની આંખો સંકોચવા–વિસ્તારવા માંડ્યા. ઘડીભર લાગ્યું કે હમણાં જ તેમની આંખમાંથી શબ્દ ફૂટશે. સાથે હોઠ પણ ફફડતા'તા. આંખ અને હોઠ વચ્ચે જાણે સ્પર્ધા જામી'તી: શબ્દ વહેલો કોણ ઉગારે છે! ને નવજાત શિશુ જેવા શબ્દો હોઠમાંથી બહાર આવ્યા : 'આ ઉપનામ ક્યારે ને કેવી રીતે સૂઝ્યું એ મને યાદ નથી. જો કે આ 'સ્નેહરશ્મિ' ઉપનામ કોઇકને વધારેપડતો દાવો કરતું લાગે. આમાં અહમ્ પણ દેખાય. પણ એ સાચું છે કે સ્નેહના આદાન-પ્રદાનથી જ હું જીવી રહ્યો છું.'

એ વાત સાચી છે કે તેમના પ્રેમાળ વ્યક્તિત્વને કારણે બહુ લોકો તેમને ચાહે છે. રઘુવીરની ભાષામાં કહીએ તો ગુજરાતમાં કોઇને વધુમાં વધુ નામો યાદ રહેતાં હોય તો તે ઉમાશંકર ને કોઇને વધુમાં વધુ ગુજરાતીઓ ચાહતા હોય તો તે ઝીણાભાઈ.

આજે ૭૫ વર્ષ થવા આવ્યાં છે છતાં બિલકુલ બાળક જેવા નિર્દોષ તે જણાય છે. મને તો એ હમેશાં બાળક જેવા જ દેખાયા છે. ખાસ કરીને ચાલતા હોય ત્યારે. તરતના ચાલવા શીખતા બાળકને જોઈને, 'એ પડ્યું...હમણાં પડશે' એવી દહેશત પાસે ઊભેલા વડીલોને રહે છે એવી જ દહેશત તેમને ચાલતા જોનારને સદાય રહે છે. તેમની આવી ચાલના પ્રતાપે જ કદાચ બાળકો તેમને પોતાનામાંના એક ગણીને વહાલથી વીંટળાઈ વળે છે. (અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદ ભરાઈ ને ગાંધીજી તેના પ્રમુખ હતા એ વખતે ઝીણાભાઇને શોધવા ગાંધીજીએ બૂમ પાડેલી: 'ક્યાં ગયું પેલું સ્નેહનું રશ્મિ?'). બાળકને બધા હેરાન કરી શકે એ અર્થમાં ઘણા તેમને હેરાન પણ કરે છે. તેમનો દુરુપયોગ પણ કરે છે. ઝીણાભાઈ અને ઉમાશંકર વચ્ચે પાયાનો તફાવત છે તે આ છે: ઝીણાભાઇને આસાનીથી એક્સ્પ્લૉઈટ કરી શકાય, જ્યારે ઉમાશંકરના કિસ્સામાં તેમ કરવું અશક્ય બને.

તે ભોળા પણ બાળક જેવા, એટલે કપટ કરતાં આવડે નહિ. કુટિલતા ફાવે નહિ એટલે ક્યારેક પૉલિટિક્સ રમવા જાય તો ખુલ્લા પડી જાય; અને એટલે જ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બનવા માટે તેમણે ખોટા સભ્યો બનાવેલા એ વાત જાહેર થઈ ગએલી. બોગસ સભ્યો જ બનાવવા હોય તો બહારના બનાવવા જોઇએ. એને બદલે, કહેવાય છે કે તેમણે સ્કૂલના સ્ટાફને પરિષદનો મેમ્બર બનાવી દીધેલો. કોઇકે તો વળી એટલે સુધી અફવા ફેલાવેલી કે ઝીણાભાઇએ પોતાના ડ્રાઈવરને ય સાહિત્ય પરિષદનો સભ્ય બનાવી દીધેલો! (મારી દૃષ્ટિએ સાહિત્યનો જેને સ્પર્શ હોય તે પરિષદનો સભ્ય બની શકે. ડ્રાઈવર ઝીણાભાઇનો હાથ પકડીને સાહિત્ય સભાઓમાં લેવા-મૂકવા જાય એ સભ્ય બનવા માટેની પૂરતી લાયકાત લેખાય.)

પણ ઝીણાભાઈનું નસીબ વાંકું તે એ પ્રમુખ થયા તે જ વર્ષમાં પાકિસ્તાન સાથે યુદ્ધ ફાટી નીકળ્યું. આ અરસામાં તે ખૂબ જ ચિંતિત થઈ ગએલા. પાકિસ્તાનીઓ બૉમ્બમારો કરે તો છુપાઈ જવાય એ વાસ્તે, કહેવાય છે કે, તેમણે પોતાના ઘરની આસપાસ ખાઇઓ પણ ખોદાવેલી. તેમને પોતાની બહુ ફિકર નહોતી, સાહિત્ય પરિષદના પ્રમુખની સલામતીની ચિંતા હતી. સાહિત્ય પરિષદને આમે ય સારા પ્રમુખોની ખોટ વરતાતી જ હોય છે ને!... ચં. ચી. મહેતાએ વચ્ચે મને કહેલું કે સાહિત્ય પરિષદના પ્રમુખ થવા કોઈ તૈયાર નો'તું એ ગાળામાં ઝીણાભાઇએ સામેથી કહેવડાવેલું કે પરિષદને હમણાં કોઈ પ્રમુખ મળતો ન હોય તો બે-પાંચ વરસ હું ખેંચી આપું.)

ઝીણાભાઈની મહત્ત્વાકાંક્ષા વિષે કોઇકે કહેલું કે તેમને ભારતના વડા પ્રધાન બનવાનું કહેવામાં આવે તો તત્કાળ તો તે ના ન પાડે. ના પાડે તો ય બે દિવસ વિચાર કર્યા પછી જ ના પાડે. આ બાબત તેમને મેં એક વાર પૂછ્યું : 'તમારી મહત્ત્વાકાંક્ષા કઈ છે?' ત્યારે તે સહેજ ખમચાયા પછી બોલ્યા : 'હાલની શિક્ષણ પદ્ધતિથી હું બહુ નારાજ છું. આ પદ્ધતિ સુધરે એવા પ્રયાસો એ જ મારી મહેચ્છા છે.'

'આ માટે જરૂર જણાય તો ભારતના શિક્ષણપ્રધાન થવાનું આ ઉમરે તમે પસંદ કરો ખરા?' મારો સવાલ સાંભળીને તેમની આંખમાં આછી ચમક આવેલી. તેમણે અલબત્ત શરમાઇને હા પાડેલી. સાથે એટલું ઉમેરેલું : 'મારા મતે આખા ય ભારતમાં એક જ ઉત્તમ પાઠ્ય પુસ્તક હોવું જોઇએ.' (આ પાઠ્ય પુસ્તક કોનું હોવું જોઈએ એવું મેં જાણી જોઇને તેમને પૂછ્યું નહિ, કેમકે તે નિખાલસપણે મારા ધારેલા લેખકનું નામ બોલી દે એવી મને શ્રદ્ધા હતી.) સ્નેહરશ્મિ પોતાને પહેલા શિક્ષણકાર ને પછી સાહિત્યકાર લેખે છે. શિક્ષણ તથા સાહિત્યમાં તેમનું સારું એવું પ્રદાન છે. (સાથે એ પણ ખરું કે શિક્ષણ ને સાહિત્ય પણ તેમને ઠીકઠીક ફળ્યાં છે.)

તેમને જીવનમાં મોટામાં મોટો વસવસો એક જ વાતનો રહી ગયો છે કે પોતે યુનિવર્સિટીના કુલપતિ બની શક્યા નહિ. જો કે ઍક્ટિંગ વાઈસ-ચાન્સેલર બન્યાનું થોડુ આશ્વાસન તે લઈ શક્યા છે ખરા. તમારી પાસે કોઈ વાર સમય (ને ધીરજ) હોય ત્યારે તેમની સાથે આ બાબત વાત કાઢશો તો ઍક્ટિંગ વી. સી. તરીકે તેમણે બજાવેલી સફળ કામગીરી, તેમાં મેળવેલી વિરલ સિદ્ધિ વગેરેની વાતો તે માંડીને કહેશે.

વચ્ચે થોડાં વર્ષ આપણા આ સ્નેહરશ્મિ હાઈકુરશ્મિ બની ગએલા. ચુનીલાલ મડિયાએ તેમને કહ્યું કે તમારાં કાવ્યોમાં જાપાનના હાઈકુની

છાંટ દેખાય છે. એ પ્રકાર ખેડવા જેવો ખરો. ને પછી સ્નેહરશ્મિએ એ પ્રકારને પોતાનો હાથ બરાબર બતાવ્યો. જોતજોતાંમાં આખી સી. એન. હાઈસ્કૂલને હાઈકુ લખતી કરી નાખી—હાઈકુમય બનાવી દીધી! થોડા સમયમાં તો એ વિસ્તાર 'હાઈકુનગર'ના નામે ઓળખાવા માંડયો.

ઝીણાભાઈની હૉબીઝમાંની એક હૉબી કાવ્યો સંભળાવવાની પણ છે. યશવંત શુક્લ ફોનવગા એટલે કેટલીક વાર તો રાત્રે બે વાગ્યે તેમને જગાડીને ફોન પર ઝીણાભાઈ હાઈકુ સંભળાવતા! અરે (ગુજરાતના માજી મુખ્ય પ્રધાન) ચીમનભાઈ પટેલને પણ હાઈકુ સંભળાવવામાંથી નો'તા છોડયા. એ સમયમાં હાઈકુએ તેમના મગજ પર એવી તો પકડ જમાવેલી કે કોઈ સ્નેહીમિત્ર મળવા આવે કે ફોન કરે તો તેને ય આઠ-દસ હાઈકુ સંભળાવી દે. એક દંતકથા પ્રમાણે સ્નેહરશ્મિને ફોન પર રૉંગ નંબર લાગી ગયો તો એ રૉંગ નંબરવાળાને ય પોતાના હાઈકુ-શ્રવણનો લાભ આપવાનું તે નો'તા ચૂકયા. જે કોઈ રસ્તામાં મળી જાય, હાથમાં આવી જાય તેને ઝીણાભાઇએ ઉત્સાહપૂર્વક પોતાની રચનાઓ સંભળાવી છે, વાંચી શકતા હોય તેમને વંચાવી છે, એટલે તેમને એ રચનાઓનો સંગ્રહ પ્રકટ કરવાની જરૂર નથી એવી ટકોર રઘુવીરે એક વાર કરેલી.

તેમની શાળામાં ઘણા કવિ-શિક્ષક છે. કહેવાય છે કે આ કવિ શિક્ષકોના ઍપાઈન્ટમૅન્ટ ઑર્ડરમાં એક શરત એવી પણ કરવામાં આવતી કે એ લોકોએ સ્નેહરશ્મિનાં કાવ્યો, તે બે કહીને બાર સંભળાવે તો પણ હરફેય ઉચ્ચાર્યા વગર, મૂગા મોંએ સાંભળવાં પડશે. આજે ય ચાલુ ક્લાસે કોઈ કવિ પર ચિઠ્ઠી આવે કે ફ્રી પીરિયડમાં ઝીણાદાદાને મળી જવું. ત્યારે તે કવિને મનમાં ઊંડો ધ્રાસ્કો પડે છે ને તે ઈશ્વરને પ્રાર્થના કરે છે કે ઝીણાદાદાએ નવી કવિતા ના કરી હોય તો સારું.

જેટલો કવિતા પ્રત્યે અનુરાગ છે એથી ય અદકો છે તેમનો કવિ-પ્રેમ. સારી કવિતા તે સૂંઘી શકે છે, ને પછી કવિતાને સૂંઘતા સૂંઘતા કવિ સુધી પહોંચી જાય છે. કવિના અંગતને તે સ્પર્શે છે. કવિતાને અનુકૂળ વાતાવરણ છે કે નહિ તે તપાસે છે. કોઈ માળી જેમ રોપો કરમાઈ ન જાય એની ચિંતા સેવે એવી જ કંઈક ચિંતા કવિતા કરમાઈ ન જાય એ માટે તે રાખે છે. ને જરૂર પડ્યે કવિતા ફૂલે-ફાલે એ ભાવનાથી કવિને પોતાના ઉદ્યાનમાં લઈ આવે છે. તેમના પ્રાંગણમાં આજે યોસેફ મૅકવાન, માધવ રામાનુજ, જગદીશ જેવાં ફૂલો મ્હોરી રહ્યાં છે.

પોતાનાં કાવ્યો સંભળાવવામાં છે એવો અન્યનાં કાવ્યો સાંભળવાનો ય તેમને રસ ખરો. એક વાર કવિ પ્રિયકાંત મણિયારે પોતાનું 'ઝરણું' કાવ્ય લલકાર્યું: 'ઝરણું પ્હાડ ચડે...' એ સાંભળીને તે એટલા બધા આફરીન થઈ ગયા કે ઊભા થઇને તેમણે પ્રિયકાંતના કપાળ પર ચુંબન ચોડી દીધું!

તેમના પ્રેમમાં નરી સચ્ચાઈ. બનાવટ જરા ય નહિ. માનવતા-પ્રેમી પણ એવા કે કોઈ પણ કવિ-કલાકારોને તકલીફમાં જુએ તો દ્રવી જાય. પ્રાણસુખ નાયકને વચ્ચે જ્યારે હાર્ટ ઍટેક આવ્યો ત્યારે તેમને શહેરના સારામાં સારા હાર્ટ સ્પેશ્યાલિસ્ટ પાસે લઈ જઇને ઝીણાભાઈએ વિનંતી કરી: 'ગુજરાતનું આ કલાધન છે; એ કોઈ પણ ભોગે બચવું જોઇએ. થાય એટલો ખર્ચ હું આપીશ.'

આ રીતે રાવજી જ્યારે બીમાર હતો ને તેને લોહીની જરૂર હતી ત્યારે પોતાની સ્કૂલના વિદ્યાર્થીઓને લોહી આપવા તે મોકલતા ને આંતરે દા'ડે રાવજીની ખબર પણ લેતા.

એક કવિએ વિષપાન કરેલું એવું જાણી તે કવિને પોતાની પાસે બેસાડીને વેદનાથી તેની સામે જોતાં ગદ્‌ગદ્ અવાજે તેમણે કહેલું; 'આવું કેમ કર્યું?...અમે બધા નથી?' પછી કવિના માથે હાથ મૂકીને વાત્સલ્યભાવે તે બોલ્યા: 'તું મારો દીકરો છે. હવે પછી આવું કદી ય કરવાનું, નથી સમજ્યો!'

જેને તે પોતાનાં ગણે એની ચિંતાને ય પોતાની ગણે. પછી તે છાપાવાળો ફેરિયો, ધોબી કે ઘરકામ કરતો કોઈ સામાન્ય નોકર હોય તોયે એની ફિકર કવિ કરવાના. સ્નેહ પણ એટલો જ વરસાવવાના. તેમના વિચારોનો ઉગ્રપણે વિરોધ કરનાર નિરંજન ભગત પણ કહે છે કે ઝીણાભાઇના પ્રેમ આગળ બધું જ માફ છે.

અને તે ભૂલકણા પણ એટલા જ છે. પોતે કોઈના પર કરેલ ઉપકાર જલદી ભૂલી જાય છે, એટલું જ નહિ, કોઇએ કરેલ અપકાર પણ તે લાંબો સમય યાદ રાખી શકતા નથી. તેમનો કોઈ વિરોધી બીમાર પડે કે તેના પરિવારમાં કોઈનું અવસાન થયું હોય તો ત્યાં પહેલા તે પહોંચી જવાના. પોતાનાથી નાના માણસો પાસે સામે ચાલીને જવામાં તે નાનમ નથી અનુભવતા. તે જ્યારે ઍક્ટિંગ વાઈસ-ચાન્સેલર હતા ત્યારે કોઈ પ્રિન્સિપલને પોતાની પાસે બોલાવવાને બદલે તે એમની પાસે જઈ પહોંચતા. મેં તેમને પૂછ્યું કે આવું કરવાનું કારણ શું? ત્યારે તે બોલ્યા: 'મારું નામ ઝીણાભાઈ છે. મારી જાતને કોઈનાથી ઊંચી કલ્પી શકતો નથી. હું માનવ છું એથી વિશેષ કશું મને યાદ રહેતું નથી, રાખવું ય નથી.'

અને હા, 'ના' નહિ પાડવાનો રાષ્ટ્રીય ગુણ પણ તે ધરાવે છે. સ્હેજસાજ પરિચય હોય એવા લોકો પણ પોતાના બાળકના સી. એન. વિદ્યાવિહારમાં ઍડમિશન માટે ઝીણાભાઈ પાસે પહોંચી જાય છે. કવિ કે કલાકાર ઝીણાભાઈ પર આગવો દાવો હોય એમ વાત કરે છે. દાદા ખિસ્સામાંથી ડાયરી કાઢીને તેમાં નામ ટપકાવી લે છે. સાઠ જગ્યાઓ ભરવાની હોય તો તેમની ડાયરીમાંથી એકસો એંશી નામ લખાએલાં જોવા મળશે. જો કે તેમની ઈચ્છા તો આ તમામને ઍડમિશન આપવાની હોય છે. પણ ટૅકિનકલી એ શકય નથી એ જુદી વાત છે.


છતાં કેટલીકવાર સારા માણસોનાં સારાં કામ કરી આપવા આઉટ ઑવ ધ વે જવાની હિંમત પણ તે દાખવે છે. મુંબાઈની એક શાળામાં તે પ્રિન્સિપલ હતા ત્યારે ઉમાશંકરને એ શાળામાં શિક્ષક તરીકે રૂપિયા સિત્તેરની નોકરી આપેલી. અન્ય શિક્ષકોનો પગાર સાઠ ને ઉમાશંકરનો સિત્તેર! કેટલાક શિક્ષકોએ આનો વિરોધ કર્યો. જવાબમાં શિક્ષકોને તેમણે કહ્યું: 'આ માણસની શક્તિઓનો તમને પરિચય નથી. ભવિષ્યમાં જ્યારે તે કોઈ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર થશે ત્યારે તમે યાદ કરશો કે એક જમાનામાં અમારી સાથે તે સહશિક્ષક હતા!' અને ઉમાશંકર ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બન્યા ત્યારથી એ વખતના કેટલાક શિક્ષકો ઝીણાભાઇને પ્રખર જ્યોતિષી માનતા થઈ ગયા છે.

આ કવિને હાથે ઓછાને નુકસાન થયું હશે. ને થયું હશે તો તેમણે તે જાણીબૂઝીને નહિ કર્યું હોય. લક્ષ્મી ને સરસ્વતી બંનેને આની જાણ હોઈ એ બંનેએ કવિ પર પોતાની અમીનજર રાખી છે. તેમને ત્યાં હું બેઠેલો ત્યારે તેમના સુપુત્ર સિદ્ધાર્થ, કવિના લાઈફ ઈન્સ્યૉરન્સની પૉલિસીઓ એકઠી કરતા'તા. એક જીવન માટે બાવીસ વીમા-પૉલિસીઓ! હું માનું છું ત્યાં સુધી બીજા કોઈ ગુજરાતી કવિનું જીવન આટલું કિંમતી નહિ હોય.

તેમના વાળ સામે જોયું તો બધા જ કાળા! પોણી સદીને આંબવા પહોંચેલા કવિના વાળ સામે જોઈને ત્રેવીસમી વીમા પૉલીસી કાઢી આપવાનું મન કોઈ વીમા એજન્ટને થાય ખરું. અહીં તો ચાળીસે આખું છાપરું ધોળું થઈ ગયું છે! મારા માથાના સફેદ વાળે તેમના કાળા વાળને પ્રશ્ન કર્યો: 'સમયે પોતાનો સફેદ હાથ તમારા પર હજુ સુધી કેમ નથી ફેરવ્યો?' ત્યારે ફરફરતા એ કાળા વાળે કહ્યું: 'બાળકોની વચ્ચે વસનાર આ કવિનું શૈશવ પૂરું થયું નથી. હજી તો વસંત પણ બાકી છે, વ્હાલીડા!'

(આવતે મહિને શિવકુમાર જોષી) □

મહારાષ્ટ્રનું તીર્થરત્ન પંઢરપુર



જેના કરકમલ પોતાની કટિ ઉપર ટેકવેલા છે, પૂર્ણેન્દુ સમા મુખમંડલ તથા સુંદર પ્રણુવાકૃતિથી જે સોહે છે તે શ્રી વિષ્ણુ વિઠ્ઠલ-પાંડુરંગ રૂપે જ્યાં સ્થિત છે તે પંઢરપુર શોલાપુરથી પશ્ચિમે ચાળીસેક માઈલ અને રેલ રસ્તે કુર્દુવાડી ગામથી બત્રીસ માઈલ પર મહારાષ્ટ્રનું એક અત્યંત પવિત્ર ગણાતું સદીઓ જૂનું વિખ્યાત યાત્રાધામ છે. એનું મૂળ નામ તો 'પડગે', ને તેના પરથી પાંડુરંગ બન્યું છે, તથા ભક્ત પુંડલીકની કથા સાથે એનો સંબંધ જોડાયા પછી એ પૌંડલિકપુર કે પુંડલીકપુર ને તેમાંથી પંઢરપુર બન્યાનું મનાય છે. પંડરગે એ કાનડી શબ્દ છે. તેના પરથી પંડરી કે પંઢરી એવું રૂપ થયું ને તેની સાથે નગરવાચક 'પુર' જોડાતાં પઢરીપુર ને તેમાંથી પંઢરપુર બન્યું એવો પણ એક મત છે.

એક કથા છે કે પૂર્વે પુંડલીક નામે અહીંનો એક બ્રાહ્મણ પોતાનાં વૃદ્ધ માતાપિતા પ્રતિ બહુ દુર્વર્તાવ રાખતો હતો—પણ એક વાર સ્વપ્નમાં મળેલા બોધ પછી એણે માબાપની સેવા કરવા માંડી. એક દિવસ કૃષ્ણ-રુક્મિણી એના દ્વારે આવ્યાં ત્યારે પોતે માતાપિતાની સેવામાં હોઈ એક ઈંટ ફેંકીને તેના પર એમને ઊભા રહેવા કહ્યું. પોતાનું કાર્ય પૂરું કર્યા પછી એણે ભગવાનની પૂજા કરી. પુંડલીકની માતૃ પિતૃ-ભક્તિથી કૃષ્ણ પ્રસન્ન થયા અને પુંડલીકની વિનતિથી પેલી ઈંટ પર ઊભેલા એવી જ સ્થિતિમાં સદાને માટે પંઢરપુરમાં રહ્યા. આ ભક્ત પુંડલીકનું મંદિર પણ અહીં વિઠ્ઠલમંદિરની પાસે જ છે.

ભીમા નદીના જમણા કે દક્ષિણ કાંઠા પર પંડરપુર, પંઢરી, પાંડુરંગપુર, પંડરીપુર, રુકમિણીપુર, પૌંડરિકપુર, પંડરંગે, પાંડુરંગપલ્લી વગેરે વિવિધ નામે ઓળખાતું પંઢરપુર મહારાષ્ટ્ર-કર્ણાટકના ભાવિકોમાં ભૂવૈંકુંઠ સમું માહાત્મ્ય ધરાવે છે. પંઢરપુર પાસે ભીમા અર્ધચંદ્રાકાર વળાંક લેતી હોઈ એને અહીં ચંદ્રભાગા પણ કહે છે. એ જ્યારે ભરપૂર વહેતી હોય ત્યારે સામા કાંઠેથી એના પાણીની વચ્ચે બેટડા પર વિષ્ણુપાદ અને નારદનાં મંદિર તથા કિનારા પર વિઠોબાના મંદિર સહિત અન્ય મંદિરોનાં શિખરો, તથા યાત્રીઓની ચહલપહલથી ગાજતા અનેક ઘાટ તથા પાકા બાંધેલા ઢાળ એક અત્યંત સુંદર ને જીવંત દૃશ્ય સરજી રહે છે.

પંઢરપુરનો ઇતિહાસ સદીઓ જૂનો છે. સંત જ્ઞાનેશ્વરના જન્મ પહેલાં ચે બસે વર્ષ અગાઉ અહીં વિઠોબાની ભક્તિ થતી હતી. ઈ. ૫૧૬ના એક તામ્રપત્રમાં પાંડરંગપલ્લી નામનો ઉલ્લેખ પ્રાપ્ય છે. ઈ. ૧૬૫૯માં સાતારામાં વાઈ જતાં વિજાપુરથી આવેલો અફઝલખાં અહીં રોકાયો હતો. ઈ. ૧૭૭૮માં રઘુનાથરાવ પેશ્વા અને પૂનાથી મોકલેલા ત્ર્યંબકરાવ મામા અહીં લડેલા. ઈ. ૧૮૧૭માં પેશ્વા અને જનરલ સ્મિથની ગોરી ટુકડી અહીં બાખડી હતી. ઈ. ૧૮૪૭માં આ તરફનો જાણીતો ડાકુ રાઘુજી ભાંગડયા અહીં પકડાઈ ગયો હતો. ઈ ૧૮૫૭માં વિદ્રોહીઓએ અહીં મામલતદારની તિજોરી લૂટવાનો નિષ્ફળ પ્રયાસ કરેલો. ૧૮૭૯માં વાસુદેવ બળવંત ફડકે પણ અહીં આવતાં ગિરફતાર થએલો. ૧૮૫૫માં અહીં નગરપાલિકાની સ્થાપના થઈ. ૧૮૭૬-૭૮ દરમિયાન પડેલા ભયંકર દુષ્કાળમાં લોકોએ ત્યજી દીધેલાં બાળકો પોષાએલાં અને તે પછી ૧૮૭૮ના ઑક્ટોબરમાં એ રાહત કેન્દ્રમાંથી અનાથાશ્રમ સ્થપાયો, જે સમગ્ર મુંબઈ ઈલાકામાં પહેલો અનાથાશ્રમ હતો. ઈ. ૧૮૮૧માં તેની સાથે એક ઉદ્યોગશાળા પણ જોડવામાં આવી.

આવી તવારીખ તો બધે મળી રહે છે, પણ મહારાષ્ટ્રમાં ભક્તિ સંપ્રદાયના આદ્ય પીઠસ્થાન તરીકેનો તેનો મહિમા સદીઓથી પ્રસ્થાપિત છે. સંત જ્ઞાનેશ્વરથી માંડીને ગાડગે મહારાજ સુધીના વિવિધ જાતિઓમાંથી આવેલા મહારાષ્ટ્રના લગભગ બધા જ સંતમહાત્માઓએ પંઢરપુર પ્રત્યેનો ભક્તિભાવ પ્રકટ કર્યો છે. મહારાષ્ટ્રમાં વૈષ્ણવો વિઠોબાને ભજે છે. વિઠોબા એ વિઠ્ઠલનું હુલામણું નામ છે. કૃષ્ણના બાળપણની બધી કથાઓ આ વિઠોબા સાથે સંકળાએલી છે. પરંતુ અહીં કૃષ્ણ રાધાવલ્લભ નહિ પણ રુક્મિણી (રખુમાઈ)ના સ્વામી રૂપે છે. અહીંનો વૈષ્ણવ ધર્મ પુરાણપ્રાપ્ત છે. ઈ.ની ૧૩ થી ૧૭મી સદીના સંતોએ તે વિકસાવ્યો, પરંતુ એ કોઈ સંત-આચાર્ય સાથે સંકળાએલો નથી. સંત જ્ઞાનેશ્વરે આ ભાગવત ધર્મના પાયો દૃઢ કર્યો. સંત નામદેવ અને એકનાથે એ પાયા ઉપર ઈમારત રચી અને સંત તુકારામે તેના પર શિખર ચડાવ્યું.

આ ભાગવત ધર્મનો એક સંપ્રદાય 'વારકરી'ઓનો છે. સંસારમાં રહીને પણ ઈશ્વરઆરાધના અને પરમાર્થ કરી શકાય એ એમના પંથનો મર્મ છે. બહુજનસમાજના ધાર્મિક જીવનને આધ્યાત્મિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરાવવામાં આ પંથે મોટો ભાગ ભજવ્યો છે. આ પંથના ઘણાખરા સંતો સમાજના વિવિધ નીચલા સ્તરમાંથી આવેલા હોઈ એ સ્તરના લોકો વિપુલ સંખ્યામાં તેના અનુયાયીઓ થએલા છે. એમનો આ પંથ બહુ ઉદાર અને વિશાળ માનસ ધરાવે છે ને મુસલમાનો પણ તેમાં ભળે છે. નિયમિતપણે તેઓ પંઢરપુરની પદયાત્રા કે 'વારી' કરતા હોઈ તેઓ 'વારકરી' કહેવાય છે. ગોપીચંદનનું તિલક, તુલસીની માળા, એકાદશીના ઉપવાસ, વિઠોબાનાં ભજનકીર્તન, ખભે ખેસ ને હાથમાં કેસરી ધજા એ વારકરીની અચૂક ઓળખ. કાર્તિક, માહ, ચૈત્ર અને અષાઢની પ્રથમ એકાદશીએ સંઘરૂપે આવી પદયાત્રા યોજાય છે. એનાં કોઈ તેડાં હોતાં નથી કે નથી હોતા કોઈ કાર્યક્રમો, પણ બહુ શિસ્તબદ્ધરીતે આ યાત્રાઓ ચાલે છે. માર્ગમાં આવતાં ગામ એમની આગતાસ્વાગતાનો ભાર સ્વેચ્છાએ ઉપાડી લે છે. સંત જ્ઞાનેશ્વર પંઢરપુરની યાત્રાએ નીકળેલા એ જ્યેષ્ઠ વદ આઠમથી આરંભાતી આષાઢી વારીનો સવિશેષ મહિમા છે. એ વખતે જુદાજુદા સંતોની પાલખીઓ પંઢરપુરની યાત્રાએ આવે છે. ત્ર્યંબકેશ્વર, સાસવડ, પૈઠણ, દેહૂ, પિંપળનેર, જળગાંવ વગેરે દૂરદૂરનાં સ્થળોએથી લગભગ ૧૦૮ પાલખીઓ પંઢરપુર આવે છે, જેમાં આવંદીની

હરિઃ ૐ આશ્રમ તરફનું રૂ. ૫૦નું

ચરિત્ર પારિતોષિક

અંક ૬૫૯ માટેનું 'વિનુ માંકડ'ના લેખક

શ્રી ભરત ના. ભટ્ટને મળે છે.

જ્ઞાનેશ્વરની પાલખીનો મહિમા સૌથી વધુ છે. ઊંચ-નીચના ભેદભાવ વિના આમ પ્રજાને સંગઠિત કરવામાં આ પદયાત્રાઓનો બહુ મોટો ફાળો છે. આ પદયાત્રાઓમાં બહુધા ગ્રામજનો જ સામેલ થાય છે. બુદ્ધિજીવી ભદ્ર સમાજના લોકો સામૂહિક રીતે તેમાં ભાગ લેતા નથી.

વારકરી યાત્રાઓના દિવસોમાં તથા અધિક માસમાં અહીં જે માનવ મહેરામણ ઊમટે છે તેમાં સહેજે ત્રણેક લાખ યાત્રાળુઓ એકઠા થાય છે. મમરા, ખડી સાકર, કંકુ ને હજારરને તેઓ પ્રસાદી તરીકે લઈ જાય છે. આ પ્રસંગે અહીં પૂજાની સાધનસામગ્રી તથા ભજનકીર્તનમાં ઉપયોગી એવાં ઝાંઝ-કરતાલ-પખવાજ વગેરે જેવાં વાદ્યો અને તુલસીની માળાથી માંડી પિત્તળનાં વાસણો ને દેવપ્રતિમાઓ સુધીની અનેકવિધ ચીજો તથા કામળાઓનું લાખો રૂપિયાનું વેચાણ થાય છે.

ગાડગે મહારાજે સ્થાપેલી તથા અન્ય અનેક સંતોની ધર્મશાળાઓ અને મઠોમાં આ યાત્રાઓ સમાઈ થાય છે. ગાડગે મહારાજે તો અહીં આવીને વિઠોબાની સેવાપૂજાને બદલે જનતા જનાર્દનની સેવાનું જ વ્રત લીધું હતું. યાત્રીઓ માટે એમણે અનેક સુવિધાઓ સ્થાપી છે, તો સાને ગુરુજી જેવાએ આમરણ ઉપવાસનો માર્ગ લઇને અહીંના મંદિરમાં હરિજન પ્રવેશ શક્ય બનાવી આપ્યો છે. આમ એક યા બીજી રીતે સૌ સંતોએ પંઢરપુરને શ્રેષ્ઠ તીર્થક્ષેત્રનું પદ અપાવ્યું છે. આના પરિણામે મહારાષ્ટ્રની જનતાનો પંઢરપુર અને વિઠ્ઠલ સાથે અભેદ્ય એવો સંબંધ બંધાઈ ગયો છે. લગભગ બધા મહારાષ્ટ્રી અહીંની યાત્રામાં જીવનની સાર્થકતા અનુભવે છે. વારકરીઓ ઉપરાંત કર્ણાટકના હરિદાસો, મધ્વ સંપ્રદાયના વિઠ્ઠલ ઉપાસકો અને દેશના અન્ય પ્રાંતવાસીઓ પંઢરપુરની યાત્રાએ આવે છે. આથી પ્રાદેશિક—ખાસ કરીને મરાઠી-કન્નડ સંસ્કૃતિનું આ એક મોટું સમન્વય ક્ષેત્ર બની ગયું છે.

ગામની મધ્યમાં એક ઊંચા સ્થાન પર આવેલું વિઠ્ઠલ મંદિર અહીંનું મુખ્ય આકર્ષણ છે. પૂર્વ-પશ્ચિમ ૩૫૦ અને ઉત્તર-દક્ષિણ ૧૭૦ ફૂટ લાંબા–પહોળા આ મંદિરનું પૂર્વ દ્વાર મહાદ્વાર કે નામદેવ દરવાજા નામે ઓળખાય છે. ત્યાં સંત નામદેવે સમાધિ લીધી હોવાનું મનાતું હોઈ તેના પહેલા પગથિયા પાસે જ એમની એક પ્રતિમા સ્થાપેલી છે. એની સામે મહાર ભક્ત ચોખા મેળાની સ્મૃતિનો ગોખ છે. ત્યાંથી આગળ તેત્રીસ કોટિ દેવોનું મંદિર, તે પછી મુક્તિમંડપ ને તેના ઉપર મંદિરનું નગારખાનું, પછી આગળ વિશાળ મંડપમાં પ્રહ્લાદબુવા બડવે અને કાન્હોબા હરિદાસની સમાધિઓ, બે દીપમાળા ગરુડ અને હનુમંત મંદિર તથા સમર્થ ગુરુ રામદાસે સ્થાપેલી ઊભા મારુતિની પ્રતિમા છે.

મંદિરના નાના ચોરસ ગર્ભગૃહમાં ચાંદીના ઊંચા આસને કમર પર હાથ ટેકવીને ઊભેલા વિઠોબાની અનેરા ચળકાટવાળી પ્રતિમા છે. જે દોઢેક ફૂટ જાડી શિલા પર તે ઊભી છે તેને લોકો 'ઈંટ' કહે છે. પ્રતિમાની ઉપર ચાંદીની ચામર, પંચમુખી નાગ, ત્રણ મોર અને એક વાઘનું શોભન છે. મસ્તક ઉપર મુકુટ, કાનમાં મત્સ્યાકાર કુંડલો, ગળામાં કૌસ્તુભ માળા, છાતી પર લાંછન, ડાબા હાથમાં શંખ અને જમણામાં કમળ છે. કાંડે મણિબંધ તથા કમર પર કમરબંધ પણ છે. પણ અહીં અન્યત્ર જોવા મળે છે તેમ દેવની બાજુમાં દેવીની પ્રતિમા પ્રસ્થાપિત નથી. રખુમાઈ (રુક્મિણી)નું પોતાનું અહીં અલગ મંદિર છે.

વારકરીઓ અહીં આવીને ચંદ્રભાગામાં સ્નાન, ક્ષેત્ર-પ્રદક્ષિણા, પાંડુરંગદર્શન અને હરિકીર્તન એમ ચતુર્વિધ રીતે યાત્રાવિધિ કરે છે. ક્ષેત્ર-પ્રદક્ષિણાના માર્ગમાં જ્ઞાનેશ્વર મંદિર, એકનાથ મંદિર, ભજનદાસ મઠ, તાંબડા મારુતિ, ઉદ્ધવ મંદિર, પંચમુખી મારુતિ, કાલિકા મંદિર, બંકટસ્વામી મઠ, રોહિદાસ, સેતા ન્હાવી, બેરીના મહાદેવ, કાળા મારુતિ, ચૌફાળા, દામુશેટી મંદિર, ગુંડા મહારાજ મઠ, નિવૃત્તિનાથ મંદિર વગેરે સ્થાનોનાં પણ દર્શન કરે છે.

આમ, પંઢરપુર અને તેના પાદરમાં વહેતી ચંદ્રભાગા બંને નાનાં હોવા છતાં ધાર્મિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ ઘણું મોટું મહત્ત્વ ધરાવે છે.

(સંકલિત)

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૯૫

ટાઇફૉઇડ

આયુર્વેદમાં ટાઇફૉઈડને આંત્રિક જ્વર કે ત્રિદોષ જ્વર કહે છે. સાદા તાવમાં બે કાળજી રાખવાથી કે કુપથ્ય સેવનથી આ રોગ થાય છે ને યોગ્ય કાળજી ન લેવાય તો ક્યારેક જીવલેણ નીવડે છે.

લક્ષણો

૧) તાવ ૧૦૧થી ૧૦૫ ડિગ્રી જેટલો રહે છે, જે સાંજે હોય તે કરતાં સવારે જરા ઓછો થાય છે. ૨) તાવમાં ઝાડા પણ થાય છે અને પેટમાં જમણી બાજુ દુખે છે. કોઈ વાર ઝાડામાં આંતરડાંના ચાંદાને લીધે લોહી પણ પડે છે. ૩) તાવ સાથે ઉધરસ હોય છે. ૪) તાવ વધે છે, પણ નાડીની ગતિ વધતી નથી. ૫) ઊંઘ ઘટી જાય છે. ૬) જીભ બહુ ગંદી રહે છે. ૭) પેશાબ ઓછો અને રતાશપડતો આવે છે. ૮) તાવ આવ્યા પછી બીજા અઠવાડિયે મગની દાળનાં ફોતરાં જેવો મળ આવે છે. ૯) એ જ અરસામાં ગુલાબી નરમ ફોડલીઓ દેખાય છે. ૧૦) રોગી ઘેનમાં રહે છે અને લવારે ચડે છે. ક્વચિત્ મૂર્છા પણ આવી જાય છે. ઉધરસ ચડે, પેટમાં દુખે. ને ગડબડાટ થાય. અનહદ અશક્તિ આવી જાય, અગ્નિ મંદ પડી જાય, ટાઢ વાય ને ધ્રુજારી આવે અને આંખો ઊંડી ઊતરી જાય. સામાન્યતઃ તાવની મુદત ૨૧ દિવસની છે.

ઉપચાર

૧) રોગીને સંપૂર્ણ આરામ આપવો. ઝાડો-પેશાબ પણ પથારીમાં જ કરાવવો. પથારી પોચી રાખવી ને ઓરડો સ્વચ્છ રાખવો. ૨) રોગીને નવડાવવો નહિ પણ સ્પંજ કરવું. ૩) રોગીને બહુ તરસ લાગતી હોય તો અર્ધું બળી જાય એટલે સુધી ઉકાળેલું પાણી ઠંડું પાડી ચમચીચમચી જેટલું પાવું. આ પાણીમાં સહેજ લવિંગ પણ નાખી શકાય. ૪) બકરીનું દૂધ, મગનું ઓસામણ, તાજી મોળી છાશ, ચા-કૉફી કે કાંજી જેવો હલકો પ્રવાહી ખોરાક જ આપવો. ૫) તાવ બહુ હોય તો માથે બરફ ઘસવો. ૬) તીવ્ર જુલાબ ન આપતાં જરૂર પડે તો દીવેલ આપવું. ૭) ઔષધોમાં સુવર્ણ સૂતશેખર, મહાસુદર્શન ઘનવટી, સુદર્શન ફાંટ કે હિમ, કસ્તૂરી ભૈરવ રસ, કિરતાદિ ચૂર્ણ વગેરે આપી શકાય. ૮) રોગીની સખત કાળજી રાખવી.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

મુંબાઈથી માધવપુર

એક સાઇકલ-પ્રવાસ

લેખક · નિરંજન ભટ્ટ

મનમાં એક તુક્કો સૂઝયો : મુંબાઈથી સૌરાષ્ટ્રમાં અમારા વતન ઘેડ માધવપુર સુધી સાઈકલ પર જ જવાનો. કુટુંબી યુવાનો સમક્ષ એ વિચાર પ્રકટ કર્યો ને એ નવતર સાહસના અનુભવોની કલ્પનાથી સૌએ એને વધાવી લીધો. મુશ્કેલી હતી વડીલોની સંમતિ મેળવવાની. હાઈ વે પર અવારનવાર થતા જીવલેણ અકસ્માતો અને લૂટફાટો વગેરેના ખયાલથી તેઓ અમારા જેવા બિનઅનુભવીઓને આવું સાહસ ખેડતા રોકે એ સ્વાભાવિક હતું, પરંતુ અમે એમને મનાવી લીધા. સદ્‌ભાગ્યે એમની લીલી ઝંડી મળી ગઈ અને અમે સંભવિત તથા કાલ્પનિક એવી સૂઝી તે સગવડ-અગવડોનો વિચાર કરી ઉત્સાહથી પ્રવાસની તૈયારીઓ આરંભી દીધી. મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યના રોડ-મૅપ મેળવી પ્રથમ તો અમે અમારો પ્રવાસ-માર્ગ નક્કી કર્યો. રોજ કેટલું અંતર કાપી શકીશું તેનો ખયાલ મેળવવા બોરીવલીથી વજ્રેશ્વરીની ૧૪૦ કિ. મી.ની એક પ્રાયોગિક ખેપ કરી. જો કે વરસાદ નડતાં છેલ્લા સોળેક કિ. મી.નું અંતર અમે છોડી દીધેલું, પણ રોજ ૯-૧૦ કલાકનું સાઈકલિંગ કરી ૮૦ ૯૦ કિ. મી. અમે કાપી શકીશું એવો અંદાજ કાઢયો. પછી માર્ગમાં આવતાં ગામોમાં જ્યાં જ્યાં અમારાં સ્નેહી સંબંધીઓ વસતાં હતાં ને જેમને ત્યાં રાતવાસો થઈ શકે તેમ હતું તેવાં સ્થળો નક્કી કર્યાં. (અને પ્રવાસના આરંભ પૂર્વે અમે એ સૌને અમારા ત્યાં પહોંચવાના સમય દર્શાવી તે અંગે પત્રો લખીને જાણ પણ કરી દીધી હતી.) સાઈકલના સમારકામમાં જરૂરી એવાં સાધનો, તાવ-ઉધરસ-શરદી વગેરે માટે ઉપયોગી એવી દવાઓ, રોકડ રકમનું જોખમ સાથે ન રાખવા માટે ટ્રાવેલર્સ ચેક અને પોસ્ટલ ઑર્ડર્સ, જરૂર પૂરતાં વસ્ત્રો, હળવાં બિસ્તર, વૉટર-બૅગ, દોરી, સોયદોરા, હજામતનાં સાધનો ઇત્યાદિ રોજિંદી જરૂરિયાતની ચીજો વગેરે પણ એકઠાં કરી લીધાં. ભારતીય નાગરિક હોવાના પુરાવા રૂપ આઇડેન્ટિટી કાર્ડ્ઝ (જે પોસ્ટ ઑફિસમાંથી મળે છે ને ત્રણ વર્ષ માટે ચાલે છે) મેળવી લીધાં અને વચ્ચે ક્યાં યે માંદા ન પડાય એ સારુ રસીઓ પણ મુકાવી લીધી.

પણ આ રસીને કારણે જ પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું થયું. અમારામાંના એક ભાઈ એથી તાવમાં પટકાયા અને અમારું પ્રસ્થાન પાછું ઠેલવું પડયું. અંતે ૪થી ઑક્ટોબર (૧૯૭૬)નો દિવસ નિશ્ચિત થયો. જ્ઞાતિમાં આવું સાહસ કરનારા અમે પ્રથમ હતા એટલે કુટુંબીઓ ઉપરાંત જ્ઞાતિના કેટલાક અગ્રણીઓ પણ અમને વિદાય આપવા એકઠા થએલા. હાર તોરા ફોટો વગેરેની ઔપચારિકતા પછી વડીલોનાં આશિષ અને છેવટ સુધીનાં સલાહસૂચનો લઈ અંતે થનગનતા હૈયે અમે ચાર જણે બોરીવલીથી સવારે પ્રસ્થાન કર્યું.

લગભગ પોણા કલાકની મજલ પછી વસઈની ખાડી ઉપરના પુલ



સુધી પહોંચ્યા. 'કટોકટી' ચાલતી હતી એટલે એક હવાલદારે રોકીને પૂછપરછ કરી. પેલાં આઇડેન્ટિટી કાર્ડ્સ બતાવીને અમે અમારો ઉદ્દેશ જણાવતાં આગળ વધવાની રજા મળી. રસ્તો વરસાદથી ધોવાઈ ગએલો અને ચડાવ-ઉતારવાળો હતો એટલે પંકચરની બીકે અમે બહુ સંભાળપૂર્વક આગળ વધી રહ્યા હતા. લગભગ ૧૧ વાગ્યે સીરસાડ પહોંચ્યા. અજમાયશ ખાતર અગાઉ અહીં સુધી તો અમે આવી ગએલા. અહીં જ પેટપૂજા કરી. આમારામાંના ભરતભાઈ ચિત્રકાર હતા. એમણે ત્યાંનું દસ્યચિત્ર દોરવા માંડયું અને અમે આરામ કર્યો. પછી કસા ગામ તરફ સાઈકલો મારી મૂકી. ત્યાં અમારો પહેલો રાત્રિમુકામ હતો. અલબત્ત, વચ્ચે વચ્ચે દોઢ-બે કલાકે ગ્લુકોઝ લીંબુ સાથે પાણી પીતા જવાનું તો અમે સમગ્ર પ્રવાસ દરમિયાન રાખેલું જ.

સાંજના છએક વાગ્યા. અમે જંગલથી આચ્છાદિત એક ઘાટમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યાં એકાએક વરસાદ તૂટી પડયો. એનાથી બચવા એક ઘટાદાર ઝાડનો આશરો લઈ થોભી ગયા. પ્રવાસનો પહેલો જ દિવસ, અજાણ્યો પ્રદેશ, ઢળતી સાંજ, વરસાદ અને એમાં બાકી હોય તેમ દૂરથી કેટલાક હથિયારધારી આદિવાસીઓને અમારી તરફ દોડતા આવતા જોયા. અનેક શંકા-કુશંકાઓ થવા લાગી. પણ પછી ખબર પડી કે તેઓ પણ વરસાદથી બચવા જ દોડી આવ્યા હતા. વરસાદ થંભે તેમ નહોતો, અંધારું થવાને બહુ વાર નહોતી અને કસા તો હજી દૂર હતું. અજાણ્યા જંગલમાં રાત ગાળવી ન પડે એટલા સારુ અંતે અમે વરસતા વરસાદમાં જ આગળ ઊપડયા. કેટલીક વારે ચારોટી આવ્યું. કસા હજી દૂર હતું, પણ પલળીને લથબથ થઈ ગએલા એટલે હવે અંધારામાં જોખમ ન ખેડતાં અમે ત્યાં હાઈ-વે પરની એક હોટેલ 'અપ્સરા'માં રાત ગાળવાનું ઠરાવ્યું. ત્યાં વરસાદને લીધે વીજળી બંધ પડી ગઈ, એટલે પેટ્રોમૅક્સ અને મીણબત્તીના અજવાળે જમ્યા ને પત્રો



◁ પ્રવાસના આરંભમાં બોરીવલી (મુંબાઇ)થી ઊપડેલા ચાર ભાઇઓ. (ડાબી બાજુથી અનુક્રમે) ભરતભાઈ ભટ્ટ (ચિત્રકાર), નિરંજન ભટ્ટ (આ લેખના લેખક), અનિલ જોશી અને દેવેશ જોશી.

તથા રોજનીશી લખ્યાં. અમારા સાઈકલ-પ્રવાસની વાત જાણી સવારે એક પઠાણ ટ્રક-ડ્રાઈવરે અમારા આ સાહસથી ખુશ થઈ એની સફળતા માટે બંદગી કરી. તદ્દન અજાણ્યા લોકોની આવી લાગણીઓનો તો પ્રવાસ દરમિયાન અમને ઘણી વાર અનુભવ થએલો.

બીજા દિવસે બપોરે મહારાષ્ટ્રની હદ વટાવી અમે ગુજરાતમાં પ્રવેશ કર્યો. માર્ગમાં તલાસરા ગામમાં તથા દમણગંગા નદી પર વરસાદે સર્જેલી તારાજી જોઈ. સાંજે પાંચેક વાગ્યે પારડી પહોંચ્યા. ત્યાં જ અમારા સંબંધીને ઘેર રાત ગાળી અને તા. ૬ઠ્ઠીએ વલસાડમાં એક પરિચિતનું ઘર શોધવાનો નિષ્ફળ પ્રયાસ કરી આગળ ગયા. ચીખલીમાં જમીને સાંજ થતામાં નવસારી પહોંચી જઈ ત્યાં સ્ટેશન નજીક અરુણોદય હોટેલમાં રોકાયા. અહીં સુધીમાં અમે જોયું કે મુંબાઈ કરતાં ગુજરાત રાજ્યના ધોરી માર્ગ વધુ સારા છે. માર્ગમાં મળતા લોકો પણ મળતાવડા લાગ્યા. અહીં અમને 'પોરબંદરથી દાંડી'ની સાઈકલ સ્પર્ધામાં જોડાએલા બે ભાઈઓ—હાસમભાઈ અને અશોકભાઈ મળ્યા. એમની સાથે અનુભવની આપલે કરવાનો લાભ લીધો.

નવસારીથી ભરૂચ જતાં માર્ગમાં એક ટ્રક-ડ્રાઈવરે અમને લિફ્ટ આપવાનો પ્રસ્તાવ કર્યો, પણ અમારો ઉદ્દેશ દર્શાવી અમે આગળ ચાલ્યા. નર્મદાનો એકમાર્ગી પુલ વટાવવા અમારે બહુ વાર થોભી રહેવું પડ્યું અને એથી રાત પડી જતાં ભરૂચમાં જે મિત્રને મળવાનું નક્કી કરેલું તેમનું ઘર હવે રાતે શોધવાની ભાંજગડમાં ન પડતાં અમે સ્ટેશન નજીક એક ધર્મશાળામાં જ પડાવ નાખ્યો. અગાઉથી જણાવ્યા પ્રમાણે એમને ત્યાં અમે ન પહોંચ્યા એટલે તેઓ અમારી તપાસ માટે નીકળેલા ને અમને પકડી પાડ્યા. એમને માઠું પણ લાગ્યું, પરંતુ સવારે એમને ત્યાં જવાનું વચન આપી એમને મનાવ્યા. અને સવારે તો એમણે પ્રેમથી અમારો કબજો લીધો! શુક્લતીર્થ અને કબીરવડ વગેરે જોયાં. સાંજે ભરૂચની લાયન્સ કલબે પણ અમારા પ્રવાસને બિરદાવ્યો.

તા. ૯મીએ ભરૂચથી વડોદરાના પંથે ચડ્યા. વાદળછાયું ખુશનુમા વાતાવરણ હતું. તડકાનો કોઈ ભય નહોતો. માર્ગમાં એક શેખ અબ્દુલ નામનો યાત્રી મળ્યો. બી.કૉમ. થયા પછી પણ સારી નોકરી ન મળતાં એ મુંબાઈમાં વાંદ્રા ટૉકીઝમાં ડોરકીપર બન્યો હતો. સારો દિવસ જોવા એ માનતા રાખીને અજમેરની સુપ્રસિદ્ધ દરગાહમાં બંદગી કરવા પગપાળો જઈ રહ્યો હતો.

વડોદરાથી બે મિત્રો અમારી સાથે જોડાવાના હતા, અને એ માટે તેઓ છેક પોરબંદરથી ત્યાં સુધી સાઈકલ પર જ આવેલા. વડોદરાથી



કબીર વડની ઘટા (બધાં ચિત્રો રંગમાં છે)

અમે ડભોઈની ખેપ પણ કરી. ચાણોદ-કરનાળી પણ ગયા ને પાછા ફરી વડોદરાનાં કમાટીબાગ, મ્યૂઝિયમ વગેરે જોઈ નજીકના માણેજા ગામે એક સંબંધીને ત્યાં ગયા.


તા. ૧૧મીએ માણેજાથી આણંદ. ત્યાંની વિખ્યાત અમુલ ડેરી અને વલ્લભવિદ્યાનગર વગેરે જોઈ સાંજે નડિયાદમાં જ્યાં હું ભણેલો તે કૉલેજની હોસ્ટેલમાં રાત ગાળી બીજે દિવસે અમદાવાદ પહોંચ્યા. અહીંનાં જોવાલાયક કેટલાંક સ્થળો જોવા સાથે (સ્વ.) કલાગુરુ શ્રી રવિશંકર રાવળ તથા અહીંના અમારી જ્ઞાતિના એક મુરબ્બી શ્રી કે. કા. શાસ્ત્રી વગેરેને પણ મળ્યા. તા. ૧૪મીએ શાસ્ત્રીજીના સૂચન મુજબ અમે ગૂંદી આશ્રમ ગયા. ત્યાંના બે ભાઈઓએ અમને લોથલ પણ બતાવ્યું. વચ્ચે અમને સાઈકલ પર જતા જોઈ પોતાની બસ થંભાવીને એસ. ટી.ના એક કંડક્ટરે અમારી સાથે વાત કરી. અમારા સાહસ બદલ અભિનંદન સાથે આનંદ વ્યક્ત કરી પોતાના તરફથી કંઈક સહાય સ્વીકારવા પણ કહ્યું. એમનો પ્રસ્તાવ સાભાર પાછો વાળ્યો. એ ભાઈ સુમનચંદ્ર બ્રહ્મભટ્ટ તો સાઈકલ ઉપર ભારતનો પ્રવાસ ખેડેલો હતો.

લોથલ પછી ધંધુકામાં બપોરા કરી સાંજે અમે રાણપુર પહોંચ્યા. બોરીવલીના એક સાઈકલ સ્ટોરવાળા પરિચિત ભાઈએ અહીંની જૈન જ્ઞાતિની વંડીમાં ઉતારો રાખવા ભલામણ કરેલી, અને અહીંના એ વંડીના કર્તાહર્તા નંદા શેઠે પણ અમને બહુ હેતથી સાચવ્યા.

તા. ૧૬મીએ પાળિયાદ થઇને વીંછિયા પહોંચ્યા. અહીંના એક ખબરપત્રી શાંતિભાઈ શાહે પોતાને ત્યાં જમાડીને અમને જસદણના યુવરાજ (ને ધારાસભ્ય) શ્રી શિવરાજકુમાર પર એક ભલામણપત્ર લખી આપ્યો. યુવરાજશ્રીએ પણ અમને પોતાના દરબારગઢમાં ઠાઠથી રાખ્યા. પોતે ચિત્રકલાના રસિયા હોઈ અમારા ભરતભાઇએ પ્રવાસ દરમિયાન કરેલાં દૃશ્યચિત્રો બહુ હોંશથી જોઈ આનંદ વ્યક્ત કર્યો. જસદણના વિખ્યાત હિંગોળગઢનો ભરતભાઇએ સ્કેચ પણ કર્યો.

જસદણથી વહેલી સવારે નીકળીને બપોર થતાંમાં તો અમે રાજકોટમાં અમારા કાકાના એક મિત્રને ત્યાં પહોંચી ગયા. અમને જમાડવા ઉપરાંત તેઓ સંગીતકાર હોઈ એમના સંગીતનો લહાવ પણ આપ્યો. ત્રણેક વાગ્યે ત્યાંથી ગોંડલ જવા નીકળ્યા. ગોંડલની રચના અમને ગમી ગઈ. બીજે દિવસે વીરપુરમાં જલારામ બાપાની જગ્યાનાં





△ જેતપુર અને ગોંડલ નજીક માર્ગમાં કરેલા બે દશ્ય-સ્કેચ △




△ ઢિંગોળ ગઢ (જસદણ) અને નીચે માધવપુરનું એક દૃશ્ય. ▽
બધા સ્કેચ : પ્રવાસીઓમાંના એક ભરતભાઈ ભટ્ટ

દર્શન કરી, જેતપુરમાં થોડું રોકાઈ સાંજે જૂનાગઢ પહોંચ્યા. અમને પહોંચતાં મોડું થાય તો અંધારું નડે એમ ધારી અહીંના સંબંધીઓ ટૉર્ચ વગેરે લઈને અમને લેવા સામા આવેલા. પણ નિયત સમય કરતાં યે અમે વહેલા હતા. અહીં પણ અનેક સંબંધીઓને મળ્યા. રાતે જ્ઞાતિજનોએ અમને સત્કાર્યા. બીજે દિવસે—તા. ૧૯મીએ ગિરનારની તળેટીમાં ફરી આવી અમે કુતિયાણા તરફ પ્રયાણ કર્યું. અહીંથી અમારું માધવપુર નજીકમાં જ છે, પણ અમારા પ્રવાસ આયોજનમાં તેનો ક્રમ આવવાને હજી વાર હતી. જૂનાગઢથી વંથળી અને માણાવદર થઇને સાંજે સાડા ચારે કુતિયાણામાં ગોપાલલાલજીની હવેલીએ પહોંચી ગયા.

તા. ૨૦મીએ સવારે ઝાકળ અને ધુમ્મસભર્યા વાતાવરણમાં પોરબંદર જવા નીકળ્યા. રાણાવાવ સુધી અમે આવી ગયાના ખબર એક બસવાળા ભાઈ મારફત ત્યાંનાં સંબંધીઓને પહોંચી ગયા હોઈ તેઓ અમારી રાહ જ જોતા હતા. નિયત સમય કરતાં વહેલા હોઈ અમે એનો લાભ ત્યાંના રોકડિયા હનુમાનનાં દર્શન કરવામાં ને કમલા નેહરુ પાર્ક જોવામાં લઈ લીધો. પોરબંદરમાં ત્યાંના યુવા જાગ્રતિ મંડળે પોરબંદરના જાણીતા કવિ શ્રી દામોદર ભટ્ટ-'સુધાંશુ'ના પ્રમુખપણામાં એક નાનો સમારંભ યોજી અમને સત્કાર્યો હતા.

તા. ૨૧. ધનતેરસે પોરબંદરથી ઊપડ્યા. અમારાં હૃદય હવે વતનમાં ઘેર પહોંચી જવા અધીરાં બની ગયાં હતાં. માર્ગમાં અમદાવાદથી મોટરમાં સૌરાષ્ટ્ર જોવા નીકળેલા એક પરિવારે અમને ગળ્યું મોં કરાવ્યું. ટુકડા નામના ગામમાં એક બેહને પણ હોંશથી અમને પોતાને ત્યાં લઈ જઈ ચા-પાણી કરાવ્યાં. બપોરે ભાદરને કાંઠે નાસ્તો કરી, નવીબંદરનો જીર્ણ ગઢ વગેરે જોઈ અઢી વાગ્યે પાતા પહોંચ્યા. માધવપુર હવે નજીક



જ હતું. અમને લેવા સામા આવેલા કેટલાક સ્નેહીઓએ વહેલા પહોંચી જઇને અમારા આગમનની જાણ કરી દીધી અને એટલે જ્યારે અમે અમારા ગામમાં પહોંચ્યા ત્યારે ત્યાં તો અમારા સ્વાગતની મોટી તૈયારી થઈ ગઈ હતી. અમારા સાહસની અહીં પૂર્ણાહુતિ હતી.

એક તુક્કામાંથી ઊભા થએલા આ સાઈકલ-પ્રવાસની આ તો ઉપરછલ્લી દાસ્તાન છે. એની યાદ તો વર્ષો સુધી રહેશે જ, પણ એના થકી થએલા કેટલાક અનુભવો તો જવલ્લે ભુલાશે. દા.ત. એક ભાઇએ અમારા પ્રવાસમાર્ગનો નકશો જોઈ અરબી સમુદ્રના ટૂંકા માર્ગે માધવપુર જવાનું સૂચવેલું. રાણપુરમાં કેટલાક અમારો વેષ જોઈ અમને સરકસવાળા સમજી બેઠેલા, તો નડિયાદ-બેડા વચ્ચે 'મૅલેરિયાની દવા આપવાવાળા.'

આખા યે પ્રવાસમાં અમારી સ્વસ્થતા જળવાઈ રહી, સાઈકલમાં ક્યાં યે પંકચર સુધ્ધાં પડ્યું નહિ અને આરંભથી અંત સુધીના આ સમગ્ર પ્રવાસમાં ચાપાણી, નાસ્તો-ભોજન વગેરે બધું મળી બધા વચ્ચે કુલ ખર્ચ ૫૦૮ રૂપિયા જેટલું થએલું. જીવનનો એક નવતર અનુભવ પામ્યા. ન તો અકસ્માત નડ્યો કે ન તો લૂંટાયા અને સૌથી વિશેષ તો જાણ્યાં અને તદ્દન અજાણ્યાં અનેક લોકોનાં પ્રેમ અને હૃદયની હૂંફનો અનુભવ મળ્યો. આજના યુગને ભલે આપણે ગમે તેવો કહીએ પણ હજી યે માણસાઈ વિલાઈ ગઈ નથી. રજાઓમાં આટલા લાંબા નહિ તો યે બે પાંચ દિવસના પ્રવાસે આવી રીતે આપણા નવયુવાનો નીકળી પડે તો અવળે માર્ગે ચડી ગયાનો એમના પર જે આરોપ છે તે તો દૂર થાય જ, પણ એમને પોતાને પણ ઘણા લાભ થાય એવું અમે અમારા અનુભવ પરથી હવે બેધડક કહી શકીએ છીએ. □

લઘુકથા

બે ટિકિટ

બ્રિજન ત્રિવેદી

'શાન્તુ...!' પ્લૅટફૉર્મ પર ફરતા ઘનશ્યામની નજર મૅગેઝીનમાં ખોવાએલા પ્રૌઢ ચહેરા પર પડી. તેર-ચૌદ વર્ષ પહેલાં જોએલો ચહેરો ઉકેલતાં સહેજ વાર લાગી. પણ પછી તો તરત નામ જ સરી પડ્યું.

શાંતાએ ઊંચે જોયું. ચહેરાની કોમળતા નાશ પામી હતી. કાળા કરતાં ધોળા વાળ વધુ હતા. એક સફેદ લટ તો સાવ અલગ જ તરી આવતી હતી. ક્યાં યુવાન શાંતા ને ક્યાં....

'ઘનશ્યામ!' સૂકી ધરતીમાં ઝરણું ફૂટે તેમ શાંતાના હોઠ પર સ્મિત ફૂટ્યું. ઘનશ્યામ થોડી વાર માટે ખોવાઈ ગયો. શાંતા સાથે પ્રણય હતો, પરંતુ લગ્નની મંજૂરી કોઈનાં માબાપે ન આપી. નિરાશામાં ઘનશ્યામ ઘર છોડી ભાગી ગયો હતો. ત્યાર બાદ શાંતાનું શું થયું તેની કશી ખબર જ ન હતી.

ઘનશ્યામને ચૂપ જોઇ શાંતાએ મૌન તોડ્યું. 'ક્યાં છો? તમારા તો કોઈ ખબર ન મળ્યા...' 'વડોદરા છું...ટેલિફોન ઑપરેટર....'

'લગ્ન કર્યાં? સુખી હશો?...' સહેજ સ્મિત સાથે, બરાબર ઘનશ્યામ સામે જોઈ શાન્તાએ પૂછ્યું. ઘનશ્યામે સામે ગંભીર ચહેરે જ કહ્યું: 'નથી કર્યાં...પણ તારો સંસાર તો સુખી હશે!'

આંગળી ફરતે સાડલાનો છેડો વીંટતાં, નીચું જોઈ સ્મિત વિસ્તારતાં શાંતાએ કહ્યું: 'તમને નહોતું કહ્યું, તમારા સિવાય...' ને વાક્ય અધૂરું છોડતાં કહ્યું: 'રાજકોટ છું. સ્કૂલમાં એકલી જ રહું છું....'

ટિકિટ-બારીએથી વડોદરાની બે ટિકિટ લઈ ઘનશ્યામ પાછો ફર્યો ત્યારે તેણે જોયું કે શાંતાની આંખો સજળ હતી. આંસુ લૂછવા માટે ઘનશ્યામે શાંતાને રૂમાલ તો ધર્યો પરંતુ અનુભવ્યું કે પોતાની આંખો જ ઊભરાઈ આવી છે. □

પચ્ચીસ વર્ષ પહેલાં

(ડિસેમ્બર ૧૯૫૩ • સળંગ અંક ૩૬૦

શ્રી બકુલ ત્રિપાઠીની જેમ આજના જાણીતા હાસ્યલેખક શ્રી પ્રબોધ જોષીની કલમ પણ પ્રથમ 'કુમાર'માં ચમકેલી. એમના એવા લેખોમાંનો આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો લેખ 'આવી જા' ઉતારવા જેવો છે.

સાંજે સાત વાગ્યે ઑફિસેથી આવી ઘરમાં એન્ટ્રી કરી તો આશ્ચર્ય!! ડ્રૉઇંગ રૂમમાં અમારાં 'એ' જ ન મળે! રોજનો કકળાટ ના મળે. ચારે બાજુ નીરવ શાંતિ. જાણે મેં હૃષીકેશ છોડીને લક્ષ્મણઝૂલાના રસ્તે સ્વર્ગાશ્રમમાં પ્રવેશ કર્યો! અને સોનામાં સુગંધ ભળતી હજુ નથી જોઈ, બાકી આ શાંતિમાં તો સાચેસાચ સુગંધી ભળી હતી. ધૂપની વાસ મહેકી રહી હતી!

મેં આગળ વધવાનો પ્રયત્ન કર્યો, ત્યાં અમારા નાના બંધુ પુલકિતે (નામ નવું લાગે તો કોઈ બાળકનું પાડી દેવું. પણ કૃપા કરી વિવેચકોની પેઠે 'આ કઈ જાતનું નામ?' એમ ન પૂછવું) અમને રોકીને કહ્યું: 'મોટા ભાઈ, અંદર ન જતા; ત્યાં જવાની મનાઈ છે. અહીં જ કપડાં ઉતારો.'

નાટકના શૉખીન એવા અમારા પુલકિતકુમાર એવા હાવભાવ સાથે એ બોલ્યા કે અમને લાગ્યું કે કહો ના કહો 'લૂગડાં ઉતારીને વાંચવાનું' કંઈક છે! કોનું મૃત્યુ થયું છે એ જાણીને પછી નિર્ણય કરવો કે તેને માટે આપણને કેટલી લાગણી હતી, અને ફાયદા ગેરફાયદાનો ઝડપી નિર્ણય કરીને પછી જ સ્નાન માટે કપડાં ઉતારવાં એવા અર્વાચીન સગવડિયા શાસ્ત્રને અનુસરનારો હું. એટલે મેં તો પૂછી નાખ્યું કે 'કોણ?'

નાદાન બાળક પુલકિત! તેણે કહ્યું: 'ભાભી?' હું તો આનંદમાં આવી ખડખડાટ હસી પડયો અને ગાવાની તૈયારીમાં પડયો કે 'ભલું થયું ભાંગી જંજાળ, માથે હવે ન પડશે તાલ.' પણ આ અર્વાચીન નરસૈંયા ઉપર તેના પૂર્વજન્મનાં પુણ્ય (કે પાપ?) ફરી વળ્યાં કે અંદરથી અવાજ આવ્યો 'શ્રીં...શ્રીં...'! અવાજ 'એમનો' જ!

મેં પુલકિત સામે જોયું. પુલકિતે સમજૂતી આપતાં કહ્યું: 'ભાભી અનુષ્ઠાન કરી રહ્યાં છે.'

'છે' એ ક્રિયાપદ 'ભાભી' કર્તા સાથે સાંભળતાં જ આપણો ૭૫ ટકા રસ ઘટી ગયો. મેં વધુ આનંદ કરવાનો માંડી વાળી કપડાં બદલ્યાં.

નિરાંત કરીને પાછો ડ્રૉઇંગ રૂમમાં આવ્યો ત્યાં તો દ્વાર ખૂલ્યાં અને 'એ' દેખાયાં. વાળ છુટ્ટા હતા. કપાળે કંકુ અને બારણું ખૂલતાં અગરબત્તી, ધૂપ ને ઘીની વાસ! ને શ્રીમતીજીના મુખેથી 'સારેગમ'ની પેઠે કે તાથૈ, તાથૈ, તા થૈ થૈ'ના તાલ પેઠે શ્રીં શ્રીં સંભળાવા માંડયું.

તમારે સુખી રહેવું હોય, ને માન જાળવવું હોય, અને છતાં આખો મામલો શું છે એ જાણવું હોય, તો બૈરાંઓને કંઈ પૂછવું નહિ અને તેમને બહુ મહત્ત્વ આપવું નહિ. જેમ કે—

'તમે આવી ગયા?'

'હં'.

'હું જરા અનુષ્ઠાનમાં બેઠી હતી.'

'હં'.

'હું બપોરે શાસ્ત્રીજીને ઘેર ગઈ હતી. આપણા શાસ્ત્રીજી; ના ઓળખ્યા? અરે, હું યે ભુલકણી છું ને? તમે ના ઓળખો. તે, મેં એમને મારા જન્માક્ષર બતાવ્યા. તમે સાંભળો છો કે નહિ? અરે, તમને તો હોંકારો ભણવાની યે ટેવ નથી, એ તો હું ભૂલી જ ગઈ! પછી શાસ્ત્રીજીએ મને ૨૧ દિવસનું અનુષ્ઠાન બતાવ્યું. એમાં રોજ સાંજે બે કલાક સુધી 'હે લક્ષ્મી. તું મારા ઘરમાં આવી જા' એવી ભાવના એકાગ્રતાથી કરવાની છે. આપણી પાસે પછી ખૂબ પૈસા આવશે અને પછી તો આપણે... તમે તો જાણો છો કે આપણે કેટલું બધું વસાવવાનું છે. આ બધું હું તમારે માટે કરું છું.'

વાચકોને થતું હશે કે આવી પત્ની મળે તો કેવું સારું! તમારી વાત સાચી છે. આ સંસારમાં મારા જેવા 'સુખી' બહુ જ ઓછા હશે.

તો વાત એમ રહી કે પુલકિતનાં ભાભીએ 'હે લક્ષ્મી! તું મારા ઘરમાં આવી જા'નું અનુષ્ઠાન પ્રારંભ્યું. નાસ્તિકને પણ ધન મળવાની અંધશ્રદ્ધાવાળી યોજના બતાવોને, તો તેની વિકેટ પડી જાય છે, તો મારા તે શા કલાસ? થયું. આ આમ ને આમ પંદર દિવસ વીત્યા અને પેલી અંગ્રેજી કહેવત યાદ આવી કે 'ભગવાન એમને જ મદદ કરે છે જે પોતાની જાતને મદદ કરે છે.' એટલે અમે લક્ષ્મીને અમારા ઘરમાં આવવાની ટ્રાન્સપોર્ટ સગવડ, પરમિટ અને વિસા મળે તે માટે મહેનત કરવા માંડી.

લક્ષ્મીના આગમનને ઘરમાં સુલભ બનાવવા કઈ મહેનત કરવી એ આ યુગમાં કોઇને શીખવવું પડે તેમ નથી. ૨૧ દિવસ તો થાય જ શાના? ૧૯મે દિવસે એક તાર આવ્યો. પુલકિતનાં ભાભીના નામે ભરેલી એન્ટ્રીમાં ૫૦ હજારનું ઈનામ લાગ્યું હતું! 'હે લક્ષ્મી! તું મારા ઘરમાં આવી જા'નું અનુષ્ઠાન ફળ્યું.

દુનિયામાં મુશ્કેલમાં મુશ્કેલ વિચાર એટલે 'પૈસા કયાંથી લાવવા' તે; અને સહેલામાં સહેલું કાર્ય એટલે 'પૈસા કયાં વાપરવા' એ પ્રશ્નનો જવાબ આપવો તે.

પચાસ હજાર આવ્યા એની સાથે જ સાડા સાત હજારની પાઘડી પહેરાવી મરીન ડ્રાઈવ પર લેવાયો ફ્લૅટ નંગ એક, જેમાં રૂમ નંગ પાંચ હતા. તેને શોભે એવું ફર્નિચર, જેમાં આઇટેમ નંગ ૧૭ બનાવડાવી. ફર્નિચરવાળાનાં બિલ નંગ ૧૩ રૂપિયા નંગ ૨૫૦૦ ગણીને ચૂકવ્યા.

બાકી રહેલા ૪૦ હજારની સગવડ કેમ કરવી તેનો હું વિચાર કરું તે પહેલાં 'એમણે' અમલ કર્યો. મોટર નંગ એક: રોકડનું કમિશન કાપતાં અને સેલ્સટૅક્સ આપતાં રૂપિયા ૧૨ હજાર ૬ સો ૬૭. બાકીના ૩૩૩નું બિલ આવે તેવી તાજમાં મિત્રોને સકુટુંબ પાર્ટી આપી.

૨૭ હજાર રહ્યા હતા એમ હું માનતો હતો, પણ ૨૭૦૦નું રેફ્રિજરેટર ને ૧૩૦૦નો રેડિયોગ્રામ તથા રેકોર્ડ જે 'એમણે' નક્કી કર્યા હતાં તેની ડિલીવરી એક દિવસમાં થશે એવો બંને કંપનીનો કાગળ વાંચીને મેં ૨૩ હજાર જ ગણ્યા.

અમને લાગેલા ઈનામની વાત વાયુવેગે પ્રસરી ને 'એમનો' દૂરનો કોઈ પરિચિત ધંધાના વિકાસાર્થે અમારી કમાણીના દસ હજાર ૧૨ ટકા વ્યાજનું લખાણ લખી રોકડા નિકાસ કરી ગયો. કેમ આપ્યા એમ પૂછો છો? કેમ ના પાડું? પૈસા 'એમના' હતા, અનુષ્ઠાન 'એમણે' કર્યું હતું, માણસ 'એમનો' ઓળખીતો હતો, ને બૅંક તો કયાં વ્યાજ આપે છે?

બાકીના ૧૩ હજારનું શું કરવું એ પ્રશ્ન ઉપર ઈન્ટરવલ પડયો. ઈન્ટરવલ પછી ફિલ્મ આગળ ચાલતાં સીન રેસકોર્સ ઉપર ટ્રાન્સફર થયો. લાખ બનાવવા, દબાવીને પૉલીસી રાખી, મજબૂત ઘોડા કાઢી, તેના ઉપર ૫૦૦ વિન, ૫૦૦ પ્લેસ એમ બેટિંગ કર્યું, મોટા ભાવના ઘોડા કયારે આવે! જયારે આપણે ફેવરીટ રમ્યા હોઇએ ત્યારે. હવે એ થીઅરમ મુજબ ફેવરીટ કયારે આવે? આપણે ફલ્યુક રમ્યા હોઈએ ત્યારે. એ દિવસ રેસમાં બધા જ કમાયા. યાને કે ફેવરીટ આવ્યા, યાને કે અમે...સમજી ગયાને? અમારા ચાર પડી ગયા! ચાલો સરસ! નવ હજાર રાખીને ઘેર તો પહોંચ્યા.

પણ હવે એક ચમત્કાર થયો. બીજા કોઇએ પોતાની એન્ટ્રી પણ સાચી હોવાનો દાવો કર્યો. હરીફાઈવાળાએ તે માન્ય રાખ્યું અને અમને ૨૫ હજાર પરત કરવા વિનંતી કરી! (એ વિનંતીપત્ર ધમકીપત્ર જેટલું પણ ઑપ્શન નહોતો આપતો. એમાં તો મોકલી જ આપો એવું પૉઝિટિવ સ્ટેટમેન્ટ હતું.)

૨૫ હજાર પાછા?! હાઉ કમ? ૯ હજાર આપી દઇએ તો યે ૧૬નું શું? યાદ આવ્યું. 'એમને' પેલા ઓળખીતાના દસ જલ્દી લઈ

આવવા કહ્યું. એ જવા તૈયાર થતાં હતાં ત્યાં એ ઓળખીતાનાં ઓળખીતાં આવ્યાં. વિધવા હતાં. આવતાં રડવા માંડયું. 'તમે એમને પૈસા શું કરવા આપ્યા રે...એ પૈસાએ તો એમનો જાન લીધો રે...એ લઇને આવ્યા હતા રે...ત્યાં કોઈ લૂટારો એમને જોઈ ગયો રે...'

મેં જાણી જોઇને, તમને મઝા ન આવે એ હિસાબે, 'હાય હાય' કાઢી નાખ્યું છે. પણ એ ઓળખીતાનાં ઓળખીતાં નહોતાં પણ પત્ની હતાં એ હવે કેવી રીતે કાઢી નાખું?

એમને શોક કરાવ્યા પછી હું ને 'એ' બંને ઠંડા પાણીએ નાહ્યાં. ૧૯નો બંદોબસ્ત કરવા રેફ્રીજરેટર, રેડિયોગ્રામ ને મોટર કાઢીએ તો પતી જાય એમ માની મોટર વેચી જેના ૧૫ દિવસ પછી જ ૧૫ સો ઓછા આવ્યા. રેફ્રિજરેટર ને રેડિયોગ્રામમાં ૪૦૦નો ઘાટો પડયો. થોડું ફર્નિચર કાઢી પૈસા ચૂકવી દીધા.

થયું સાહેબ? ડેરના ડેર! નફામાં ફ્લૅટ મળ્યો ને થોડું ફર્નિચર રહ્યું. પણ ૪૫ના જૂના ભાડાને બદલે માસિક ૨૦૦ ભરી ભરીને મારી જે કેડ ભાંગશે તે કોઈ નહિ કહે.

ઠોકર વાગે ને સમજે તેનું નામ માણસ.

'એ' સમજી ગયાં. શાસ્ત્રીને ઘેર ગયાં. પાછાં આવ્યાં. હત્તારી! આખી વાત હવે સમજાઈ.

તમને ખબર પડી કે ભૂલ ક્યાં થઈ હતી?

પૈસા પાછા આપ્યા તે?

ના જી.

રેસકોર્સ ઉપર ગયા તે?

જી ના.

પૈસાને વ્યાજે આપ્યા તે?

ઊંહું!

તો? મોટર લીધી તે?

અલબત્ત નહિ.

તો રેફ્રિજરેટર ને રેડિયોગ્રામ લીધા તે?

નૉટ ઍટૉલ!!

પાઘડી આપીને ફ્લૅટ લીધો તે?

ડૉન્ટ ટૉક સિલી!! સાચી ભૂલ તો શાસ્ત્રીજીએ શોધી કાઢી. શાસ્ત્રીએ કહ્યું: બહેન, આવી ભૂલ થાય? તમે મહાલક્ષ્મી દેવીને એમ કહ્યું ને, કે હે લક્ષ્મી! તું મારા ઘરમાં આવી જા.'

અમારાં 'એમણે' કહ્યું: 'હા શાસ્ત્રીજી.'

'તે પછી આવું જ થાય ને?

'હું સમજી નહિ.'

આ સંવાદ સાથે તો હું પણ સહમત થાઉં છું (ને તમે પણ થાઓ) કે હું યે કંઈ ન સમજ્યો.

શાસ્ત્રીજી ઉવાચ: 'તમે લક્ષ્મીને કહ્યું કે 'આવી જા'. એનો અર્થ તો એમ, કે આવી અને જા: એટલે એ આવીને પછી જતાં રહ્યાં.

લાંબી વાત ક્યાં કરું? સુખી અંત જ કહી દઉં, બીજા દિવસે અનુષ્ઠાન શરૂ થયાં. દિવાળીની રજાને લીધે પુલકિત પૂના ગયો હતો એટલે નિરાંતે ત્રણત્રણ કલાક પૂજા થવા માંડી. આ વખતે તો વાંધો નહોતો. અનુષ્ઠાનમાં 'એ' કહેતાં હતાં કે 'હે લક્ષ્મી, તું મારા ઘરમાં આવીને કાયમ રહે; તેને તારું ઘર બનાવ.'

આ સાધના ફળી. ગઈ કાલે સાંજે જ પુલકિતનો કાગળ છે, તેની ભાભી ઉપર, કે:
મુ. ભાભી


તમે જાણીને ખુશ થશો કે મેં મારી કૉલેજ-ફ્રેન્ડ મિસ લક્ષ્મી સાથે લગ્ન કરવાનો નિર્ણય કર્યો છે. હવે લક્ષ્મી મારી સાથે જ મુંબઈ આવે છે. અને એ હવેથી આપણી સાથે જ રહેશે. અને લક્ષ્મી કહે છે કે 'હું તમારા ઘરને મારું ઘર બનાવીશ.' તમારાં ને મોટાભાઇનાં આશિષ માગું છું. —લિ. પુલકિતનાં વંદન

શતરંજના કોયડા . . . . સુરેશ મોદી

આપણે છેલ્લે T. R. Dawsonનો Asymmetry અને Retrograde Analysis વાળો કોયડો જોયો. એ કોયડામાં ફક્ત પૃથક્કરણમાં પાછળની ચાલનો વિચાર કરવાનો હતો. આ વખતના કોયડામાં સફેદે એક ચાલ પાછી ચાલીને એક ચાલમાં મ્હાત કરવાનું છે. આવા કોયડામાં સફેદ છેલ્લે કઈ ચાલ્યો હશે તે નિર્વિવાદ સાબિત કરવું પડતું નથી. શતરંજના નિયમ પ્રમાણે કોઈ પણ શક્ય ચાલ પાછી ચાલી શકાય છે. આ કોયડો પણ T. R. Dawsonનો રચેલો છે. વાચકો જોઈ શકશે કે આકૃતિની સ્થિતિમાં 1 sd6! Set mate છે. પહેલાં આપણે જોઇએ કે સફેદ એવી કોઈ ચાલ પાછી ચાલી શકે છે કે જેથી મૂળ મ્હાત 1 sd6! જેમની તેમ જ રહે.

જો ઘોડાની ચાલ પાછી ચલાય તો પછી તે ઘોડો એક ચાલમાં મ્હાત તો શું, શેહ પણ આપી ન શકે. રાજા E7, E8 કે g8 પરથી f8 પર ગયો હશે માની તે પાછો ચાલીએ તો ઘોડો અનુક્રમે h7 પરના કાળા હાથી, કાળા વજીર ને d5 પરના ઊંટથી અણઊઠ થાય અને 1sd6 ચાલ અશક્ય બને. f2 પરનો ઊંટ ચાલે તોપણ ઘોડો f1 પરના કાળા હાથીથી અણઊઠ થાય. E2 પરના ઊંટના ચાલવાથી d3 કે f3 પરથી તેનો કાબૂ ઊઠી જાય. d4 પરનું પ્યાદું d2થી ત્યાં ગયું હોય (d3થી નહિ, કારણ ત્યાંથી કાળા રાજાને શેહ આવે છે) તે પાછી ચાલતાં સફેદનો E5 પરનો કાબૂ રહેતો નથી. g3નું પ્યાદું g2 પર પાછું ચાલતાં f4 પરનો કાબૂ નષ્ટ થાય છે.

T. R. Dawson



White to retract and mate in one

d7 પરનું પ્યાદું d6 પર પાછું ચાલીએ તો ઘોડાને મ્હાત કરવાનું ખાનું જ જતું રહે છે.

બોર્ડ પર કાળાનાં ૧૪ મ્હોરાં છે. બાકીનાં બન્ને સફેદનાં પ્યાદાંથી જ મરાયાં હશે તે કહેવું મુશ્કેલ નથી. જો b5, b7 કે d7 પરનું પ્યાદું કાળાના ઘોડાને (કાળાનું બીજું મરેલ મહોરું કાળા ખાના પર ચાલતો ઊંટ છે ને b5, b7 કે d7 જે ત્રણેય સફેદ ખાનાં છે) મારીને ત્યાં આવ્યું હોય તો તે ઘોડાને b5, b7 કે d7 મૂકીએ તો તેનો d6 પર કાબૂ આવી જાય છે કે સફેદ રાજાને શેહ આવે છે. માટે સફેદ પાસે એવી કોઈ ચાલ પાછી ચાલવા માટે રહી નથી કે જેથી 1sd6થી મ્હાત થાય.

માટે સફેદ 1sd6 જતી કરીને મ્હાતની નવી ચાલ શોધવી પડે છે. આનો ઉકેલ આ પ્રમાણે છે:

Retract: SE5-f7 (એટલે કે f7 પરના ઘોડાને E5 પર પાછો ચાલો) પછી—

Mate: 1Bd3!

Set mate 1sd6માં જે કામ ઊંટ કરે છે (d4 અને f3 પર કાબૂ રાખવાનું) તે હવે ઘોડો કરે છે અને જે કામ ઘોડાનું હતું તે (શેહ આપવાનું અને f5 પર કાબૂ રાખવાનું) હવે ઊંટ કરે છે. Set mate ઉકેલના મ્હાતમાં ઘોડા અને ઊંટના કાર્યભારની અદલબદલ બતાવતો આ એક સુંદર કોયડો છે. □

ટિકિટ-સંગ્રહ ગયા માસની ૧૪મી તારીખે બાલદિન નિમિત્તે ને ૧૭મીએ રાષ્ટ્રીય લઘુઉદ્યોગ મેળા નિમિત્તે તથા ૨૫મીએ આપણા એક ઐતિહાસિક દળ–'સ્કિનર્સ હૉર્સ' (તેના વિષે આવતા અંકે)ની ૧૭મી જયંતી નિમિત્તે એમ ત્રણ ખાસ ટપાલટિકિટો બહાર પડી. (પ્રેષક·જગદીશ બિનિવાલે) બાળદિનની બહુરંગી ટિકિટ ઉપર દિનેશ શર્મા નામના દહેરાદૂનના દસ વર્ષના એક કિશોરનું 'બે મિત્રો' નામનું ચિત્ર છપાયું છે. આ ટિકિટ સાથેના ફર્સ્ટ-ડે કવર ઉપર પણ બાર વર્ષની કુ. સુધા રેડ્ડીનું 'સરઘસ' નામનું સુંદર ચિત્ર પૂર્ણરંગમાં આપ્યું છે. આ બંને ચિત્રો ગયા વર્ષની શંકર આન્તરરાષ્ટ્રીય બાલ હરીફાઈમાં રજૂ થયાં હતાં. બીજી ટિકિટમાં લેથ ઉપર કામ કરતા આદમીનું પ્રસંગોચિત અને એકરંગી ચિત્ર છે.



ગ્રેટ બ્રિટનની નાતાલના તહેવારો નિમિત્તની ચાર ખાસ બહુરંગી ટિકિટોનાં ડિઝાઈનનો વિષય છે. 'ક્રિસ્ટમસ કૅરૉલ' એટલે કે નાતાલનાં આનંદગીતો. વિવિધ કાળના કૅરૉલ-ગાયકોનાં વૃંદ તેમાં દર્શાવ્યાં છે. મૂલ્યાનુક્રમ પ્રમાણે પહેલી ટિકિટ ઉપર વિક્ટોરિયન કાળમાં ક્રિસ્ટમસ ટ્રીની આસપાસ કુંડાળું વળી કૅરૉલ ગાતું વૃંદ બતાવ્યું છે. ચાર્લ્સ ડિકન્સે પોતાની 'ક્રિસ્ટમસ કૅરૉલ' નામની કૃતિમાં આનું બહુ સુંદર નિરૂપણ કરેલું છે. અને આજે પણ લગભગ આ રીતે જ એ પ્રચલિત છે. બીજી ટિકિટ ઉપર મધ્યકાળના રાતના ચોકીદારો છે. મધરાતે નવું વર્ષ બેસે ત્યારે તેઓ બ્યુગલ તથા અન્ય વાદ્યો વગાડીને તેની જાહેરાત પણ કરતા. ત્રીજી ટિકિટ ઉપર અઢારમી સદીના કૅરૉલ ગાયકોની રજૂઆત છે. 'ધી બોર્સ હેડ કૅરૉલ' બહુ જૂનું ને આજે યે ઑક્સફર્ડની ક્વીન્સ કૉલેજમાં ગવાતું કૅરૉલ છે. ચોથી ટિકિટ ઉપર ૧૬મી સદીના ગાયકોને એ કૅરૉલ ગાતા દર્શાવ્યા છે ને તેમની પાસે એક તાસકમાં ભૂંડનું માથું ધરીને માણસ ઊભેલો બતાવ્યો છે. નાતાલની ઉજવણીમાં ભૂંડ (બોર)-ના માથાની વાનગીના જમણના એક બહુ જૂના રિવાજનો એમાં નિર્દેશ છે. આ ચારેય ટિકિટ પરના ગાયકોના જે તે સમયના પોશાકો નોંધનીય છે. (પ્રેષક · રમણિકલાલ સોલંકી-લંડન)






△ કાર્ટૂનિસ્ટ 'અણુ'એ કરેલો શિવનો સ્કેચ




▷ શિવ કરેલું વ. પ્ર. મોરારજીભાઈનું સામુહિક કટાક્ષચિત્ર

શિવનાં કટાક્ષચિત્રો









△ કટોકટી પછીની સ્થિતિ પરનાં બે કાર્ટૂનો. નીચે : શિવની 'માર્મિકા'ની વાનગી. જમણી બાજુ 'મનતરંગ'ના નમૂનારૂપ ચાર વ્યંગચિત્રો.




























△ કટોકટી કાળના વિવિધ સંદર્ભોમાં બનેલાં આ કટાક્ષ-ચિત્રો, એ સમયના રોજબરોજના બનાવોથી માહિતગાર માટે સમજવાં સરળ છે. તેમાં રહેલી કટાક્ષની ચોટ શિવની એ સમયના બનાવોની સમજ અને એમની કટાક્ષકળાનો અચ્છો ખયાલ આપી રહે છે.








◁ 'બે જણ'. માત્ર બે જ પાત્રો લઇને શિવે રમૂજી ટુચકાઓ કહેતી એક વ્યંગચિત્ર-માળા રચેલી. 'માર્મિકા'નાં બે પાત્રો કરતાં આ માળાનાં પાત્રો અને વિષયો તદ્દન ભિન્ન છે. તીખા કટાક્ષોના બદલે આમાં નિર્દોષ રમૂજ પર વધુ ભાર મુકાએલો છે.

▽ કટોકટીનો અંત આણનાર ચૂંટણી સમયે દોરાએલું શિવનું એક કાર્ટૂન. દેશના રાજકીય તખ્તા પર જે દશ્યો ભજવાઈ રહ્યાં છે તે જોતાં આજે પણ એ એટલું જ માર્મિક લાગે છે.





સ્વ.

શિવ પંડયા અને એમનાં વ્યંગચિત્રો

લેખક
જયંતી
પટેલ



કાળો કાગળ-ધોળો હાથ' કટોકટી કાળમાં
વ્યંગચિત્રકારની સ્થિતિ દર્શાવતું કાર્ટૂન


ઇતિહાસ ભણ્યા હશો તો એમાં તમે જાતજાતના ભંગાર યુગો વિષે વાંચ્યું હશે. હા જી, ભંગાર યુગ. કારણ કાર્ટૂનિસ્ટની દૃષ્ટિએ ઇતિહાસ એ ભંગાર જ છે, કેમ કે માણસે હજી કોઈ એવી કમાલ કરી બતાવી નથી કે ફાનસ તરીકે ન ઓળખાય. અને ફાનસ પણ કેવું? એમાં નથી તેલ, નથી વાટ.

જૂની ચોપડીવાળાને ત્યાંથી તમને આપણી ગુલામી અને આઝાદીનો ઇતિહાસ મળી આવશે. ગુલામી વખતના ઇતિહાસમાં એક વાત આવે છે. કોઇ એક ભીમદેવને ઘોડા ખરીદવા મોકલીને એની બૈરીને શાસકો ઉપાડી ગએલા. આઝાદીના ઇતિહાસમાં પણ લગભગ આવી એક વાત છે. દેશ આઝાદ થયો તે પછી...પણ પછીની એ વાત જવા દો! ગાંધીજી આઝાદી લેવા ગએલા, અને આઝાદી આવી યે ખરી. પણ પછી કોઇએ એને ગુમ કરી દીધી. એના અપહરણના એ કાળને 'ઈમરજન્સી' કહે છે. આ કાળમાં એનો પત્તો જ નહોતો એટલું જ નહિ, એના વિષે બોલી પણ શકાતું નહિ, લખી પણ શકાતું નહિ. અને લખાતું તો છાપી શકાતું નહિ. અને જે કંઈ વાંચવા-જાણવા મળતું એ બધું અમુક અધિકારીઓની ચાળણીમાંથી ચળાયા પછી, કાર્ટૂનિસ્ટ સ્વ. શિવ પંડયા કહેતા તેમ કહીએ તો ઘઉંના બદલે કાંકરા જ રહેતા. એ કાંકરા ચીતરીને આપણી ચેતનાને જાગતી રાખવાનો પ્રયત્ન કરનાર તરીકે શિવ પંડયા પણ આપણને યાદ રહેશે. કટોકટી-યુગમાં આપણી આંખો પર પાટા બંધાઈ ગયા હતા; વાચા, શ્રવણ વગેરે ઇન્દ્રિયો ઉપર કાપ મુકાઈ ગયા હતા, ત્યારે યે કાર્ટૂનિસ્ટોની 'સૂક્ષ્મ' અભિવ્યક્તિ એ વાઢકાપમાંથી ક્યારેક છટકી જતી હતી.


શેખઆદમ આબુવાલાએ 'જનસત્તા'માં એક નોંધ લખી હતી: અમદાવાદમાં કટોકટી દરમિયાન છપાએલાં અને નહિ છપાએલાં શિવનાં ૩૯ કાર્ટૂનો તથા કેટલાક કવિઓનાં કાવ્યોની રજૂઆતનો એક કાર્યક્રમ ગોઠવાએલો. એમાં શિવનું એક નહિ છપાએલું કાર્ટૂન હતું. એમાં એક ઊજળો હાથ કાળા કાગળ ઉપર કાળી શાહીથી કંઈક લખતો કે ચીતરતો બતાવ્યો છે! કાળો કાગળ અને શાહી પણ કાળી! લખાએલું કે ચિતરાએલું કંઈ દેખાય નહિ. છતાં આદતના જોરે-કે અંતરની પ્રેરણાથી એ હાથ તો પોતાનો ધર્મ બજાવે જ છે. એના આ પ્રયાસનો ઉદ્દેશ સરવાનો નથી, કશું કહી શકાતું નથી, છતાં હાથ કાર્યશીલ છે. એ કલમ કે એ હાથ હજી ભાંગ્યાં નથી. કટોકટીનાં કાળાં વાદળોમાં એ રૂપેરી કિનાર જેવું ગણાય. જો એ કલમ કે એ હાથ ભાંગ્યા હોત તો? આ એક જ કાર્ટૂનમાંથી કેટલાય અર્થ તારવી શકાય છે. કાર્ટૂનની એ જ ખરી તાકાત છે.

આમ, પ્રથમ નજરે સામાન્ય લાગતા કાર્ટૂનમાં કોઈ સમગ્ર યુગની કથાનો સાર સમાવી શકાય એવું એ ચોટદાર માધ્યમ છે. આઝાદી પછી ગોવામાં પોર્ટુગીઝોએ ભારતને લડત આપવાનો સળવળાટ કર્યો ત્યારે 'ટાઈમ્સ ઑાવ ઇંડિયા'ના આર. કે. લક્ષ્મણે એ આખી વાર્તા માત્ર ત્રણ જ કાર્ટૂનમાં સમાવી લીધી હતી. બીજા વિશ્વયુદ્ધ વખતે ચર્ચિલે હિટલરનો સામનો કરી લેવાનો પડકાર ફેંક્યો ત્યારે એક કાર્ટૂનમાં બ્રિટનના બધા માણસો બાંયો ચડાવીને સમગ્ર ધરતીને ધમધમાવતા આગેકદમ કરતા બતાવીને એના ચિત્રકારે ઇતિહાસની એ ક્ષણને અમર કરી દીધી હતી. આપણી ગુલામીના યુગમાં કાર્ટૂનિસ્ટ શંકરે એ સમયના વાઈસરૉય, સરકારી અમલદારો અને બડા બાબુસાહેબોના આ દેશ પ્રત્યેનાં વલણોને અજબ સચોટતાથી ચીતરી બતાવ્યાં હતાં.

પોતાનાં કાર્ટૂનો પ્રજામાં ધારી અસર પેદા કરે એ માટે કાર્ટૂનિસ્ટને આકરો શ્રમ કરવો પડે છે. રાજકારણના પ્રવાહો સાથે સતત સંપર્કમાં રહેવું પડે છે. એમાંથી જ કોઈ ઘટનાને પકડીને એને કાર્ટૂન દ્વારા તીવ્રતા આપી રજૂ કરવી પડે છે. શિવે આ બધું કરેલું 'કાળો કાગળ, ધોળો હાથ' એનું એક ઉદાહરણ છે. આજે તો આપણે ભૂલી ગયા છીએ કે આપણા વિચારો જો પ્રકટ ન થઈ શકે, અને આપણા મગજમાં અખબાર, રેડિયો કે ટી. વી. દ્વારા બીજા જ વિચારો ઠાંસી દેવાતા હોય ત્યારે આપણું ચિત્તતંત્ર કેવું ખળભળી ઊઠે છે. પણ એ બધું અનુભવ્યા પછી હવે એ ન ભૂલી જઈને આ દેશને સુધારવો હોય તો કટોકટી જેવી પરિસ્થિતિ જ યોગ્ય છે એવું જ્ઞાન ઘણા લોકો બતાવવા લાગ્યા છે. માણસના મનની આવી ગુલાંટો કાર્ટૂનિસ્ટ જાણે છે, પોતાનાં કાર્ટૂનોમાં એ એની નોંધ પણ લે છે. તમે નિક્સનથી માંડી ઇંદિરાજી સુધીની કોઈ પણ વ્યક્તિને કદી એમ કહેતાં સાંભળી છે કે એણે જે કર્યું છે એ એમની ભૂલ હતી? આર. કે.



◁ ભારતનો અન્નપ્રશ્ન અને વસ્તી વધારા પર કટાક્ષ.



▷ ગણવેશના શોભન પર રમૂજ. પરદેશમાં રજૂ થએલાં શિવનાં કાર્ટૂનોમાંનાં બે.

લક્ષ્મણ આપણા 'મિનિસ્ટરો' અને એમની વચ્ચે રહેતા પેલા અબુધ માણસ દ્વારા દરરોજ માણસની આવી ગુલાંટોના ખેલ બતાવે છે, પણ કદી કોઈ મિનિસ્ટર કે અબુધ આદમીએ કબૂલ્યું છે કે અમે પણ આવા લોચા વાળીએ છીએ? એ તો એમ જ માને છે કે આવી ભૂલો કરનારા બીજા, હું નહિ. શિવે પોતાની 'માર્મિકા'ની વ્યંગચિત્રમાળામાં, એ એક જ શીર્ષક અને અમુક જ પાત્રો દ્વારા અનેક વિષયો અને હજારો વ્યક્તિઓનાં મનની વાતને રજૂ કરી છે. જરા ઊંડાણથી જોતાં લાગશે કે શિવે એમાં થોડામાં ઘણું કહી દેવાના તથા થોડાશા ચિતરામણમાં જ એ રજૂ કરી દેવાના પોતાના કૌશલનો તેમાં પુરાવો આપ્યો છે. મરમીને જ સમજાય, અને જેને સમજાય એના હૃદય સુધી ઊંડી અસર કરે એવી એ શ્રેણીમાં વેધક વ્યંગ કરવાની એમની કૌશલભરી લાક્ષણિકતા હતી. કટોકટીએ આંકી આપેલી પ્રતિબંધની રેખાને વળોટવામાં એમને પોતાને માટે જોખમ હતું, જેમાં એનાં કાર્ટૂનો પ્રકટ થતાં એ 'જનસત્તા' માટે પણ ભય હતો. અને છાપું બંધ કરવું પડે એ જોખમ નાનુંસૂનું ન જ ગણાય. જેઓ આ સમજતા તેઓ શિવને આવું સાહસ ન કરવા સમજાવતા. જેલમાં પુરાએલા મિત્રો એમના આગમનની રાહ જોતા. ત્યારે સેન્સરના અધિકારીઓને સમજાવવા-પટાવવા શિવને 'જનસત્તા'માંથી એમના દફતર સુધી લગભગ રોજ દોડવું પડતું. મન મજબૂત હતું, ભયનો સામનો કરવા કૃતનિશ્ચય હતું પણ હૃદય... એ હૃદયે જ લથડિયું ખાધું!

એક બપોરે છાતીમાં ગભરામણ ઊપડી. દુખાવા જેવું લાગ્યું. સહેજે છાતી પર હાથ ફરવા લાગ્યો, અને આવા દુખાવાને જાણનાર એમના મિત્ર એ જોઇને એમને તુરત ડૉકટર પાસે લઈ ગયા. ડૉકટરે એમને 'ઇન્ટેન્સિવ કેર'ના વૉર્ડમાં દાખલ કરી દઈ સંપૂર્ણ આરામ માટે હુકમ આપ્યો. હૃદયરોગના એ પહેલા હુમલાને કારણે સળંગ ચાર મહિના એમને બિલકુલ પથારીવશ રહેવું પડ્યું.

ધાર્યું હોત તો આ બહાને તેઓ બેસી રહી શકયા હોત. એ જરૂરી પણ હતું. પણ એમણે પોતાનું કામ જારી રાખ્યું. અલ્લાહાબાદના ચુકાદા પછી સત્તા માટે જે સ્ટ્રો ખેલાયો તેની ચર્ચાઓ તો વર્ષો સુધી ચાલશે, પણ ત્યારે તો રાજકારણના બજારમાં મંદી આવવા બદલે તેજી આવી ગઈ. સાંજે ઊગે એ સૂરજ, ને સવારે ઊગે એને ચાંદ કહેવાતો! ઑલ ઇંડિયા રેડિયો, ટી. વી.ને છાપાંમાં એવી જાહેરાતો થવા લાગી. વટલેલાઓને શિષ્યની કંઠી બંધાવા લાગી ને 'ચમચા' ભક્ત કહેવાવા લાગ્યા. સત્ય સમજનારનું લોહી ઊકળી જતું, પણ એના ટેમ્પરેચરમાં જરાક ફેર દેખાય કે એને જેલની સારવારમાં મોકલી દેવાતા. કાર્ટૂનિસ્ટોને આ બધું સમજવા છતાં ચિત્તને શાંત રાખીને હસતાં-હસાવતાં તમાચો મારવાની અને તમાચો પણ ફૂલના સ્પર્શ જેવો લાગે એવી કળા અજમાવવાની હતી. અગાઉ વિદ્રોહી ગણાતા એવા ખાંસાહેબો યે માતાજીના ભૂવા બની ધૂણવા માંડેલા. ધૂણે એ જ માતાનો ભગત ગણાય એવા એ સમયમાં શિવે પણ એ જામેલા વાતાવરણમાંથી પોતાની પીછીના ઘોદા મારીને એની હવા કાઢી નાખવાની સિફત વધારવા માંડી હતી.

પણ એ કંઈ કટોકટીકાળના જ કાર્ટૂનિસ્ટ નહોતા. એ કાળ તો એમની કળાનો માત્ર સોનેરી ગાળો હતો. બાકી રાજકારણથી માંડી 'શિવતરંગ', 'મનતરંગ', 'માર્મિકા', 'અબોલિકા' એમ વિવિધ વ્યંગચિત્રમાળાઓ તથા ગુજરાતના નામી સાહિત્યકારનાં ઠઠ્ઠાચિત્રો સુધી એમણે અનેક દિશામાં પોતાની વ્યંગકળા અજમાવી હતી. કયાંક તેમાં તીવ્રતા હતી, કયાંક સૌમ્યતા.

'કુમાર'ના ઑગસ્ટ (૧૯૭૮)ના અંકમાં એમની અવસાનનોંધ સાથે એમનો પરિચય પ્રકટ થયો છે. વસોમાં ઈ. ૧૯૨૮માં એમનો જન્મ. પિતા નડિયાદમાં સરકારી દવાખાનું ચલાવતા એટલે નડિયાદમાં એ ભણ્યા, પરંતુ માધ્યમિક શિક્ષણ પણ પૂરું કરેલું નહિ. પછી સ્વ. રવિશંકર રાવળની ચિત્રશાળામાં ચિત્રકળાના પાઠ સાથે કાર્ટૂનનો કક્કો પણ ઘૂંટ્યો. અમદાવાદમાં 'પ્રભાત' દૈનિકમાં પહેલી નોકરી કરી. મુંબાઈ જઈ ત્યાં 'વંદેમાતરમ્', 'રમકડું', 'ચિત્રલેખા' વગેરેમાં કામ કર્યું. 'રમકડું'માં પ્રકટ થતી એમની 'ચીચુકાકા'ની ચિત્રવાર્તાએ સારું આકર્ષણ ઊભું કરેલું. મુંબાઈમાં પગભર થઈ જવા છતાં તેઓ અમદાવાદ આવતા રહ્યા અને 'ગુજરાત સમાચાર'માં જોડાયા. 'ઝગમગ'માં યે એમણે ચીચુકાકાની માળા ચલાવી. પછી સ્વ. નંદલાલ બોડીવાળાના સમયમાં અને ચીમનભાઈ પટેલના વખતમાં એમ બે વખત 'સંદેશ'માં કામ કર્યું ને છેલ્લાં સત્તર વર્ષથી તેઓ 'જનસત્તા'માં કાર્ટૂનો કરતા હતા. અહીં રાજકીય બનાવો પરનાં દૈનિક કટાક્ષચિત્રો ઉપરાંત એની સાપ્તાહિક પૂર્તિમાં 'શિવતરંગ' અને પછી કંઈ પણ લખાણ વિનાનાં 'મનતરંગ' શ્રેણીનાં આગવાં કાર્ટૂનો પણ પ્રકટ થતાં. 'શિવતરંગ'ને એ બોલતી ફિલ્મ અને 'મનતરંગ'ને એ મૂગી ફિલ્મ જેવાં કહેતા.

ઊગતા કાર્ટૂનિસ્ટોએ પોતાના વિકાસ માટે શું કરવું જોઈએ એવા એક પ્રશ્નના જવાબમાં એમણે સૂચવેલું કે '...પ્રથમ તો જુદાજુદા વ્યંગચિત્રકારોની શૈલીનો અને પ્રકારનો અભ્યાસ કરવો જોઇએ. એ માટે એમનાં કાર્ટૂનોની શૈલી અને પ્રકાર પ્રમાણે જુદીજુદી ફાઇલો રાખવી જોઇએ. વળી, પોતાના વિચારોને ચિત્રમાં-વ્યંગચિત્રમાં ઉતારવા માટે સ્કેચ વગેરે કરવાનો સતત રિયાઝ કરવો જોઇએ. રાજકારણનાં કાર્ટૂનો કરવાં હોય તો રાજકારણનું વ્યાકરણ ભણવું જોઇએ તથા એક જ વાતને જુદાજુદા મત પ્રમાણે રજૂ કરવાની આવડત કેળવવી જોઇએ... શરૂશરૂમાં તો વ્યંગચિત્રો વાર્તાચિત્રો (ઇલસ્ટ્રેશન) જેવાં બનશે, પણ પછી







મનમાં જેમજેમ સ્પષ્ટતા વધતી જશે તેમતેમ આપમેળે આગવી શૈલી વિકસતી જશે. મારાં વ્યંગચિત્રોમાં પાત્રનાં હાથ પગ કે વસ્ત્રો માત્ર લીટોડા લાગશે, પણ એની નકલ મુશ્કેલ જણાશે. અને પાત્રના મુખ-ભાવમાં પાત્ર નહિ, પરંતુ એની વિવિધ વૃત્તિઓ જોવા મળશે. વારંવાર રિયાઝ કરીને ગાયકને માટે જેમ સૂર પકડવો સરળ બની જાય છે તેમ કાર્ટૂનમાં પણ આ બધું જેને હું 'જીવ પકડવો' કહું છું તે સહજ સરળ બની જાય છે, અને ત્યારે જ આગવી શૈલી પ્રકટે છે.'

છેલ્લાં વર્ષોમાં એમને ગુજરાતના ખ્યાતનામ સાહિત્યકારોનાં ઠઠ્ઠા-ચિત્રો (કાર્ટૂન નહિ, કૅરીકેચર્સ) બનાવવાની લગન લાગેલી. નર્મદથી નિરંજન ભગત લગીના બાવન જેટલા સાહિત્યકારોનાં ઠઠ્ઠાચિત્રો એમણે કરેલાં. હાલ એનો સંગ્રહ છપાઈ રહ્યો છે. એ એક પોતાનું આગવું પ્રકાશન બની રહેશે એવી એમને શ્રદ્ધા હતી અને એને માટે એમણે મહેનત પણ એટલી જ લીધી હતી.

કૅનૅડામાં મૉન્ટ્રીઅલ ખાતે યોજાતા આંતરરાષ્ટ્રીય કાર્ટૂન-મેળામાં એમનાં કટાક્ષચિત્રો પણ રજૂ થએલાં. ઍથેન્સમાં યોજાએલા 'ફાસિઝમ' વિરુદ્ધનાં વ્યંગચિત્રોના પ્રદર્શનમાં પણ એમણે ભાગ લીધેલો. એમણે તૈયાર કરેલી બે રંગીન બાલ-ચિત્રકથાઓ—'માંકડાની મુસીબત' તથા 'ચૂચુ અને ચાંદો' પણ પ્રકટ થવામાં છે.


મૉન્ટ્રીઅલની વાત નીકળેલી ત્યારે એ આંતરરાષ્ટ્રીય વ્યંગચિત્ર મેળા વિષે મારે કંઈક લખવું જોઈએ. એવું એમણે સૂચન કરેલું. ખરેખર આ વિષય વિષે આપણે ત્યાં બહુ લક્ષ અપાયું નથી. આપણી કલાશાળાઓમાં વ્યંગચિત્રોનો ડિપ્લોમા કૉર્સ તો બાજુએ રહ્યો; પણ એ વિષયને એક હૉબી-વ્યાસંગ તરીકે પણ નથી અપનાવાયો એ આપણી કમનસીબી છે. મારી આ માન્યતામાં તેઓ પૂરેપૂરા સહમત હતા. ગુજરાતમાં કાર્ટૂનિસ્ટોની ખોટ નથી. વર્ષો પહેલાં 'કુમાર'માં 'સંસારદર્શન ચિત્રાવલી' આપીને સ્વ. રવિશંકર રાવળે એ દિશામાં આરંભ કરેલો. અને તે પછી બંસી વર્મા ('ચકોર'), શનિ, ચંદ્ર, દેવ ગઢવી, ઈન્દ્રદેવ આચાર્ય, નારદ, રૂપમ અને બીજા ઘણા કાર્ટૂનિસ્ટો આપણે ત્યાં થયા છે. બીજા પ્રાંતોની સરખામણીમાં આપણે પણ આ દિશામાં નબળા નથી જ, અને એટલે જ આ ક્ષેત્રમાં એકાદ સંઘ કાઢવાનો સમય હવે પાકી ગયો છે. ચિત્રશાળામાં એથી આનંદનો એક જુદો જ રંગ આવી શકશે. ટ્રાફિક્સ-ની સૂઝ સાથે માણસની 'બીહેવીઅર્સ' સમજવા મળે એવી એક નવી

કૅરીકેચર્સ એટલે કે વ્યક્તિની લાક્ષણિકતા પકડી પાડીને એને ટીખળપૂર્વક રજૂ કરતાં ઠઠ્ઠાચિત્રો. વ્યંગચિત્ર-કારની અવલોકનશક્તિનું તેમાં પ્રમાણ મળે છે. શિવને આવાં ઠઠ્ઠાચિત્રોમાં ખાસ રસ હતો. ગુજરાતના સાહિત્યકારોનાં આવાં ચિત્રોની તો એમણે એક લાંબી માળા ચીતરી છે. (જે હવે એક સંગ્રહ રૂપે પ્રકટ થવામાં છે. વાનગી રૂપે એમનાં આ ચાર ઠઠ્ઠાચિત્રોમાં અહીં મથાળેથી અનુક્રમે : લૉર્ડ સી. પી. સ્નો, નિરંજન ભગત, ઇશ્વર પેટલીકર અને (બાજુમાં) ગાલબ્રૅથ.



દિશાનો માર્ગ ખૂલી શકે તેમ છે. ચિત્રકળાના એક પૂરક અંગ તરીકે એનો ગંભીરપણે વિચાર કરવા જેવો છે.

હૃદયરોગના પહેલા હુમલા વખતે જે લાંબો સમય એમને પથારી-




આ વર્ષે 'કુમાર'ને મળેલાં નૂતન વર્ષાભિનંદનોમાંથી ચૂંટેલી થોડી જાતે બનાવેલી કૃતિઓ : મથાળે પ્રથમ કલાકાર ઇન્દ્ર દુગડ (કલકત્તા)નું દશ્યચિત્ર. તેની નીચે બળવંત જોષી (રાજકોટ)એ મોકલેલું શોભનમય ચિત્ર. ઉપર વચ્ચે હરિભાઈ ટંડેલ (કૃષ્ણપુર)નું કરેલું ગ્રામકન્યાનું ચિત્ર તથા જમણી તરફ જલેન્દુકુમાર (વડોદરા)નું તાંત્રિક શૈલીનું આલેખન. નીચે અનુક્રમે, કવિ હરિકૃષ્ણ પાઠક (ગાંધીનગર)નો સ્કેચ, રંગીન સ્કેચપેનો વડે વરાડથી લક્ષ્મી એન. ગામીતે મોકલેલા ઊડતા હંસો અને પોરબંદરથી દેવજીભાઈ વાજાએ માત્ર પીંછી વડે આલેખેલી સવત્સ ગાય.

વશ રહેવું પડ્યું તે દરમિયાન બીજું તો કંઈ પણ કામ કરવાની મનાઈ હતી એટલે એમણે પોતાની અભિવ્યક્તિ માટે કવિતાના માધ્યમ પર અજમાયશ કરી. એથી માંદગીનું દુઃખ તો હળવું થયું જ, ઉપરાંત એમની સર્જનશક્તિને એક નવો જ વળાંક પણ મળ્યો. 'સંસ્કૃતિ', 'સમર્પણ', 'કવિતા', 'સાહિત્ય' વગેરેમાં એમનાં કાવ્યો પ્રકટ થયાં છે. નિરંજન ભગતે એમને 'ચિત્રકાર કવિ' નહિ, 'ચિત્રકાર અને કવિ' તરીકે યોગ્ય રીતે ઓળખાવ્યા છે. એમનાં કાવ્યો કલ્પનાસભર જ નહિ, ભાવસભર પણ ગણાવ્યાં છે.

અને એ કવિ હતા એટલે જ એમની કલ્પનામાં કલમ તલવારનું રૂપ લે એ એમને પસંદ નહોતું. એ કહેતા : 'પીંછીના છેડે એક પતંગિયું બેઠું હોય છે… ક્ષણેક્ષણના રંગ એ પકડે છે, અને એવી ક્ષણ વીતી જતાં એ ઓચિંતું જ ઊડી જાય છે.' એમનો આત્મા પણ એમ ઓચિંતો જ ઊડી ગયો. એ દિવસ હતો ૧૩મી જુલાઈ ૧૯૭૮નો. એ દિવસના સમાચાર હતા : શરદ પવારને ૧૭૮ ધારાસભ્યોનો ટેકો. ચવ્હાણની મદદથી વસંતદાદા પાટિલની પીઠમાં પવારનું ખંજર વાગ્યું હતું. ન ધારેલું બન્યું હતું. એનું એમણે કાર્ટૂન કરેલું, અને એ દિવસે બીજું પણ ન ધારેલું જ બન્યું. મૃત્યુએ એમના હૃદયનો કબજો લઈ લીધો હતો. એમણે જ લખ્યું છે.—

'પૂછે વર્તુળો
મનના શાંત સરોવરમાં કોણ ગયું ડૂબી?
પૂછે વર્તુળો એકબીજાના કાનમાં.' □



શબ્દકથા : બાવડું, બાંય

સંસ્કૃતના પુલ્લિંગ बाहु (કોણીથી કાંડા સુધીનો હાથ, કળાઈ)ની સાથોસાથ પાલિ-પ્રાકૃતમાં સ્ત્રીલિંગ बाहा એવું રૂપ પણ વપરાતું થયું.

बाहु સાહિત્યક શૈલીમાં જ આપણે વાપરીએ છીએ. પાછળથી बाहु કે बाह 'ખભાથી કોણી સુધીનો ભાગ' એવા અર્થમાં વપરાતો થયો. પ્રાચીન સંસ્કૃત કોશોમાં बाहुरक्षा 'બાવડાનું કવચ' એવા અર્થમાં નોંધાયો છે, અને बाहरखय, बहिरखड ઉપરથી થયેલ वेरखु કોણીનું ઘરેણું છે. ('બાંયે બાજુબંધ બેરખાં રે.') સંસ્કૃતમાં बाहुभूषा પણ 'કેયૂર'ના અર્થમાં નોંધાયો છે. વળી बावडुं શબ્દ बाहुને લઘુતાવાચક 'डउ' પ્રત્યય લાગીને થએલા वाउडउમાંથી ઊતરી આવ્યો છે. बाहा પરથી થએલ वाह અપભ્રંશમાં તેમ જ જૂની ગુજરાતીમાં ચાલુ રહ્યો છે. હેમચંદ્રે ટાંકેલા નીચેના અપભ્રંશ દુહામાં તે વપરાયો છે :

બાહ વિછોડિવિ જાહિ તુહું હઉં તેવંઈ કો દોસુ।
હિઅય-ટ્ઠિઉ જઈ નીસરહિ જાણુઉં મુંજ સરોસુ॥

(કાંડું છોડાવીને તું ચાલ્યો જાય છે તેમાં શી હાનિ થઈ? જો તું હૃદયમાંથી ચાલ્યો જાય તો હું જાણું કે મુંજ ખરેખર રીસાયો છે.)

वाहનું લઘુતાવાચક રૂપ बाहिअ થયું. તે પરથી થએલ वांही, वाई, वांय હવે માત્ર બાંયે ઝાલવું જેવા પ્રયોગોમાં જ કળાઈનો અર્થ ધરાવે છે. બાકી બધે જ તે 'પહેરણ વગેરેનો હાથને ઢાંકતો ભાગ' એવા અર્થમાં જ વપરાય છે. હિંદી वांह બંને અર્થ ધરાવે છે. અંગ્રેજી बाउ (bough) 'ડાળ' (જૂના અંગ્રેજી પૂર્વરૂપ bogનો અર્થ 'ખભો'), ફારસી बाज़ू (સરખાવો बाजूबंद) અને સંસ્કૃત बाहु એ ત્રણેયનું મૂળ એક જ છે

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ
ખંડ ૧-૨-૩
ધીરુ પરીખ

કોઈ પણ ભાષાના સાહિત્યનો ઇતિહાસ લખવો એ એક અતિ ગંભીર સાહિત્યિક પ્રવૃત્તિ છે. આવા પ્રયાસો કાં તો વ્યક્તિઓ દ્વારા અથવા તો ધંધાદારી પ્રકાશકો દ્વારા થતા હોય છે. ગુજરાતી સાહિત્યના ઇતિહાસલેખનના અત્યાર સુધીમાં અનેક પ્રયત્નો થયા છે. એમાંના કેટલાક તાટસ્થ્યપૂર્વક તો કેટલાક તાટસ્થ્યની ખેવના કર્યા વગર થયા છે. વળી, મહદંશે આ પ્રકારના આપણી ભાષાના સાહિત્યના ઇતિહાસો વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમાં ઉપયોગી થાય એ રીતે તૈયાર થયા છે. આથી એનું લેખન કે સામગ્રી પૂરા અવધાનથી તૈયાર થએલાં જણાશે નહિ. ભણનારાઓનું ગાડું એથી ગબડી રહે છે; પણ જે ચોકસાઈ, સત્યપ્રિયતા, નિરપેક્ષતા, લેખનશુદ્ધિ આદિની અપેક્ષા રહે તેનો એવા ગ્રંથોમાં વત્તેઓછે અંશે અભાવ વર્તાય છે. પશ્ચિમના અધિકૃત અને સધ્ધર સાહિત્ય-ઇતિહાસમાં જે તે જમાનાની કલમોનો હવાલો અતિ વિવેકપૂર્વક અપાતો હોય છે. આ વિવેકનો પણ આપણી અત્યાર સુધીની ગ્રંથસામગ્રીમાં અભાવ જણાયા વગર રહેતો નથી.

આવી પરિસ્થિતિમાં આપણી ભાષાના સાહિત્યના ઇતિહાસના સન્નિષ્ઠ અને શ્રદ્ધેય ગ્રંથ મળે એવી તાતી જરૂરિયાત આજે છે ત્યારે ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી સંસ્થાએ એ પ્રકારના ત્રણ ગ્રંથો પ્રકટ કરીને એક કરણીય પ્રવૃત્તિ હાથ ધરી છે તે સંતોષની વાત છે. સર્વશ્રી ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ અને યશવંત શુક્લ આ ગ્રંથોના સંપાદકો અને શ્રી ચિમનલાલ ત્રિવેદી એના સહાયક સંપાદક છે. પ્રથમ ગ્રંથમાં ઈ. સ. ૧૧૫૦ થી ૧૪૫૦ સુધીના ગાળાને આવરી લેતો ભાષા ને સાહિત્યનો ઇતિહાસ આપવામાં આવ્યો છે. બે વિભાગમાં વહેંચાએલા આ ગ્રંથનાં કુલ આઠ પ્રકરણોના લેખકો છે સર્વશ્રી હરિપ્રસાદ શાસ્ત્રી, હરિવલ્લભ ભાયાણી, પ્રબોધ પંડિત, કેશવરામ શાસ્ત્રી અને ભોગીલાલ સાંડેસરા. મધ્યકાલના સાહિત્યના આ વિશ્વસનીય વિદ્વાનો પોતપોતાના ક્ષેત્રમાં જાણીતા છે અને પોતાના એતદ્ક્ષેત્રીય જ્ઞાનનો લાભ આ પ્રકરણોને એમણે આપ્યો છે. પ્રથમ વિભાગમાં મધ્યકાલીન સાહિત્યનો, તેનાં સાહિત્યસ્વરૂપોની સંક્ષિપ્ત ચર્ચા સાથે, ચિતાર આપવામાં આવ્યો છે. અહીં અપેક્ષા રહે કે તે તે સાહિત્યસ્વરૂપની ગણ્ય કૃતિઓનો અને કર્તાનો વધુ વિગતથી પરિચય અપાયો હોત તો! આ ગ્રંથનાં કુલ પૃષ્ઠ ૩૩૭ અને કિંમત રૂપિયા ચાર છે.

આ ઇતિહાસના બીજા ગ્રંથમાં ઈ. ૧૪૫૦થી ૧૮૫૦નો સમયગાળો આવરી લેવામાં આવ્યો છે. પ્રાક્નરસિંહયુગીન સાહિત્ય માટે અહીં પ્રથમ ત્રણ પ્રકરણો ફાળવવામાં આવ્યાં છે જેના લેખકો છે સર્વશ્રી ભોગીલાલ સાંડેસરા, ચન્દ્રકાન્ત મહેતા અને રમણલાલ શાહ. ત્યાર બાદ નરસિંહ મહેતા અને અખા પર ઉમાશંકર જોશીએ, આદિ ભક્તિયુગના કવિઓ અને ભાલણ પર કેશવરામ શાસ્ત્રીએ, પ્રબન્ધ સાહિત્ય અને પદ્મનાભ પર કાન્તિલાલ વ્યાસે, મીરાં પર નિરંજન ભગતે, જૈન સાહિત્ય પર શિવલાલ જેસલપુરાએ, પ્રેમાનંદના પુરોગામી આખ્યાનકારો પર ચિમનલાલ ત્રિવેદીએ, પ્રેમાનંદ પર જયન્ત કોઠારીએ, દયારામ પર નટવરલાલ પંડયા 'ઉશનસે' શ્રમપૂર્વક પ્રકરણો તૈયાર કરી આપ્યાં છે, તો પરિશિષ્ટોમાં પારસી કવિઓ પર પેરીન ડ્રાઈવરે, લોકસાહિત્ય પર કનુભાઈ જાનીએ અને ભવાઈ પર સુધાબહેન દેસાઇએ જે લખાણો કરી આપ્યાં છે તે પણ સંતોષપ્રદ જણાયા વગર રહેશે નહિ. આ ઉપરાંત સર્વશ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી, શશિન્ ઓઝા, પ્રેમશંકર ભટ્ટ, હરિવલ્લભ ભાયાણી, રણજિત પટેલ, હસુ યાજ્ઞિક, જનક દવે, વાડીલાલ ચોકસી, રમેશ જાની, મહેન્દ્ર પંડયા, સુભાષ દવે આદિ લેખકોનાં લખાણોનો પણ આ ગ્રંથને લાભ મળ્યો છે. આ ગ્રંથનાં કુલ પૃષ્ઠ ૮૬૦ ને કિંમત રૂપિયા ચાળીસ છે.

ત્રીજા ગ્રંથમાં દલપતરામથી કલાપી સુધીના સર્જકકાળને આવરી લેવાયો છે. આ રીતે અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ આ ગ્રંથથી આરંભાય છે. અહીં દલપતરામ પર યશવન્ત શુક્લે, નર્મદ પર વ્રજલાલ દવેએ, નંદશંકર પર મહેન્દ્ર દવેએ, નવલરામ પર જયન્ત પાઠકે, ગોવર્ધનરામ પર રમણલાલ જોશીએ, બાલાશંકર પર રામપ્રસાદ શુક્લે, મણિલાલ દ્વિવેદી પર ધીરુભાઈ ઠાકરે, કે. હ. ધ્રુવ પર યોગેન્દ્ર વ્યાસે, નરસિંહરાવ પર સુસ્મિતા મ્હેડે, કાન્ત પર જયન્ત કોઠારીએ, રમણભાઈ નીલકંઠ પર બિપિન ઝવેરીએ, આનંદશંકર પર હસિત બૂચે, બ. ક. ઠા. પર નિરંજન ભગત અને હર્ષદ ત્રિવેદીએ, કલાપી પર ઈન્દ્રવદન કા. દવેએ પ્રકરણો તૈયાર કર્યાં છે તો પારસી સાહિત્યપ્રવાહ પરના પરિશિષ્ટમાં કવિતા પર પેરીન ડ્રાઈવરે અને નવલકથા તથા નાટક પર મધુસૂદન પારેખે પોતાના અભ્યાસલેખો તૈયાર કર્યા છે અને અન્ય ગૌણ સર્જકો પર ઇશ્વરલાલ દવે, ચિમનલાલ ત્રિવેદી અને ભૂપેન્દ્ર ઉપાધ્યાયે

અજ્ઞેય પ્રકરણો તૈયાર કર્યાં છે. આ ગ્રંથનાં કુલ પૃષ્ઠ ૬૬૦ અને કિંમત રૂપિયા ૧૮-૮૫ છે.

પ્રસ્તુત ત્રણેય ગ્રંથોમાં વિવિધ લેખકોએ કલમ ચલાવી હોવાથી શૈલીની સંવાદિતા ન રહે તે સ્વાભાવિક છે. આમ, એક સળંગ ગ્રંથને અનિવાર્ય શૈલી-સંવાદિતાનો અને અભિવ્યક્તિની એકતાનો અહીં અનિવાર્યતયા અભાવ હોવા છતાં ય વિવિધ કલમોનું આગવું શૈલી-સૌન્દર્ય અને અભિવ્યક્તિ, નાવીન્ય આસ્વાદ્ય બની રહે છે. અદ્યપિ થએલા ગુજરાતી સાહિત્યના ઇતિહાસલેખનના પ્રયાસોમાં 'ઝાઝા હાથ રળિયામણા'ની સત્યતા આ ગ્રંથો દ્વારા પુરવાર થતી લાગશે. ગ્રંથસ્વરૂપની સુબદ્ધતા ને સળંગતાના ભોગે પણ વિવિધ અભ્યાસીઓના અહીં ઉપલબ્ધ થતા શ્રમમંડિત અભ્યાસલેખો આ ગ્રંથોની ગુણવત્તાના નિર્વિવાદ પુરાવા છે અને તેથી જ શિક્ષણસંસ્થાઓ અને પુસ્તકાલયો આ ગ્રંથોથી અલિપ્ત રહે તો તેમને પાલવે નહિ એવી મારી પ્રતીતિ છે.

(ત્રણેય ગ્રંથોનાં પાકાં પૂઠાં : પ્રકા૦ ગુજરાતી સાહિત્ય પરિષદ; મુખ્ય વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ-૧.)

નવાં પ્રકાશનો

ગુજરાત યુનિવર્સિટી
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ગુજરાતી ભાષાનું વ્યાકરણ : છેલ્લાં કેટલાંક વર્ષો જગતભરમાં ભાષાકીય અભ્યાસ-સંશોધનની નવી નવી ક્ષિતિજો ઉઘાડી છે ત્યારે આપણી ભાષામાં પણ તેને એક સ્વતંત્ર ઘટના તથા સામાજિક પ્રવૃત્તિ તરીકે સમજીને વર્ણવવાનો સમય પાકી ગયો છે. તે પડકારને ઝીલી લઈ ડૉ. યોગેન્દ્ર વ્યાસે આ પુસ્તકમાં અત્યાર સુધીમાં લખાએલાં ગુજરાતી વ્યાકરણવિષયક પુસ્તકોથી જુદા માર્ગે સંચરી ગુજરાતી ભાષાના ધ્વનિઓ, રૂપો ને રચનાઓ રૂપે આપણી ભાષાના ભાષાકીય ઘટકોની વ્યવસ્થાના નિયમોને સૂત્રપૂર્વક શાસ્ત્રીય રીતે અહીં નિરૂપ્યાં છે તે ઉક્ત વિષયના જિજ્ઞાસુઓ ને અભ્યાસીઓને રસપ્રદ થઈ પડશે.(પાકું, પૃ.૩૧૪, રૂ.૨૫.)

આધુનિક રાજ્ય : રાજ્યશાસ્ત્રના પ્રસિદ્ધ વિદ્વાન મૅકઆઈવરના અંગ્રેજી પુસ્તક 'ધ મૉડર્ન સ્ટેઈટ'નો હસમુખ જ. પંડયાએ કરેલો આ ગુજરાતી અનુવાદ રાજ્યશાસ્ત્રના વિદ્યાર્થીઓની જ્ઞાનવૃદ્ધિમાં મહત્ત્વની સહાય કરે તેવો છે તથા તે વિષયમાં રસ ધરાવનારાઓને પણ રાજ્યના ઉદ્ભવથી માંડી તેની આજની વિકસિત પરિસ્થિતિ ને વિભાવના સુધીની એમાંની ચર્ચા ઉપકારક નીવડે તેવી છે. (પાકું પૂઠું, પૃ. ૫૨૯, રૂ. ૧૯).

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી દુલેરાય કારાણી

જન્મ: તા. ૨૬-૨-૧૮૯૬. કચ્છ સુન્દ્રામાં. શાળાનો અભ્યાસ (દસમી શ્રેણી જેટલો, પણ આપમેળે તથા રાત્રિશાળામાંથી અંગ્રેજી, ફારસી ને ઉર્દૂ વગેરે ભાષા શીખ્યા. ઉર્દૂ કવિ નઝીરના 'કુલિયાતે નઝીર' તથા શાહ અબ્દુલ લતીફના સિંધી 'શાહ જો રિસાલો' ને ગુજરાતી લિપિમાં ઉતાર્યા. મુંદ્રાની દરબારી શાળામાં મદદનીશ શિક્ષકથી માંડી કચ્છના કેળવણી ખાતામાં ડેપ્યુટી ઈન્સ્પેક્ટર પદે પહોંચ્યા તે દરમિયાન સમગ્ર કચ્છ ખૂંદી વળીને કચ્છી લોકસાહિત્યનું સંશોધન કર્યું. ૧૯૪૯માં નિવૃત્ત થયા પછી સોનગઢ (સૌરાષ્ટ્ર)માં જૈન છાત્રાલયમાં ૨૫ વર્ષ સુપરિન્ટેન્ડન્ટ. હાલ અમદાવાદમાં સ્થાયી.

૧ કચ્છી લોકસાહિત્યના મુખ્ય વિષયો કયા હોય છે?

ઉ. તેમાં આત્મસમર્પણ, જવાંમર્દી, ટેક, તેજસ્વિતા ને લોકકલ્યાણની ભાવનાની વાત સવિશેષ જોવા મળે છે.

૨ કચ્છી ભાષાની વિશિષ્ટતા શી છે?

ઉ. સ્વ. શ્રી મેઘાણીએ વર્ણવ્યા પ્રમાણે કહું તો કચ્છી ભાષા અલ્પાક્ષરી, માર્મિક અને ચોટદાર છે. એમાં સંખ્યાબંધ શબ્દો એકાક્ષરી છે. સિંધી અને કચ્છી તો બે બહેનો જેવી છે. પંજાબી, મારવાડી ભાષાની તાકાત પણ તેમાં ભળેલી છે.

૩ આપને લોકસાહિત્ય તરફ વાળનાર પ્રેરક બળ અને વ્યક્તિઓ કયાં?

ઉ. લોકસાહિત્ય પ્રત્યેની અભિરુચિ અને વ્યક્તિઓમાં મુનિશ્રી કલ્યાણમલજી તથા મહારાઓ શ્રી મદનસિંહજી.

૪ કયા કચ્છી વ્યક્તિવિશેષો આપને સવિશેષ પ્રિય રહ્યા છે? અને શાથી?

ઉ. રાજાઓમાં લાખો ફુલાણી. એણે દૂર દેશાવરથી બાજરાનું વાવેતર અહીં આણ્યું અને જીવનભર લોકકલ્યાણનાં અનેકાનેક કાર્યો કર્યાં. બીજા રાજા લખપતજી, જેમણે દેશભરમાં અદ્વિતીય એવી 'વ્રજભાષા પાઠશાળા' સ્થાપી કવિઓનાં ઘડતરની વ્યવસ્થા કરી. ઘેટાં બકરાં ચારવામાંથી આપબળે આગળ વધી રા' રાયઘણ જેવા કચ્છના રાજાની સાન ઠેકાણે આણી રાજનો કર્તાહર્તા બની કચ્છનો ક્રૉમવેલ ગણાનાર ફતેહમહમદ જમાદાર, મેઘજી શેઠ ને ખત્રી સુંદરજી શેઠ તથા 'વીસમી સદી' જેવું માસિક કાઢનાર હાજીમહમદ પ્રત્યે પણ મને માન છે.

૫ આપના પ્રિય કવિ, લેખકો અને પુસ્તકો કયાં?

ઉ. લેખક ગોવર્ધનરામ ત્રિપાઠી, કવિ નાનાલાલ, હિંદી કવિ મૈથિલિશરણ ગુપ્ત, ઉર્દૂમાં નઝીર ને સિંધીમાં શાહ લતીફ. 'સાકેત', 'કવિતાકૌમુદી'ના ચારેય ભાગ અને 'શાહ જો રિસાલો' એ મારાં પ્રિય પુસ્તકો.

૬ આપના ખાસ શૉખ? અને કુદરતમાં પ્રિય સ્થળ?

ઉ. શૉખ શતરંજ અને બંસીવાદનનો—જો કે હવે તો એ ભૂતકાળ બની ગયો છે. કુદરતમાં પ્રિય સ્થાન હિમાલય.

૭ આપનાં પચાસ જેટલાં પુસ્તકોમાંથી અંગત રીતે આપને પસંદ કયાં?

ઉ. 'ગાંધી બાવની' અને 'દયાનંદ બાવની.' બંને હિંદીમાં છે. ગાંધી અને દયાનંદ મારા જીવન-સ્તંભો છે.

૮ લોકસાહિત્યના નવોદિત સંશોધકો-સંપાદકોમાં આપ કયા ગુણ જરૂરી ગણો છો?

ઉ. પગપાળા પ્રવાસ ને રખડપટી માટેનું ખડતલપણું, સર્વ સંયોગોને સુગમ બનાવવાની આવડત, તદ્દન સામાન્ય લાગતા લોકોમાં પણ ભળી જવા જેટલી નમ્રતા ને મળતાવડાપણું, અવિરત કાર્ય કરવાની તૈયારી અને લોકસાહિત્યની ખરી પરખ જરૂરી છે.

દુલેરાય કારાણી

નાનાલાલ-શતાબ્દી ગ્રંથ : ગયા વર્ષે કવિવર નાનાલાલના જન્મ-શતાબ્દી અનેક સંસ્થાઓએ ઊજવી હતી. ગુજરાત યુનિવર્સિટીએ પણ સાહિત્ય પરિષદ, ગુજરાત વિદ્યાસભા, નાનાલાલ સ્મારક ટ્રસ્ટ, ગુજરાત સાહિત્યસભા અને ગુજરાત સરકારના સહયોગથી કવિની જન્મ-શતાબ્દી ઉજવણીનો કાર્યક્રમ હાથ ધર્યો હતો. તેના એક ભાગરૂપે વિવિધ વિદ્વાનો દ્વારા જે વ્યાખ્યાનશ્રેણીનું આયોજન કર્યું હતું તે અઢાર વ્યાખ્યાનોનું આ સંપાદન કવિ ને કવિતાપ્રેમી હરકોઇને સંતર્પક થાય તેવું છે. નાનાલાલના વ્યક્તિત્વ વિષે તેમ જ એમની ધર્મભાવના વિષે નાનાલાલના ઊંડા અભ્યાસી પ્રો. અનંતરાય રાવળનાં અહીં બે વ્યાખ્યાનો સંગૃહીત થયાં છે. નાટકકાર નાનાલાલની પ્રતિભાને મૂલવતા પ્રયત્નો 'નાટયસર્જક નાનાલાલ' (ધીરુભાઈ ઠાકર), 'તપસ્વીનો શાપ' (ચંદ્રવદન મહેતા), 'ઇન્દુકુમારનું વસ્તુવિધાન' (જયન્ત કોઠારી) અને 'જયા જયન્ત—વસ્તુ અને અભિનેયતા' (રઘુવીર ચૌધરી) એમ ચાર વ્યાખ્યાનોમાં તદ્વિદોએ સુપેરે કરેલા છે. શ્રી યશવંત શુક્લે નાનાલાલનું કેળવણીકાર તરીકેનું તો શ્રી ચંદ્રકાન્ત શેઠે કવિનું વિવેચક તરીકેનું પાસું ઉપસાવી આપ્યું છે. ડૉ. રમણલાલ જોશીએ 'નાનાલાલનો સમયસંદર્ભ' યોગ્ય વિગતોથી ચર્ચ્યો છે, તો ડૉ. ભોળાભાઈ પટેલે કવિની પ્રાસંગિકતા વિષે ચર્ચા કરી છે. નવલકથાકાર તરીકે નાનાલાલને જોવાનો સદૃષ્ટાંત પુરુષાર્થ ડૉ. જયન્ત ગાડીતે કર્યો છે, તો નાનાલાલની કાવ્યભાષા વિશે ડૉ. સુમન શાહે પોતાના વિચારો પ્રકટ કર્યા છે. નાનાલાલની સાહિત્યવિભાવના વિશે પ્રા. ચંદ્રશંકર ભટ્ટે સદૃષ્ટાંત વિવરણ કર્યું છે, તો ડૉ. ચિમનલાલ ત્રિવેદીએ નાનાલાલના જીવનસંદેશને પ્રકટ કરી આપ્યો છે. કવિ તરીકે નાનાલાલના 'વસંતોત્સવ' વિષે પ્રા. નલિન રાવળે પોતાનું વક્તવ્ય પ્રકટ કર્યું છે તો ઊર્મિકવિ તરીકે નાનાલાલનું યોગ્ય પરિપ્રેક્ષ્યમાં પ્રા. નિરંજન ભગતે વિવરણ કર્યું છે. નાનાલાલે મહાકાવ્ય લખવાના જે બે પુરુષાર્થો ખેડ્યા તેને 'હરિસંહિતા' નામક લેખમાંથી હર્ષદરાય દેસાઈએ અને 'કુરુક્ષેત્ર—ન્હાનાલાલનો મહાકાવ્ય-પુરુષાર્થ' નામક વ્યાખ્યાન-લેખમાં ધીરુ પરીખે તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. આ રીતે કવિ નાનાલાલનાં વિવિધ પાસાંઓને જૂની-નવી પેઢીના વિદ્વાનોએ અહીં ચર્ચ્યાં છે તે એક સુયોગ છે. છેલ્લે અપાએલાં પાંચ પરિશિષ્ટોમાંથી પ્રા. વ્રજલાલ દવેએ તૈયાર કરેલા 'સામયિકોમાં કવિનું શતાબ્દી-તર્પણ', પ્રકાશ વેગડે તૈયાર કરેલી 'સંદર્ભ-સૂચિ' તથા કવિના પુત્ર શ્રી નટવરલાલ કવિએ તૈયાર કરેલી 'નાનાલાલના જીવનની મુખ્ય સાલવારી' ઉપયોગી હોઈ ઉલ્લેખનીય છે. વળી, ગુજરાત સરકારની આર્થિક સહાયથી પ્રકટ થએલું આ પુસ્તક પાકા પૂઠાનું અને ૩૩૮ પૃષ્ઠોનું હોવા છતાં ય તેની કિંમત માત્ર રૂ. ૧૦ છે તે હિસાબે શિક્ષણસંસ્થાઓ ને પુસ્તકાલયોએ તો તે ખરીદવા જેવું છે જ, પણ વ્યક્તિગત ધોરણે ખરીદવાની ઇચ્છા રાખનારના ખિસ્સાને પણ તે પરવડે તેવું છે.

રાજનૈતિક સિદ્ધાન્તોનો ઇતિહાસ ભાગ ૧-૨ : યુનિવર્સિટી કક્ષાએ વિસ્તરતી જ્ઞાનક્ષિતિજોનો અભ્યાસ થઈ રહ્યો છે ત્યારે પરભાષાનાં ઉત્તમ પુસ્તકોના અનુવાદ ગુજરાતીભાષી વિદ્યાર્થીઓ ન સુલભ થાય એમ કરવું એ પણ મહત્ત્વની શૈક્ષણિક પ્રવૃત્તિ છે. જ્યૉર્જ સેબાઈનના પ્રશિષ્ટ પુસ્તક 'હિસ્ટરી ઑવ પૉલિટિકલ થીઅરી'નો અહીં બે ખંડમાં તે વિષયના અનુભવી અધ્યાપકો સર્વશ્રી સિદ્ધાર્થ ન. ભટ્ટ અને હસમુખ જ. પંડ્યાએ સુભગ અનુવાદ આપ્યો છે, જે સૌ વિદ્યાર્થીઓ ન અભ્યાસીઓને ઉપયોગી બની રહેશે. (બંને ભાગનું પાકું પૂઠું, બંને ભાગનાં કુલ પૃ. ૧૦૮૦, બન્ને ભાગના રૂ. ૪૬.)

વોરા ઍન્ડ કંપની

ગાંધી ચેમ્બર્સ - ગાંધી માર્ગ - અમદાવાદ—૧

છલછલ : શ્રી શિવકુમાર જોષીના આ દસમા વાર્તા-સંગ્રહમાં ૨૬ વાર્તાઓ સંગૃહીત કરવામાં આવી છે. શ્રી જોષી નીવડેલા વાર્તાકાર છે અટલે પાત્ર-ઉઠાવ, પ્રસંગ ગૂંથણી, ચાતુરીભર્યા ને ચોટદાર સંવાદો વગેરે એમને સહજ છે તેની પ્રતીતિ આ વાર્તાઓમાં પણ થયા વગર રહેશે નહિ અને છતાં ય પોતાની કેફિયતરૂપ નાનકડા નિવેદનમાં એમણે જણાવ્યું છે: 'એક વાર એક બેઠકે વાર્તા લખાઇ ગયા પછી હું ફરીથી એ વાંચી શકતો નથી. મને ડર લાગે છે કે એ વાર્તા કયાં તો વેરવિખેર બની જશે, અથવા તો એને હું રદબાતલ કરી મૂકીશ.' એમની આ કબૂલાત અહીંની કેટલીક વાર્તાઓનો કલાઘાટ જોતાં સાચી લાગે અને ફરી નહિ વાંચવાની આદતના જોરે જ અહીં સ્થાન પામી હોવાનું સ્વીકારવાના એ કેફિયત આપણને ફરજ પાડે છે. (પાકું પૂઠું, પૃ. ૨૨૨, રૂ. ૧૦-૫૦.)

વિહારયાત્રા : ગુજરાતી સમાજમાં વિહાર કરતાકરતાં વિવિધ વય સ્થિતિ-જાતિના માનવોના જે પરિચયાનુભવો પોતાને થયા તેને ફાધર વાલેસે પોતાની ચારુ અને સચોટ ગદ્યશૈલીમાં અહીં સ્મરણોરૂપે રજૂ કર્યા છે તે પ્રેરક વાચન-સામગ્રી પૂરી પાડશે. (કાચું પૂઠું, પૃ. ૧૪૮, રૂ. ૫-૫૦.)

મનનું કારણ : જયવંત દળવીની 'અથાંગ' નવલકથાનો જયા મહેતાએ કરેલો આ અનુવાદ માનવમનની ચહલપહલનો કલાત્મક ચિતાર આપી રહે છે. (કાચું, પૃ. ૧૫૬, રૂ. ૮-૫૦)

હાસ્યાયન : ગુજરાતીઓ રમૂજ કરવામાં મૂજી છે એવું આળ તો ઠીકઠીક વખતથી આપણી પ્રજાને માથે છે, પણ હાસ્યલેખક વિનોદ ભટ્ટે આ પુસ્તકમાં રમણભાઈ નીલકંઠની 'ચિઠ્ઠી' વાર્તાથી માંડી સંપાદકની પોતાની 'શાંતિલાલ મળે તો—' કૃતિ સુધી જે ચયન કર્યું છે તે પ્રસ્તુત આળની સામેનો પ્રચ્છન્ન પડકાર છે. સરસ અને શ્રદ્ધેય પાઠ્ય પુસ્તકની ક્ષમતાવાળું આ ચયન ગુજરાતી સાહિત્યકારોની હાસ્યસાધનાનું ઉમદા અને આવકાર્ય પ્રકાશન છે. (પાકું પૂઠું, પૃ. ૪૩૫, રૂ. ૧૮.)

યોગમાર્ગના પ્રવાસી શ્રી કૃષ્ણપ્રેમ : પરદેશથી આવી, આ દેશમાં વસી, એના તત્ત્વજ્ઞાનથી આકર્ષાઈ એની સાધના કરનાર રોનાલ્ડ હેન્રી નિક્સને વૈષ્ણવી દીક્ષા લઈ કૃષ્ણપ્રેમનું નામ ધારણ કર્યું અને હિમાલયમાં વસી ભારતીય તત્ત્વજ્ઞાનનો અભ્યાસ અને ભાષ્ય કર્યાં. એવી મહાનુભાવ વ્યક્તિનું દિલીપકુમાર રાયે આપેલું આ રસાળ ચરિત્ર રમણલાલ સોની જેવા જાણીતા અનુવાદકની કલમે ગુજરાતીમાં ઊતર્યું છે. (પાકું પૂઠું, પૃ. ૩૯૯, રૂ. ૧૯.)

બાનો ભીખુ : શૈશવનાં પ્રેરક મધુર સંસ્મરણો આલેખતા પ્રથમ 'જ્વાલા અને જ્યોત' શીર્ષકથી પ્રકટ થએલા ચંદ્રકાંત જે. પંડ્યાના પુસ્તકનું પુનર્મુદ્રણ 'બાનો ભીખુ'ના નામે પ્રકટ થાય છે. (પાકું પૂઠું, પૃ. ૧૮૭, રૂ. ૮.)

'૩૧માં ડોકિયું : ૧૯૩૧નું વર્ષ આપણી રાષ્ટ્રીય જાગ્રતિમાં મહત્ત્વનું છે. એ વર્ષે આજના મૂર્ધન્ય લેખક ઉમાશંકર જોશીએ વિદ્યાપીઠમાં જે છ માસ પોતાની યુવાનીના ગાળ્યા હતા તેના આ આલેખ એ જમાનાની તાસીર આપી તત્કાલીન યુવાનના હૈયાની ભીતરમાં લઈ જાય છે. (કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૧૦.)

રોમાંચ : સુરેશ દલાલની નાનીમોટી પદ્યમાં અને ગદ્યમાં લખાએલી ૩૩ કાવ્યકૃતિઓનો સુઘડ સંગ્રહ. (કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૫.)

સત્સંગે સદ્‌વિચાર જાગે : આજના આ સંકુલ યુગમાં માનવજીવનને ઘડવાની નવરાશ જ કયાં છે? સત્સંગ એ માનવજીવન ઘડતરનું એક મહત્ત્વનું સાધન છે. પણ એ શોધવાની ફુરસદ કોને છે? ત્યારે મહાસંતો અને પુરુષોની પ્રેરણાદાયી વાણી અને પ્રસંગોનો અક્ષર-સત્સંગ આજે તો જીવંત સંસર્ગની ગરજ સારે તેવો છે. એવા સત્સંગના પ્રસંગો આલેખતો રંભાબેન ગાંધીનો પ્રેરણાદાયી લેખસંગ્રહ. (કાચું પૂઠું, પૃ. ૧૬૪, રૂ. ૭)

દ્વાદશ જ્યોતિર્લિંગ-૧૨: ઘૃષ્ણેશ્વર

ઔરંગાબાદથી અઢારેક માઈલ દૂર ઇલોરાની જગવિખ્યાત ગુફાઓથી સહેજ આગળ વેરૂળ ગામે ઘ્રષ્ણેશ્વર જ્યોતિર્લિંગનું શિલ્પ-શોભનખચિત નાનુંશું સુંદર કોટબંધ મંદિર છે.

સુધર્મા નામની એક નિઃસંતાન પતિવ્રતા બ્રાહ્મણીએ આગ્રહ કરી પોતાના પતિને ઘૃષ્ણા નામની એક કન્યા સાથે પરણાવ્યો હતો. સમય જતાં ઘૃષ્ણાને એક પુત્ર થયો. સુધર્માએ ઈર્ષાવશ થઈ એ પુત્રને મારી નાખ્યો, પણ ઘષ્ણાની શિવભક્તિના પ્રતાપે એ પુનર્જીવિત થયો અને શંકરે ઘૃષ્ણાને દર્શન પણ આપ્યાં. ઘૃષ્ણાની વિનતિ જ્યોતિર્લિંગ રૂપે શંકરે ત્યાં વાસ કર્યો ને ઘૃષ્ણેશ્વર કહેવાયા.

બીજી પણ કથા છે: એક વાર વિમનસ્ક થઈ શંકર કામ્યવનમાં ચાલ્યા ગયા. વિરહ-વ્યાકુળ ઉમાએ ભીલડી સ્વરૂપે ત્યાં પહોંચી પોતાના નૃત્યથી શંકરને મોહિત કર્યા, અને ઉમાને ભૂલી જઈ સદાય એ વનમાં પોતાની સાથે રહેવાની કબૂલાત કરાવી ઉમાએ પોતાનું ખરું સ્વરૂપ પ્રકટ કર્યું. નૃત્યથી થાકેલી ઉમાને માટે શંકરે ભૂમિમાં પોતાનું ત્રિશૂળ ખોસીને પાતાળમાંથી પાણી કાઢ્યું જે આજે શિવાલયતીર્થ નામે ઓળખાય છે.

એક દિવસ તિલક માટે ઉમા હથેળીમાં કેસર મસળતાં હતાં ત્યારે તેમાંથી શિવલિંગ રચાયું તે ઘૃસુણેશ્વર અને તેમાંથી કાળાંતરે ઘ્રષ્ણેશ્વર નામે ઓળખાયું.

વેરૂળ-ઇલોરામાં કૈલાસ ગુફામંદિર બંધાવનાર રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણરાયે ઘષ્ણેશ્વરનું મંદિર બંધાવેલું. કાળાંતરે વેરૂળના મુખી માલોજી ભોંસલેએ તેનો જીર્ણોદ્ધાર કરાવેલો. ઔરંગઝેબે એ મંદિર તોડી પાડચા પછી મલ્હારરાવ હોળકરની પત્ની ગૌતમાબાઇએ ૧૭૩૦માં એ ફરી બંધાવ્યું અને ૧૭૬૯માં અહલ્યાબાઈએ ફરી તેનો ઉદ્ધાર કર્યો.

લાલ પથ્થરના આ દક્ષિણાભિમુખ મંદિરમાં કાળા પાષાણનું શિવલિંગ છે. મંદિરનાં ઘૂમટ, શિખર, સ્તંભો વગેરે બારીક સુંદર શિલ્પશોભનોથી મંડિત છે. આસપાસ સરસ પ્રાંગણ અને તેને ફરતો કોટ છે.

પ્રતિવર્ષ શિવરાત્રીએ ત્યાં મોટો મેળો ભરાય છે. એ વખતે ઘષ્ણેશ્વરની ઉત્સવમૂર્તિને પાલખીમાં બેસારી વાજતેગાજતે પાસેના શિવાલયતીર્થમાં સ્નાનાર્થે લઈ જવાય છે.

ઇલોરાની ગુફાઓથી આ સ્થાન નજીકમાં જ હોઈ ઇલોરા જતા સહેલાણીઓ ઘૃષ્ણેશ્વરનાં દર્શને કે એ મંદિર જોવા પણ જાય છે.

—ચંદ્રકાન્ત મો. શુક્લ



માધુકરી

પરંપરિત વેલ આ વિકસતી જ માનવ્યની
સદોદિત ધરી રહે સુભગ ભેટ સત્ નવ્યની.
વિલોપ થકી છે વિશેષતર વિશ્વની તાજગી,
પ્રફુલ્લતર મૃત્યુથી પમરતી રહે જિંદગી.

—રામપ્રસાદ શુક્લ

રાજવૈદ્ય જીવરામ કાલિદાસ શાસ્ત્રી

આયુર્વેદના સમર્થ જ્ઞાતા, સંસ્કૃત સાહિત્યના પ્રકાંડ પંડિત અને શ્રી ભુવનેશ્વરી પીઠના સ્થાપક આચાર્ય શ્રી ચરણતીર્થ મહારાજનો દેહ-વિલય તા. ૨-૯-૭૮ના રોજ ગોંડલ મુકામે ૧૦૩ વર્ષની વયે થયો.

આચાર્યશ્રી ચરણતીર્થ મહારાજનું પૂર્વાશ્રમનું નામ જીવરામ કાલિદાસ શાસ્ત્રી. ઈ. ૧૯૪૭માં વાનપ્રસ્થાશ્રમનો અંગીકાર કર્યો ત્યારથી તેઓ 'અખંડ ભૂમંડલાચાર્ય અનંતશ્રી વિભૂષિત શ્રી ભુવનેશ્વરી પીઠાધીશ જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ચરણતીર્થ મહારાજ' તરીકે અને ટૂંકમાં 'ચરણતીર્થ મહારાજ' તરીકે ઓળખાતા.

તેમનો જન્મ જૂના જામનગર રાજ્યના મેવાસા ગામે વિ. સં. ૧૯૩૧ની મહા સુદ પાંચમ (વસંતપંચમી)ના રોજ થઓ. 'Biographical Encyclopaedia of the World'માં એમની જન્મ તારીખ ૫-૨-૧૮૬૬ આપી છે. પિતા સંસ્કૃત ભાષાના પંડિત અને મહા કર્મકાંડી બ્રાહ્મણ હતા. જીવરામભાઈની ઉમર આઠ વર્ષની થઈ ત્યાં સુધીમાં તો પિતા કાલિદાસ અને માતા અમૃતબાઈ બન્નેનું છત્ર એ ગુમાવી બેઠેલા. છતાં બચપણમાં અનેક વિટંબણાઓ વચ્ચે યે હાર્યા વિના એમણે પોતાનો અભ્યાસ જારી રાખીને ૧૬ વર્ષની વયે 'શાસ્ત્રી'ની પદવી મેળવી.

નાનપણમાં જ પોતાની પ્રબળ જિજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈને તે ગિરનાર તરફ ચાલ્યા ગએલા. ત્યાં તેમને હિમાલયના યોગસિદ્ધ મહાત્મા અચ્યુત સ્વામીનો મેળાપ થયો. અચ્યુત સ્વામીએ એમને શાસ્ત્રોનું ઊંડું અધ્યયન કરાવી મા ભુવનેશ્વરીની દીક્ષા આપી અને દેવી ભાગવતનું સરહસ્ય અધ્યયન કરાવ્યું. ત્યાર બાદ ગુરુઆજ્ઞાથી સંસારમાં આવીને એમણે લલિતાબેન સાથે લગ્ન કર્યાં. સંતાનમાં તેમને ચાર પુત્રો અને નવ પુત્રીઓ છે.

ઈ. ૧૯૦૫માં તેમણે મુંબાઈ વેંકટેશ્વર પ્રેસમાં કેટલોક વખત કામ કર્યું. આ દરમિયાન એ સમયના સુપ્રસિદ્ધ વૈદ્ય બાવાભાઈ અચલજી, કાનજીભાઈ માધવજી, બાલાશંકર બાવાભાઈ વગેરેના સંપર્કમાં તે આવ્યા, ને આયુર્વેદના ક્ષેત્રે કંઈક કરી બતાવવાની તેમને ઉત્કટ ઇચ્છા થઈ;



પરંતુ તેમની આર્થિક સ્થિતિ અત્યંત સામાન્ય હતી. તેથી મેવાસામાં આવેલા પોતાના મકાનને ગીરવી મૂકીને તેના પર રૂા. ૪૦ મેળવી મુંબઈમાં ઈ. ૧૯૦૮માં એમણે 'રસશાળા ઔષધાશ્રમ'ની સ્થાપના કરી, સમય જતાં રા. સા. પુરુષોત્તમ ઓધવજી અને રા. બ. વિસનજી ખીમજી જેવા ઉદારચરિત મહાનુભાવોના સંસર્ગમાં આવ્યા, જેના ફલસ્વરૂપે તેમની આકાંક્ષાઓ સાકાર થવા લાગી.

ઈ. ૧૯૧૦માં તે મુંબઈ છોડી ગોંડલ આવ્યા, ને ત્યાં એ જ વર્ષે 'રસશાળા ઔષધાશ્રમ'ની સ્થાપના કરી. ત્યાંના મહારાજા ભગવતસિંહજી એમની પ્રવૃત્તિઓમાં રસ લેતા ને પ્રોત્સાહન પણ આપતા. મહારાજાએ એમને ગોંડલ રાજ્યના 'રાજવૈદ્ય' તરીકે પણ સ્થાપ્યા.

ગોંડલમાં ઈ. ૧૯૧૫ની ૨૭મી જાન્યુઆરીએ ગાંધીજીએ રસશાળા ઔષધાશ્રમ ગોંડલની મુલાકાત લીધેલી એ પ્રસંગેની એમણે સંસ્કૃત ભાષામાં એમને માનપત્ર આપતાં ગાંધીજી માટે સૌ પ્રથમ વખત 'મહાત્મા' શબ્દ પ્રયોજ્યો હતો.

રાજવૈદ્ય તરીકે એમની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાઈ હતી. સૌરાષ્ટ્ર ઉપરાંત જોધપુર, બિકાનેર, ઈન્દોર, જયપુર, મ્હૈસુર વગેરે રાજ્યના રાજવીઓ પણ તેમની આયુર્વેદની નિપુણતાનો લાભ લેતા. ઈ. ૧૯૪૨માં લાહોરમાં યોજાએલા 'ઑલ ઇન્ડિયા આયુર્વેદિક કૉંગ્રેસ'ના ૩૧મા સમ્મેલનના પ્રમુખસ્થાને રાજવૈદ્ય જીવરામભાઈની વરણી થઈ હતી.

આયુર્વેદના અનેક ગ્રંથો એમણે લખ્યા છે જેમાંથી રસાયણશાસ્ત્ર ઉપરનો ગ્રંથ 'રસરત્ન સમુચ્ચય', ઉપચારપદ્ધતિ પરનો 'રસોદ્ધાર તંત્ર', પારદ વિદ્યા પર 'રસપ્રકાશ સુધાકર', રોગો પરના સિદ્ધ પ્રયોગો વર્ણવતો 'વ્યાધિ-નિગ્રહ', અને આયુર્વેદનાં વિવિધ પાસાંઓ ચર્ચતો ગ્રંથ 'ભેષજ સંહિતા' વગેરે ખાસ ઉલ્લેખનીય છે. કેટલોક સમય તેમણે 'આયુર્વેદ રહસ્ય' નામના માસિકનું સંપાદન-પ્રકાશન પણ કર્યું હતું.

રાજવૈદ્ય હોવા છતાં આર્થિક રીતે નબળા વર્ગના અસંખ્ય દર્દીઓને તેમનાં નિદાન-જ્ઞાન અને દવાઓનો લાભ વિનામૂલ્યે આપતા. વળી, એમનો વિદ્યાવ્યાસંગ માત્ર આયુર્વેદ પૂરતો જ મર્યાદિત નહોતો. તત્ત્વજ્ઞાન, જ્યોતિષ, કર્મકાંડ, વ્યાકરણ, ન્યાય, ધર્મ, કાવ્ય, અલંકાર, પુરાણ વગેરે વિવિધ વિષયો ઉપર પણ તેમણે લગભગ ૨૦૦ જેટલા ગ્રંથો પ્રસિદ્ધ કરેલા છે. લગભગ ૬૦૦૦ જેટલી સંસ્કૃત હસ્તપ્રતો પણ એમણે એકઠી કરી હતી, જેમાંની ઘણી તો ભૂર્જપત્ર ઉપર લખાએલી છે. એમનો એ સંગ્રહ જોઈને ડૉ. રાધાકુમુદ મુખરજી તેમ જ ડોલરરાય માંકડ જેવા વિદ્વાનોએ પણ તેમની નિષ્ઠા અને કાર્યશક્તિની પ્રશંસા કરી હતી. આ હસ્તપ્રતોમાં એમને ભાસનું અપ્રાપ્ય ગણાતું 'યજ્ઞફલમ્' નાટક પણ મળી આવેલું જે એમણે ઈ. ૧૯૨૧માં છપાવીને પ્રસિદ્ધ કરેલું. આ પૂર્વે ઈ. ૧૯૧૩માં ટી. ગણપતિ શાસ્ત્રીએ હસ્તપ્રતોના આધારે 'ભાસ નાટક ચક્ર' નામે ભાસનાં ૧૩ નાટકો સૌપ્રથમ પ્રકટ કરેલાં, પણ તેમાં 'યજ્ઞફલમ્'નો સમાવેશ નહોતો. આથી ચરણતીર્થ મહારાજે પ્રકાશિત કરેલું 'યજ્ઞફલમ્' ભાસને એક મહાન અંજલિ રૂપ અને સંસ્કૃત સાહિત્યને અમૂલ્ય પ્રદાન બની રહ્યું. મુંબાઈ યુનિવર્સિટીએ એમ. એ. કક્ષાએ 'યજ્ઞફલમ્'ને પાઠ્યપુસ્તક તરીકે પણ માન્ય કર્યું હતું. વળી, હસ્તપ્રતના આધારે તેમણે શ્રીમદ્ ભગવદ્ગીતાના શ્લોકોની સંખ્યા ૭૪૫ હોવાનો દાવો કરીને એ ગીતા પણ પ્રસિદ્ધ કરેલી. તેમની આ વિદ્વત્તા અને સંશોધનનિષ્ઠાના ઉપલક્ષ્યમાં વિશ્વની વિવિધ સંસ્થાઓએ એમને ૪૨ માનાર્હ પદવીઓ અર્પણ કરી હતી. ન્યૂ યૉર્કના ઇન્સ્ટિટ્યૂટ ફૉર રિસર્ચ ઈન બાયોગ્રાફીએ પ્રકટ કરેલા 'બાયોગ્રાફિકલ એન્સાઈક્લોપીડિયા ઑાવ ધ વર્લ્ડ'માં ચરણતીર્થ મહારાજને પણ સ્થાન આપેલું એ હકીકત કોઈ પણ ભારતવાસી માટે અને સવિશેષ ગુજરાત માટે ગૌરવપ્રદ છે.

આયુર્વેદ અને સંસ્કૃત સાહિત્યના ક્ષેત્રે આટલું પ્રદાન કરવા ઉપરાંત એમણે ગોંડલમાં પીઠસ્થાન સહિત શ્રી ભુવનેશ્વરી મંદિરની સ્થાપના કરી હતી. અચ્યુત સ્વામીએ તેમને નાની વયમાં જ દેવી ભાગવતનો અભ્યાસ કરાવીને મા ભુવનેશ્વરીની દીક્ષા આપેલી ત્યારથી જ એમની ઇચ્છા હતી કે દેવી ભાગવતમાં ભુવનેશ્વરીનું તથા તેમના નિવાસસ્થાન મણિદ્વીપનું જે વર્ણન આવે છે એ પ્રમાણેનું જ મંદિર ગોંડલમાં સ્થાપવું. તેમનું આ સ્વપ્ન ઈ. ૧૯૪૬માં સાકાર થયું. તા. ૨૧થી ૨૭મી મેના એ ૭ દિવસો દરમિયાન ઉજવાએલા શ્રી ભુવનેશ્વરી પ્રતિષ્ઠા-મહોત્સવમાં રાજા-મહારાજાઓ સહિત અસંખ્ય લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પોતાની આ મહેચ્છા પૂર્ણ થયા બાદ ઈ. ૧૯૪૭માં એમણે વાનપ્રસ્થાશ્રમ અંગીકાર કર્યો.

શ્રી ભુવનેશ્વરી પીઠ દ્વારા એમણે ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને માનવસેવાની જે વિવિધ શુભ પ્રવૃત્તિઓ શરૂ કરી હતી તે આજે પણ અવિરત ચાલ્યા કરે છે —ડૉ. બી. જી. ચંદારાણા

શ્રી ઉમાશંકર જોશી, ડી.લિટ.

'હું ગુર્જર ભારતવાસી'—એમ શ્રી ઉમાશંકરે ગાયું છે. ગુજરાતી ભાષામાં કવિતા લખતો હું એક ભારતીય કવિ છું (I am an Indian poet writing in Gujarati) એમ પણ તેઓ ક્યારેક પોતાની ઓળખાણ આપે છે. એમની સાહિત્ય-પ્રતિભા રાષ્ટ્રીય સ્તરે વિસ્તરેલી છે. કવિવર ટાગોરના જન્મશતાબ્દી વર્ષમાં બંગાળની સાહિત્યસભાને મુખ્ય વક્તા તરીકે સંબોધતા હોય, કેરળથી કાશ્મીર સુધીનાં વિવિધ વિદ્વત્જન મંડળોને રેવિંગ પ્રોફેસરની જેમ સંબોધતા હોય કે પછી ભારતીય જ્ઞાનપીઠની પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે કામગીરી બજાવતા હોય: આ બધાંમાં સાહિત્ય સંસ્કારને ક્ષેત્રે શ્રી ઉમાશંકર જોશીની વ્યક્તિમત્તાનું અખિલ ભારતીય પરિમાણ અને એના એક સહજ વિસ્તરણરૂપે આંતરરાષ્ટ્રીય પરિમાણ ઊપસી આવે છે. હમણાં જ તેઓ રશિયાના નિમંત્રણથી ટૉલસ્ટૉયની ૧૫૦મી જન્મજયંતી પ્રસંગે એ દેશમાં યોજાએલી સાહિત્યિક ગોષ્ઠીઓમાં ભાગ લેવા રશિયા જઈ આવ્યા.

ભારત સરકારે એમની શક્તિનો લાભ સમૂહ માધ્યમો (આકાશવાણી અને ટી. વી.)નું સ્થાન નક્કી કરવાની સમિતિના એક સભ્ય તરીકે લીધો હતો. ભારત સરકારના માસ કૉમ્યુનિકેશન સેન્ટરના તેઓ હાલ અધ્યક્ષ છે. એક નોંધપાત્ર બાબત તો શ્રી ઉમાશંકર ભારતની સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે ચૂંટાયા તે લાગે છે. ગુજરાતના આચાર્ય હેમચંદ્રાચાર્ય અને આચાર્ય આનંદશંકર ધ્રુવની પરંપરાના વિદ્વાન શ્રી ઉમાશંકર ભારતીય સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે વિરાજી રહ્યા હોય એ જોઈ સૌ વિદ્યાપ્રેમી ગુજરાતી રાજી થાય તે સ્વાભાવિક છે. સાહિત્ય અને સંસ્કારના ક્ષેત્રે શ્રી ઉમાશંકરનો પરિચય સુજ્ઞ ગુજરાતીઓને આપવાનો ન હોય, કેમ કે વિદ્વત્તાને ક્ષેત્રે ભારતમાં ગુજરાત શ્રી ઉમાશંકરના નામથી ઓળખાય છે.

ઈ. સ. ૧૯૬૮માં ભારતીય જ્ઞાનપીઠ ઍવૉર્ડના સહવિજેતા શ્રી ઉમાશંકરે આપણા દેશના રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય આંદોલનમાં ભાગ લઈ કારાવાસ વેઠચો છે. સાહિત્યનાં ઘણાંખરાં સ્વરૂપોમાં પ્રથમ પંક્તિનું અર્પણ કરનારા આ કવિશિક્ષણકાર રાજ્ય અને રાષ્ટ્રનું ઉચિત ઘડતર થાય એટલા માટે જાહેર કાર્યો (પબ્લિક અફેર્સ)માં પહેલેથી જ સક્રિય રસ લેતા રહ્યા છે. આવા મનોભાવથી તેઓ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ થયા અને રાજસભામાં નિયુક્ત સભ્ય તરીકે ગયા. તેમાં યે જૂન ૧૯૭૫થી આરંભાએલી કટોકટીનો એમણે રાજસભામાં તથા રાજસભાની બહાર જે રીતે પ્રતિકાર કર્યો, પોતાનો વિચારશીલ, શાંત અને સબળ સ્વર ઉઠાવ્યો તે એમનું મુખ્ય અર્પણ કહી શકાય.

સાબરકાંઠાના ઈડર તાલુકાના બામણા ગામમાં જન્મ (ઈ. સ. ૧૯૧૧); વિદ્યાર્થી તરીકે આર્થિક સ્થિતિ સામાન્ય; પણ અભ્યાસમાં-વિદ્યાકીય વિત્તમાં તેઓ અસામાન્ય હતા. અભ્યાસની સાથોસાથ કાવ્યસર્જનની પ્રવૃત્તિ ફોળતી ગઈ ને એ કાળમાં જ એમણે 'વિશ્વશાંતિ' જેવા બૃહત્ (ચૅલેન્જિંગ) વિષય ઉપર લાંબું કાવ્ય લખ્યું હતું. ત્યાર પછી તો ટૂંકી વાર્તા, નવલકથા, નિબંધ અને લલિત નિબંધ, એકાંકી, પદ્યરૂપક, જીવનવિચાર, સંપાદન, પત્રકારત્વ, 'સંસ્કૃતિ'નું તંત્રીપદ, ગુજરાત વિદ્યાસભા તથા ગુજરાત યુનિવર્સિટીમાં સંભાળેલું અધ્યાપકપદ. એમ સકલ ક્ષેત્રે એમની પ્રતિભા વ્યાપી વળી. તેઓ ગાંધીયુગના કવિ કહેવાયા છે એ ઓળખ સાચી છે, પરંતુ ગાંધીયુગ આગળ જ એ અટકી ગયા નથી. તેઓ સતત વિકસતા રહ્યા છે અને આપણી વિચાર તેમ જ ભાવિસૃષ્ટિને ઘાટ આપવા માટે મથતા રહ્યા છે. સફળ કવિ ઉમાશંકર એવા જ સફળ

ગદ્યકાર છે. લખાણના આંતરસ્વરૂપને બરાબર ઓળખીને એમનું ગદ્ય વિવિધ છટા ધારણ કરતું રહ્યું છે.

સર્વતોમુખી પ્રતિભાવાળા આવા વિદ્વાન અને વિભૂષિત મનીષીને સરદાર પટેલ યુનિવર્સિટીએ તા. ૧૫-૧૨-'૭૮ (સરદારશ્રીની પુણ્યતિથિ)ના રોજ યોજાએલા દીક્ષાંત સમારંભમાં ડી.લિટ ની માનાર્હ પદવી એનાયત કરી એમનું યોગ્ય બહુમાન કર્યું છે.

(વિદ્યાનગર) —દિ.

દિવંગત

શ્રી સ્વામી શંકરાનંદજી

પુરાતત્ત્વ શાસ્ત્રના સારા વિદ્વાન તરીકે જાણીતા શ્રી સ્વામી શંકરાનંદજી એક્યાસી વર્ષની ઉંમરે ૧૭મી જુલાઇએ કલકત્તામાં અવસાન પામ્યા. એમની ખ્યાતિ ખાસ કરીને તો સિંધુ ઘાટીની સભ્યતાના શહેર મોહેં જો-દડોમાં ઉપલબ્ધ લિપિના ઉકેલ અને શોધ પરત્વે છે. તેઓ શ્રી રામકૃષ્ણ વેદાંતમઠના અભ્યાસુ સંન્યાસીજનોમાં હતા. એમણે પોતાનું જીવન પ્રાગૈતિહાસિક ભારતીય સંસ્કૃતિના અધ્યયનમાં અર્પિત કર્યું હતું. આ વિષય પરત્વે એમણે અનેક પુસ્તકો પણ લખ્યાં છે, જેમાં ઈન્ડસ વૅલી-સ્પીક્સ, પ્રીહિસ્ટૉરિક ઈંડિયા ને વેસ્ટર્ન બુદ્ધિઝ્મ જાણીતાં છે. —શં.વિ.

સીતાફળ

ગોળાકાર, નાની નાની ગોળાકાર ઊપસેલી પેશીઓથી કલાકૃતિ જેવું લીલા રંગનું આ મનોહર ફળ ઠંડી ઋતુમાં હવે ઠેરઠેર દેખાશે. સ્કૂલમાં ભણતાં ભૂલકાંઓથી માંડી મોટી ઉંમરનાં તમામને ભાવે તેવું એ ફળ છે.

સીતાફળ સ્વાદુ એટલે કે મધુર છે. તે ઠંડુ છે. તૃપ્તિ કરનાર, રક્તવૃદ્ધિ કરનાર, બળ વધારનાર, માંસવૃદ્ધિ કરનાર અને હૃદયને હિતકર છે. તે પિત્તશામક, વાતશામક અને કફવર્ધક છે. તે કફનિસ્સારક પણ છે. અમ્લપિત્તના દર્દીઓ માટે આ મધુર ફળ પરમ શાંતિદાયક છે, કારણ તેનો સ્વાદ રોચક છે ને તે પિત્તશામક છે. જેમને પેટમાં, છાતીમાં કે હાથપગનાં તળિયાંમાં બળતરા થતી હોય. કંઠમાં બળતું હોય. આંખોમાં બળતરા થતી હોય તેમને સીતાફળથી લાભ થાય છે.

શરીરમાં પિત્તની ગરમી વધારે હોવાથી ફીકાશ આવી જાય છે. લોહી ઓછું હોય તો સીતાફળથી રક્તકણો વધે છે. શરીરમાં અશક્તિ આવી ગઈ હોય, રોગ પછી નિર્બળતા જણાતી હોય, કામ કરતાં થાક લાગી જતો હોય, નાનાં બાળકો દૂબળાં અને ચીડિયાં હોય તો સીતાફળ ખાવાથી અશક્તિ જતી રહે છે, બળ વધે છે અને બાળકોનું ચીડિયાપણું ચાલ્યું જાય છે. શરીરમાં માંસપેશીઓ ક્ષીણ થઈ ગઈ હોય, શરીર પાતળું અને કૃષ હોય, ટાઇફૉઈડ, મેલેરિયા જેવા તાવ પછી વજન ઘટી ગયું હોય તો સીતાફળ ખાવાથી માંસવૃદ્ધિ થાય છે ને વજન વધે છે. જેમને વજન ન વધતું હોય તેમને માટે સીતાફળ ઘણું ઉત્તમ ફળ છે. જેમનું હૃદય નબળું થઈ ગયું હોય, ધબકારા વધી જતા હોય, ગભરામણ થતી હોય. હૃદયની માંસપેશીઓ શિથિલ થઈ ગઈ હોય તેમને માટે સીતાફળ લાભકારક છે

ઉપર્યુક્ત લાભો મેળવવા માટે એકાદ દિવસનો ઉપવાસ કે મગનું પાણી લઈ શરીરમાં આમ હોય તો તે દૂર કરવો. પછી સીતાફળનો ઉપયોગ ૨-૩ દિવસ કરવો. દર ૨ ૨ કલાકે સીતાફળ જઠરાગ્નિ મુજબ લેવાં. ત્યાર બાદ સાથે સાથે બીજાં ફળ ઉમેરવાં. જરૂર જણાય તો લીંબુનું શરબત કાળી દ્રાક્ષનું પાણી નાખીને બનાવીને લેવું. ૧૫ દિવસથી ૧ માસ ઉપર મુજબ સીતાફળનો પ્રયોગ કરી શકાય. જેમને માત્ર ફળાહાર ન ગમતો હોય તેમણે ૫-૭ દિવસ સીતાફળ પર રહી પછી સવારે ૧ વાર સીતાફળનો નાસ્તો કરવો. બપોરે જમ્યા બાદ ૨-૩ કલાક પછી એક વખત સીતાફળ લેવું. વળી પૂરક ખોરાક તરીકે તેનો ઉપયોગ કરવો હોય તેમણે ખોરાકની સાથે સાથે સીતાફળનો ઉપયોગ કરવો. તેનાથી ઓછાવત્તા અંશે લાભ જરૂર થાય છે. જેમનો જઠરાગ્નિ મંદ હોય, જેમને શરદી હોય, બેઠાડુ જીવન હોય તેમણે સીતાફળનો ઉપયોગ વિવેકપૂર્વક કરવો. તેમને જો પચે નહિ તો સીતાફળથી લાભને બદલે નુકસાન થાય છે.

(લોકજીવન) —દઢબલ

મેં સાહસ કર્યું .... રાજેન્દ્ર ડી. દેસાઈ

પાંચેક વર્ષ પહેલાંની વાત છે. અમારા ગામ સરભોણમાં હું ઉનાળાની લાંબી રજાઓ માણી રહ્યો હતો. એક બપોરના હું સૂતો હતો ત્યારે અચાનક આગ...આગ...ની બૂમો સંભળાઈ.

એકદમ હું બેઠો થઈ ગયો. બહાર નીકળતાં ખબર પડી કે અમારા ફળિયાના નાકે જ એક વિધવા બાઈના ઘરમાં આગ લાગી હતી. હું પણ ત્યાં દોડી ગયો. જોયું તો ઘરનો ઉપરનો માળ આગમાં ઘેરાઈ ગયો હતો. ઘરધણી બાઈની એકની એક દીકરી એ બળતા માળમાં ફસાઈ ગઈ હતી અને ગભરાઈને ચીસાચીસ કરતી હતી. બાઈ પણ પોતાની પુત્રીને બચાવી લેવા હાવરી-બાવરી બની બૂમો પાડતી કરગરી રહી હતી. ભડભડતી આગ અને મા-દીકરીની ચીસોથી હતપ્રભ થઈ ગએલા લોકો લાચાર બની ગયા હતા. કોઈ માને શાંત પાડવા તો કોઇ ઉપર મોતના મોંમાં ફસાઈ ગએલી છોકરીને હિંમત આપવા નિષ્ફળ પ્રયત્ન કરી રહ્યા હતા.

પણ પરિસ્થિતિની ગંભીરતા જોઈ મારું હૃદય દ્રવી ઊઠ્યું. એકાએક હું સળગતા માળ ઉપર ધસી ગયો. ભડકા ને ધુમાડીમાં ફસાએલી છોકરીની ચીસો સાંભળી હું એની દિશામાં દોડી ગયો. ને છોકરીને ઊંચકી લઈ એકદમ બહાર આવવા પાછો ફર્યો. એ જ વખતે એક સળગતું લાકડું મારા પગ પર પડ્યું. મારાથી ચીસ પડાઈ ગઈ. મારાં કપડાંને પણ ઝાળ લાગી ચૂકી હતી. પણ ન જાણે કઈ શક્તિથી હું હિંમત હાર્યા વગર છોકરીને લઈને દાદર પરથી નીચે ઊતરી આવ્યો. દીકરીને બચી ગએલી જોતાં જ એની મા હરખાઈને ધસી આવી ને મારા હાથમાંથી એને ઊંચકી લઈ વળગી પડી. છોકરી પણ ખૂબ દાઝી ગઈ હતી.

હૉસ્પિટલમાં છોકરી મારી બાજુમાં જ સારવાર લઈ રહી હતી. એ સારી પેઠે દાઝી ગઈ હતી. મારી પીડા એના જેટલી તો નહોતી જ અને વળી, એક દુખિયારી બાઈની એકની એક દીકરી બચાવી લીધાના સંતોષનું પણ મને આશ્વાસન હતું. એને બચાવી લીધાના આનંદમાં હું મારી પીડા વિસારી શકતો હતો. આજે પણ મારા પગ પર દાઝવાના એ ડાઘ ઉપર નજર પડે છે ત્યારે એ આખો યે બનાવ મારી નજર સમક્ષ ખડો થઈ જાય છે. □

ભગવાન સ્વામિનારાયણ પારિતોષિક નિબંધ-સ્પર્ધા

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા દ્વારા 'આંતરરાષ્ટ્રીય બાલવર્ષ' (૧૯૭૯) નિમિત્તે 'બાળકોમાં નૈતિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ઉત્કર્ષ પ્રેરવા શું કરવું જોઇએ?' આ વિષય પર એક ઈનામી નિબંધ સ્પર્ધા યોજવામાં આવી છે. વિજેતા નિબંધોમાંના પ્રથમને રૂ. ૧૦૦, બીજાને રૂ ૫૦ અને ત્રીજાને રૂ. ૨૫નું પારિતોષિક અપાશે. નિબંધ આશરે ૫૦૦થી ૭૫૦ શબ્દોની મર્યાદામાં તથા તા. ૩૦ જૂન, ૧૯૭૯ સુધીમાં નીચેના સરનામે મોકલવો. વિજેતા નિબંધોનો કંઈ પણ ઉપયોગ કરવાનો અધિકાર પ્રયોજકોને રહેશે. શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિર, શાહીબાગ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૪.

મૂળા

હેમંત ઋતુમાં ભારતમાં લગભગ બધા પ્રદેશોમાં વિપુલ પ્રમાણમાં મૂળા થાય છે. મોટા કદના સફેદ કાંદાવાળા, નાના સફેદ, લાલ—આમ મૂળાની અનેક જાતો થાય છે. વાદળીની જેમ પાણીને શોષી લેનાર મૂળાની જાત ખાવા યોગ્ય હોતી નથી. મૂળા પાકે છે ત્યારે તેમાં મોગરા બેસે છે, જેમાં બીજ હોય છે. મોગરા પણ ખાવામાં વપરાય છે. આયુર્વેદમાં મૂળાના ઉપયોગ વિષે રસિક વાતો છે.

કોમળ કાચા મૂળા ખાવામાં ઉત્તમ છે. તે ભૂખ લગાડનાર, પચવામાં હલકા, ગરમ, તીખા અને કંઈક કડવા હોય છે. આ મૂળા શરીરના દોષોને સમ બનાવે છે, અર્થાત્ શરીરને તંદુરસ્ત રાખી આરોગ્ય જાળવવામાં તે ઉપયોગી છે. પાકા મૂળા ખાવા યોગ્ય હોતા નથી. તે પચવામાં ભારે, તીક્ષ્ણ અને રોગકર છે. તે આંતરડાંમાં ગૅસ ઉત્પન્ન કરે છે.

આયુર્વેદમાં શાકની સૂકવણી કરી તેને ઉપયોગમાં લેવાનો મોટે ભાગે વિરોધ થયો છે. પરંતુ મૂળા તેમાં અપવાદ છે. કૂમળા મૂળાને સૂકવી તેનો ઉપયોગ કરી શકાય છે. આ સૂકા મૂળા પણ ખાવામાં કોમળ કાચા મૂળા જેટલો જ ફાયદો કરે છે. મૂળાની સૂકવણી કરી ભોજન પહેલાં અને ભોજનમાં તેનો ઉપયોગ કરવા જેવો છે.

ભારતમાં પ્રાચીન કાળથી મૂળાનો ઉપયોગ થાય છે. ભૂખ ઓછી લાગવી, રુચિ ન થવી, જૂની કબજિયાત, આફરો, માસિક ઓછું આવવું, મુશ્કેલીએ પીડા સાથે પેશાબ થવો, પથરી, વાત-કફ જ્વર, શ્વાસ, હેડકી, સોજા, શીળસ, ગળાના રોગો જેવા રોગોમાં મૂળા ખાવાની ખાસ ભલામણ કરવામાં આવી છે. ઝાડા, મરડો, સૂકી ઉધરસ જેવી ફરિયાદોમાં સૂકા મૂળાનો ઉપયોગ ઔષધ રૂપે કરવાની ભલામણ છે.

જુદાજુદા રોગોના સંદર્ભમાં મૂળાનો ઉપયોગ કઈ રીતે કરી શકાય તે જાણવા જેવું છે: ૧) સૂકા હરસમાં મૂળાની પોટીસ કરી બાંધી શકાય છે. પોટીસ પર હળવો શેક કરવો. આથી હરસની પીડા બંધ થાય છે. એ સાથે મૂળાનો યૂષ (સૂપ) બનાવી પાવાથી ફાયદો થાય છે. લોહીવાળા હરસ હોય તો તાજા મૂળાનો રસ કાઢી એકલો અથવા ઘી મેળવીને સવારસાંજ આપવો. તેનાં બી પણ ખાવામાં આપી શકાય છે. કાંદા ને પાન વચ્ચેના લીલા ભાગનો રસ હરસમાં ઘણો ઉપયોગી છે. લસણની કળીઓને મૂળાના રસની સાત ભાવના (સાત દિવસ ઘૂંટવું) આપી તેની ૧/૪ ગ્રામ જેટલા વજનની ગોળીઓ બનાવી તેનો માખણ સાથે સવાર સાંજ ઉપયોગ કરવાથી દૂઝતા હરસ મટે છે. ૨) ઝાડાના રોગમાં ચરકે મૂળાનો યૂષ પીવાની ભલામણ કરી છે. ૩ સૂકા મૂળાનો યૂષ પીવાથી હેડકી અને દમ મટે છે શીળસમાં પણ ફાયદો થાય છે. ૪) વાયુની ઉધરસમાં મૂળાનું શાક ફાયદો કરે છે. ૫) કાનમાં ચસકા નાખતા હોય તો મૂળાનો રસ ગરમ કરી તેનાં ટીપાં કાનમાં નાખવાં. ૬) મૂળાનાં બી અઘેડાનાં પાનના રસમાં વાટી લગાડવાથી કરોળિયા મટે છે. ૭) સોજા ચડતા હોય તો તલ અને મૂળા ખાઈ શકાય છે.

ડૉ. ખેરીના અભિપ્રાય પ્રમાણે પેશાબના રોગોમાં તેમ જ પથરીમાં મૂળા ઉપયોગી છે. પંજાબ તરફ મૂળાનાં બી સ્ત્રીઓનું આર્તવ લાવવા માટે વપરાય છે. મૂળાનો ક્ષાર પણ નીકળે છે. આ ક્ષાર ઉત્તમ પેશાબ લાવનાર છે. ઘણી વાર સાદી પથરી આ ક્ષારના સેવનથી જ નીકળી જાય છે. કમળામાં અને જળોદરમાં પણ આ રસ આપી શકાય છે.

આયુર્વેદની દૃષ્ટિએ કોઈ ખાદ્ય દ્રવ્ય જો તેના વિરોધી દ્રવ્ય સાથે લેવાય તો તે 'વિરુદ્ધાહાર' બને છે. વિરુદ્ધાહાર રોગોની ઉત્પત્તિમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. મૂળાના ઉપયોગમાં વિરુદ્ધાહાર બનતાં દ્રવ્યો દૂધ, દહીં ગોળ, મચ્છી વગેરે છે. નબળી પાચનશક્તિમાં વિરુદ્ધાહારસાથે મૂળા અવશ્ય નુકસાન કરે છે. આથી મૂળાને વિરુદ્ધાહાર સાથે લેવા નહિ.

—હિતેશ ભૂપતાણી

(આયુ ડાઇજેસ્ટ)

સૌરાષ્ટ્રનાં બે પુરાણાં ક્ષેત્ર



સૌરાષ્ટ્રની મુખ્ય નદી ભાદર મહાવા—ચોટીલાના પંચાળ પ્રદેશમાંથી નીકળી, પશ્ચિમવાહિની બની સોરઠના સાગરને મળે છે. આ ભદ્રાવતીના મુખ આગળ ગિર-ગિરનારમાંથી નીકળતી ઓઝત નદી પણ મળી નવીબંદર આગળ બારું રચે છે. ગઈ સદી સુધી નવીબંદર સારું બંદર હતું. ત્યાં સાગરસફરી જહાજો આવતાં-જતાં. વેપારી ભાટિયા અને ખલાસી ખારવાની વસ્તી હતી. જૂના પોરબંદર રાજ્યનું એ એક બંદર હતું અને મહાલનું કેન્દ્ર હતું. ભાદરના મુખથી ઉત્તરનો સાગરકાંઠો તે 'દ્વારકા ક્ષેત્ર' અને દક્ષિણનો સાગર કાંઠો તે 'પ્રભાસ ક્ષેત્ર' એમ પુરાણો વર્ણવે છે. ભાદરના આખા પ્રવાહની ઉત્તર તરફ શરૂમાં પાંચાળ, મધ્યમાં મધ્ય સૌરાષ્ટ્ર, ને અંત તરફ સોરઠ અને બરડા પ્રદેશો છે. દક્ષિણ ભાગે મધ્ય સૌરાષ્ટ્ર અને સોરઠનો પ્રદેશ છે. દ્વારકા ક્ષેત્રમાં બરડો, બારાડી અને ઓખો છે, જ્યારે પ્રભાસ ક્ષેત્રમાં સોરઠ, કાંઠી, ઘેડ અને નાઘેર પ્રદેશ આવેલા છે.

દ્વારકા અને પ્રભાસક્ષેત્રનાં પ્રખ્યાત તીર્થસ્થાનો: પિંડતારક, ઓખા-બેટ, દ્વારકા, હરસિદ્ધ, મૂળ સુદામાપુરી, માધવપુર, માંગરોળ, સોમનાથ પાટણ, કોડીનાર ના દેલવાડા છે. આ પૈકીના દરેકને ફરતાં પાંચ કે શમાં આવેલા અગત્યનાં ઇતિહાસ-પુરાતત્ત્વનાં સ્થાનો છે. દરેક નાનું કે મોટું બંદર છે. અહીં કાંઠાની સંસ્કૃતિ ધરાવતી પ્રજા છે, પ્રાચીન તેમજ મધ્યયુગના સમડ સાચવતાં મંદિરોના અવશેષો છે.

વાઘેર, ભાડેલા, ખારવા, મહેર, આહીર, કોળી, રબારી, ને બાવાની કાંઠાળ કોમોની જમીનખેડુ કે દરિયાખેડુ પ્રજા છે. બ્રાહ્મણોમાં રાજગર, ગૂગળી, અબોટી, બરડાઈ, ગિરનારા, ઉનેવાળ, ખેડાવાળ, ઓદીચ્યો, સારસ્વત, કનોજિયા અને પોકરણા છે. મહાજન કોમોમાં વાણિયા, ભાટિયા, લોહાણા, ખત્રી, સોની, મેમણ, ખોજા, વહોરા છે. જાડેજા, જેઠવા, રાયજાદા, વાઢેલ, કારડિયા રાજપૂત ગરાસિયા છે. કારીગરોમાં સલાટ, ભોય, કડિયા, સુથાર, કુંભાર, લુહાર છે. મુસલમાનોમાં ઘાંચી, પટણી, બાબી. કાઝી, તરક, સૈયદ અને સિપાઈ છે. હરિજનોમાં વણકર તથા મેઘવાળ છે.

પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન યુગમાં આ ક્ષેત્રે સૂર્ય, શક્તિ, શિવ, વિષ્ણુ, ગણેશ, હનુમાન અને રાંદલની પૂજા થતી રહી છે. રામદેવપીર અને વાછરાનાં થાનક પણ છે, પીર ઓલિયાની દરગાહો છે. બૌદ્ધ ગુફાઓનાં ખંડેર છે, અનેક જિનાલયો છે. વીરપૂજા, નાગપૂજા, સતીઆઇઓનાં થાનકો પણ છે. તેરતાંસળી પ્રજાના ગુરુમહારાજો અતીત બાવાઓના શાક્ત-પાશુપત મઠો આ ક્ષેત્રે સર્વત્ર હતા અને અવશેષ રૂપ છે. આ સર્વના ઇતિહાસ ભાખતા અવશેષ ઠેરઠેર પડ્યા છે. —મણિભાઈ વોરા


માધવપુરનો ઘેડ-પ્રદેશ

પશ્ચિમ સૌરાષ્ટ્રની કેટલીક નદીઓ સાગરને જ્યાં મળે છે ત્યાં સાગરની રેતીથી તેનાં મુખ પુરાએલાં રહેતાં હોઈ આસપાસના નીચાણવાળા પ્રદેશમાં એ નદીઓનાં પાણી ચોપાસ ભરાએલાં રહે છે. આવા પ્રદેશને 'ઘેડ' કહે છે. પોરબંદર, કુતિયાણા, કેશોદ અને માંગરોળ તાલુકાના નીચાણવાળા પ્રદેશમાં ભાદર, ઓઝત અને મધુવંતી નદીઓનો ઘેડ પ્રદેશ પશ્ચિમ સૌરાષ્ટ્રમાં આ પ્રકારનો સૌથી મોટો વિસ્તાર છે. તેના પણ મુખ્યત્વે બે ભાગ છે : ભાદર નદીથી બનતો ઘેડ વિસ્તાર 'ભાદરકાંઠા' અને ઓઝત તથા મધુવંતી નદીનો પ્રદેશ 'ઘેડ' તરીકે જ ઓળખાય છે. નદીઓના કાંપથી સમૃદ્ધ આ પ્રદેશમાં ચોમાસામાં એ નદીઓનાં પાણી ભરાઈ રહે છે અને ચોમાસું ઊતરતાં તેમાં વાવણી થાય છે. વાવણી પછી એને પાણી પાવું પડતું નથી, પણ કાંપના ભેજથી જ મોલ પાકે છે. આ રીતે ખેતીપ્રધાન હોવા છતાં આ ઘેડ વિસ્તાર ખેતીની દૃષ્ટિએ આગવી લાક્ષણિકતાવાળો છે અને અહીંની પ્રજાના રસમોરિવાજ પણ એને અનુકૂળ રહી આગવી રીતે વિશિષ્ટ રહ્યા છે. અહીંના ભાંભરા પાણીને કારણે ઘઉં-બાજરો તો થતાં નથી, પણ નાળિયેર, કેળાં વગેરેનો મબલખ પાક ઊતરે છે. આખા યે વિસ્તારમાં ક્યાંય મોટાં વૃક્ષો નથી. ગામડાં ઊંચાણવાળા ભાગમાં વસેલાં છે અને એના પાદરમાં આમલી, ગૂંદી, રાયણ જેવાં ઝાડવાં જોવા મળે છે. જમીનમાં સહેજ ઊંડે ખોદતાં શંખ-છીપલાં નીકળે છે, પણ કાળમીંઢ પાણો ક્યાંય નથી. દરિયા અને જમીન વચ્ચેની ભૂખરા પથ્થરની કાંઠીમાંથી મળતા ભૂખરા પાણા અને પુષ્કળ મળતી માટીની પકાવેલી ઈંટોનાં ઘર બાંધી તેમાં ગારમાટી અને ચિતરામણ કરીને લોકો એમાં રહે છે. ગામડાં ઊંચી જગ્યાએ વસતાં હોઈ ત્યાં પાણી નીકળતાં નથી એટલે સ્ત્રીઓને દૂરથી પાણી ભરી લાવવું પડે છે.

—ગોસ્વામી મોહનપુરી

[તાજેતરમાં ગુજરાત ઇતિહાસ પરિષદનું પાંચમું જ્ઞાનસત્ર પશ્ચિમ સૌરાષ્ટ્રમાં (ઘેડ) માધવપુર મુકામે યોજાયું હતું. એ નિમિત્તે 'માધવ મધુ' નામે એક નાનકડી સ્મરણિકા પ્રકટ થઈ છે. (સંપાદકો : નરોત્તમ પલાણ અને નાથાલાલ રૈયારેલા—કિ. ૧૦ રૂપિયા.) આ પ્રદેશના પુરાવશેષોનાં ચિત્રો તથા સંદર્ભસૂચિ સાથે તેમાં માધવપુર તથા આસપાસના ઘેડ પ્રદેશનો પરિચય આપતા અભ્યાસપૂર્ણ લેખો આપવામાં આવ્યા છે. રસ ધરાવતા સૌ કોઈએ જોવા-સંઘરવા જેવી આ સ્મરણિકામાંથી તે વિસ્તારનો આછોશો ખયાલ આપતી બે નોંધો અહીં તારવી છે. સાથે તે ઘેડપ્રદેશ બતાવીને આપેલો નવો નકશો તેમાં પૂરક બની રહેશે. -સં.]

ગણિતગમ્મત : ૧૯૭૮નો જાદુઈ તારક



નાતાલના શોભન-તારા જેવી આ આકૃતિમાં ૪૮૧થી માંડી ૫૧૪ સુધીની સંખ્યાઓમાંથી ૨૨ સંખ્યાઓ એવી રીતે ગોઠવી છે કે, એમાં દર્શાવ્યા પ્રમાણે સીધી રેખા દ્વારા જોડાએલાં કોઈ પણ ચાર વર્તુળોમાંની સંખ્યાઓનો સરવાળો ૧૯૭૮ (એટલે કે આ પૂરી થતી સાલ) જ આવે.


દા. ત. ૫૦૧ + ૪૮૧ + ૪૮૨ + ૫૧૪ = ૧૯૭૮

એ જ રીતે ૫૦૯ + ૪૯૧ + ૪૮૬ + ૪૯૨ = ૧૯૭૮.

વળી, એક બીજી ખૂબી પણ આ આકૃતિમાં છે. એમાં નીચે બતાવ્યા પ્રમાણે ઊભી લીટી દ્વારા જ્યાંથી એના બે ભાગ પડે છે ત્યાંથી ડાબી કે જમણી બાજુનાં બાર-બાર વર્તુળોમાંની સંખ્યાઓનો સરવાળો ૫,૯૩૪ થશે. (આમાં મથાળાનાં બે વર્તુળોમાંની સંખ્યા ૫૦૧ અને ૪૮૮ બંને તરફ સામાન્ય છે.) આ ૫,૯૩૪ને ૩થી ભાગતાં પણ ૧૯૭૮ આવે છે.

આ ઉપરાંત, મથાળાની બંને સંખ્યાઓ—૫૦૧ અને ૪૮૮નો સરવાળો ૯૮૯ની સંખ્યા આવે છે તે ૧૯૭૮ની અર્ધી છે.

—કિશોર ગોરધનદાસ



આકાશદર્શન

અંધારી રાતે કાળા આકાશમાં ઝગમગતા તારાઓની વચ્ચે એક તેજસ્વી પટ જેવી દેખાતી 'આકાશગંગા' માણસે જ્યારથી આકાશને નીરખવા માંડ્યું હશે ત્યારથી જાણીતી છે. દૂરબીનની શોધ થયા પછી હવે આપણે જાણીએ છીએ કે નાનામોટા લગભગ ૧૦૦ અબજ તારાઓ, તથા બીજા એટલા જ નવા તારાઓ રચાય તેટલું દ્રવ્ય ધરાવતું અને ૫૮,૬૫ ૬૯,૬૦,૦૦,૦૦૦×૧,૦૦,૦૦૦, એટલે કે એક લાખ પ્રકાશવર્ષ જેટલા પહોળા પટમાં ચપટા ચક્રાકારે વિસ્તરેલું એ એક તારાવિશ્વ છે. આપણે તેને મંદાકિની તારાવિશ્વ પણ કહીએ છીએ. પોતાના સમગ્ર ગ્રહ-પરિવાર સાથે આપણો સૂર્ય, આ તારાવિશ્વના લગભગ ૧૫ હજાર પ્રકાશવર્ષ જેટલી જાડાઈ ધરાવતા કેન્દ્રથી ૩૩,૦૦૦ પ્રક.શવર્ષ દૂરનો એક સામાન્ય તારો માત્ર છે, ને તે એ કેન્દ્રની આસપાસ દર સેકંડે ૧૭૦ માઈલની ઝડપે પરિક્રમા કરી રહ્યો છે. આટલા વેગે પણ તેની એક પ્રદક્ષિણા પૂરી થતાં ૨૨ કરોડ વર્ષ લાગે છે.

આ આકાશગંગાના પટમાં અને તેની બંને બાજુએ નજીકમાં દેખાતાં કેટલાંક મુખ્ય તારામંડળોનો પુનઃ પરિચય આપણે આ વર્ષમાં કર્યો. છેલ્લે છેક ઉત્તર-દક્ષિણના ભાગને બાદ કરીને વર્ષ દરમિયાન દેખાતી આકાશગંગાના પટના આ નકશા પર એક દૃષ્ટિપાત કરીએ. એના પરથી માસવાર કઈ દિશાથી કઈ તરફ દેખાય છે તેનો ખયાલ આવવા સાથે એની વિશાળતાનો અંદાજ આવી શકશે. સાથે એકબીજાની સરખામણીમાં કેટલાંક મુખ્ય-મુખ્ય તારામંડળોનાં સ્થાન તથા એના કદ-વિસ્તારનો પણ ખયાલ મળશે. નકશામાં એ આકાશગંગાને ટપકાંવાળી રેખાથી દર્શાવી છે. વર્ષના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધમાં દેખાતાં એનાં આકાશી સ્થાનનો એ ખયાલ આપે છે. જો કે આકાશગંગાનો એ તેજ-પટ એટલો આછો અને ધૂંધળો છે કે અહીં નકશામાં દર્શાવી છે તે રીતે એની કોઈ સ્પષ્ટ સીમારેખા આંકી શકાય નહિ, અને એ જ રીતે તારામંડળના આકાર બતાવતી રેખાઓ પણ જે તે મંડળને ઓળખવું સરળ થઈ પડે એટલા પૂરતી જ છે. હકીકતે તો એ દરેક તારામંડળમાં અહીં બતાવ્યા છે એ કરતાં ઘણા વધુ તારાઓ છે.

—બિ. ટાંક

પરદેશના પત્રમિત્રો

નામ પછી તરત જ કૌંસમાં f=female અને m=male તથા તે પછીનો આંકડો એમની ઉમર સૂચવે છે. સરનામા પછી એમના રસના વિષયો આપ્યા છે. પત્રવ્યવહાર અંગ્રેજીમાં જ કરવો.

(1) Susan Pearson (f-28) 58, Berrylands Road, Moreton, Wirral, Merseyside L46-7UA, England-Stamps, F.D.Cs. (2) Hiroko Ishikawa (f-19) 30, Kubocho, Sano-shi, Tochigi-Ken, 327, Japan.—Penfriendship, Sports, Reading, Music. (3) John E. Brodowski (m-26) 4803, Fort Hamilton Parkway, Brooklyn, New York 11219, USA.—Friendship, Cinema. (4) Michael Scherba, Gagarin Street 24-13, 468019 Chimkent-19, USSR—Stamps, Post-cards Poprecords. (5) Tom Lovelace (m-28) 426,, South Hill St., 340, Los Angeles, Ca. 90013, USA.—Travelling, Correspondence, Penpals.

(પ્રેષક : કનુ એસ. યોગી, વડનગર) (ચાલુ)

આ માસ (ડિસેમ્બર) ઇતિહાસમાં

તા. ૩/૧૮૮૪ પોતાના ઉચ્ચ ત્યાગ અને મહાન સેવાઓ વડે 'બિહારના ગાંધી'નું બિરુદ પામનાર સેવામૂર્તિ અને સ્વતંત્ર ભારતના પહેલા રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્રપ્રસાદના બિહારના જીરાદેરી નામના ગામડામાં જન્મ. 'બનારસ હિન્દુ યુનિવર્સિટી'ના સ્થાપક મહામના પંડિત મદનમોહન માલવીયનો જન્મ પણ આ જ માસની ૨૫મી તારીખે ઈ. ૧૮૬૧ના થયેલો.

તા. ૫/૧૪૯૨ પશ્ચિમ દિશાના સાગર માર્ગે હિન્દુસ્તાન શોધવા નીકળેલો કોલમ્બસ સાન્ટો ડૉમિંગો અને બીજા દિવસે હઈતી ટાપુએ પહોંચ્યો. આ જ દિશામાં આગળ જઈ એણે અજાણતાં અમેરિકા ખંડની શોધ કરી હતી. જો કે છેક મરતાં સુધી પોતે હિન્દુસ્તાન શોધી કાઢ્યાનો જ એને ભ્રમ હતો. આવી જ રીતે પૂર્વ તરફના સાગર માર્ગે હિન્દુસ્તાન શોધવા નીકળેલ વાસ્કો ડા ગામાએ દક્ષિણ આફ્રિકાના નાતાલ પ્રદેશની શોધ કરેલી. એ દિવસ ઇ. ૧૪૯૭ના આ જ માસની ૨૫મી તારીખ એટલે કે નાતાલનો દિવસ હોઈ એને 'તેર્રા નાતાલિસ' નામ આપેલું. જો કે એ પોતે ત્યાં ઊતર્યો નહોતો અને છેક ૧૯મી સદીના આરંભ સુધી એ પ્રદેશ વણખેડાયેલો રહેલો. આ વાસ્કો ડા ગામાનું અવસાન પણ ઈ. ૧૫૨૪માં ૨૪મી ડિસેમ્બરે થયેલું.

તા. ૮/૧૯૧૧ લોકોના પ્રચંડ વિરોધના કારણે બંગાળના ભાગલા રદ થયા અને તે પછી ૧૨મી તારીખે પાંચમા જ્યૉર્જના રાજ્યારોહણ પ્રસંગે હિન્દુસ્તાનની રાજધાની કલકત્તાથી ફેરવીને નવી દિલ્હીમાં લાવવામાં આવી.

તા. ૧૦/૧૯૧૮ કાઇરોથી ઊપડીને કરાચી સુધીની ખેપ કરીને હિન્દુસ્તાનમાં પહેલું વિમાન આવ્યું. યાંત્રિક વિમાનના ઉડ્ડયનનો સૌ પ્રથમ સફળ પ્રયોગ ૧૭મી ડિસેમ્બરે ૧૯૦૩માં થયેલો.

તા. ૧૪/૧૯૧૧ નૉર્વેજીઅન દરિયાખેડુ અને સાહસ સફરી આમુન્ડસેને દક્ષિણ ધ્રુવ સર કર્યો. આ જ સમયે જુદા માર્ગે આ જ સાહસને માટે દક્ષિણ ધ્રુવખંડ ખેડી રહેલો કૅપ્ટન સ્કૉટ થોડા જ દિવસના વિલંબને કારણે આ માનથી વંચિત રહી ગયો, એટલું જ નહિ, પણ પાછા ફરતાં એને પોતાનો પ્રાણ પણ ગુમાવવો પડ્યો.

પ્રસંગ-વિશેષ

તા. ૧૬/૧૭૭૩ બૉસ્ટન ટી. પાર્ટી દિન. અમેરિકાને પોતાનું સંસ્થાન ગણતા ઇંગ્લૅન્ડે પોતાને સપ્તવાર્ષિક યુદ્ધમાં થએલા ખર્ચને વસૂલ કરવા અમેરિકાવાસી અંગ્રેજોની સંમતિ વિના જ તેમના પર 'સ્ટૅમ્પ ઍક્ટ' નામનો વેરો ઠોકી બેસાડ્યો હતો. બ્રિટિશ પાર્લમેન્ટમાં પોતાનું પ્રતિનિધિત્વ ન હોઈ ઇંગ્લૅન્ડને પોતાના પર આવો કર નાખવાનો અધિકાર નથી એ મુદ્દા પર અમેરિકામાં વ્યાપક લડત ચાલી. ઇંગ્લૅન્ડે એ કર તો પાછો ખેંચી લીધો પણ તે નાખવાના પોતાના હક્ક હોવાનો દાવો જારી રાખીને એણે અમેરિકા જતી ચા ઉપર જકાત નાખી. અમેરિકાએ એ આયાત થતી ચાનો બહિષ્કાર કર્યો અને એ ઉગ્ર વાતાવરણમાં બૉસ્ટન બંદરે ચાની ૩૪૦ પેટી લઈ આવેલા એક જહાજ પર રેડ ઇન્ડિયનોના વેષમાં કેટલાક યુવાનોએ રાત્રે હલ્લો કરીને ચાની પેટીઓને દરિયામાં પધરાવી દીધી. અમેરિકાના ઇતિહાસમાં 'બૉસ્ટન ટી પાર્ટી' નામે આ બનાવ પ્રખ્યાત છે. એ નાની સરખી ચિનગારીથી ઇંગ્લૅન્ડ સામે જાગેલા જબ્બર દાવાનળમાં બ્રિટિશ સત્તા ખલાસ થઈ ગઈ અને અમેરિકા સ્વતંત્ર બન્યું.

તા. ૧૭/૧૭૯૦ હિન્દુ મૂર્તિપૂજાની વિરુદ્ધમાં નિબંધ લખીને રાજા રામમોહન રાયે બંગાળી ગદ્યનો આરંભ કર્યો. એમના જ પ્રયાસોથી સતી થવા પર પ્રતિબંધ મૂકતો કાયદો પણ ઈ. ૧૮૨૯માં આ જ માસમાં ૪થી તારીખે જાહેર થએલો.

વ્યક્તિ-વિશેષ

તા. ૨૪/૧૮૯૯ સાહિત્ય, સમાજસેવા, રાજકારણ, ચારિત્ર્યગઠન અને એમ અનેક ક્ષેત્રે પોતાના નિર્મલ આત્માનો પુનિત પરિમલ મૂકી જનાર સાને ગુરુજી-પાંડુરંગ સદાશિવ સાનેનો જન્મ. પિતાના અવસાન બાદ અત્યંત ગરીબીમાં એમ. એ. થઈ તેઓ શિક્ષક બનેલા. બચપણથી જ કાવ્યલેખનનો રસ. રાષ્ટ્રીય ચળવળોમાં અનેક વાર જેલ પણ ભોગવી ૧૯૪૨થી ભૂગર્ભ પ્રવૃત્તિ પણ કરી. ડગરીમાં આશ્રમમાં અને અમલનેરમાં સૂતરની શાળા સ્થાપી. હરિજનો માટે મંદિરો ખુલ્લાં મુકાવ્યાં. સત્ય, શિવ અને સુંદરના આવિષ્કાર સમું એમનું સાહિત્ય અત્યંત રોચક છે. આજીવન અવિવાહિત રહી એમણે લોકસેવામાં જ જીવન વિતાવ્યું હતું. ૧૯૫૦ની ૧૧મી જૂને એમનું અવસાન થયું.



બે મિત્રોએ પોતાના ત્રીજા મિત્રના કાળા કોટ પર ચાકથી ગધેડાનું મોં ચીતર્યું. ત્રીજા મિત્રે પોતાનો કોટ જોયો ત્યારે તેણે પેલા બેને પૂછ્યું: 'ભાઈ, સાચું કહેજો; તમારા બેમાંથી કોણે પોતાનું મોં આ કોટથી લૂછ્યું છે?

એક સરદારજીના દાદા ગુજરી ગયા, તેના ખબર છપાવવા માટે છાપાની ઑફિસે જઇને ભાવ પૂછ્યો.

'એક સેન્ટીમીટરના પાંચ રૂપિયા.' જાહેર ખબરના કારકુને કહ્યું.

'બાપરે! તો તો ગજબ થઈ જાય. મારા દાદા બે મીટરના હતા!' સરદારજી બોલી ઊઠ્યા.

પ્રાણીબાગમાં વાઘના પીંજરા પાસે ઊભેલો જગુ તેને જોઈને ચિંતામાં પડી ગયો. પિતાએ કારણ પૂછતાં બોલ્યો: 'મને એવો વિચાર આવ્યો કે કદાચ વાઘ પીંજરું તોડીને બહાર નીકળી જાય અને તમને ખાઇ જાય તો ઘેર જવા માટે મારે કયા નંબરની બસમાં બેસવું.

'આ રતનલાલે એના જીવનમાં ઘણી ચડ-ઊતર જોઈ છે.' 'એમ?'

'હા; એણે જિંદગીની શરૂઆત લિફ્ટમૅન તરીકે કરેલી.'

મુસાફર: અહીં નજીકમાં કોઈ કબ્રસ્તાન છે?

કુલી: ના જી.

મુસાફર: તો પછી ગાડીની રાહ જોતાં જે લોકો મરી જાય છે તેમને ક્યાં દફનાવે છે?



(જનસત્તામાં સ્વ. 'શિવ')

સુખનો શાને છાક અને આ દુઃખનો શો સંકોચ?
ડાળડાળ પર કંટક સંગે ફૂલ પણ હિંચે હિલોળ.
—સુરેશ દલાલ

જાપાનીઓએ તોડી પાડેલા વિમાનમાંના એક ડચ વેપારીએ મરતી વેળા વિમાનના નોકરને બની શકે તો પોતાની બે નાની પુત્રીને બચાવવા ભલામણ કરી તેને એક જાકીટ સોંપ્યું, જેમાં એ બાળાઓના ઉછેર માટે તેણે હીરા મૂકેલા. છોકરીઓ તો બચી, પણ પેલું જાકીટ હાથ ન રહ્યું. નોકરે બંને બેનોને અનાથાશ્રમમાં મૂકીને જાકીટ બાબત પોલીસમાં જાણ કરી. હીરાની વાત હોઇને ચોમેર પ્રસરી ગઈ. પંદરેક દિવસ બાદ, દરિયાકાંઠે કચરો વીણી ગુજારો કરતા એક જંગલવાસીએ પોલીસ ઑફિસે આવી મેજરના ટેબલ પર જાકીટ મૂકી કહ્યું: 'આ પેલું જાકીટ. મને તે કાંઠેથી કીચડમાંથી જડયું. અંદરના હીરા સંભાળી લો.' અને, ચાર લાખની મૂડી સલામત મળેલી જોઈ હેબતાઈ ગએલો મેજર પેલાનું નામઠામ પૂછવા જેટલો સ્વસ્થ થાય એ પહેલાં તો એ 'જંગલી' ચાલ્યો યે ગએલો!

કહેવતો: 'કૂતરાંનો સંઘ કાશીએ ન પહોંચે'. —કૂતરું જાતદ્વેષી પ્રાણી છે. તે જેમ એક પળ પણ સંપથી ન રહી શકે તેમ પરસ્પર મતભેદવાળા, ઝગડતા લોકોનો સમૂહ કોઈ પણ સારું કામ સુખેથી પાર ન પાડી શકે એ દર્શાવવા વપરાતી કહેવત.

ગણિતગમ્મત

૧૫૬×૬૫૧=૨૭×૩૭૨
૧૩૫૬×૬૫૩૧=૨૩૭૩×૩૭૩૨
(મ. ના. ખત્રી)

एके तुम्बा व्रतिकर-गताः
पात्रता मानयन्ति
गायन्त्यन्ये सरस-मधुरं
शुद्धवंशे विलग्नाः।
एके तावद् ग्रथित-सगुणा
दुस्तरं तारयन्ति
तेषां मध्ये ज्वलित हृदयः
रक्तमेके पिबन्ति॥

કેટલીક તુંબડીઓ સાધુ-સંતોના હાથમાં જઈને કમંડલુ બને છે, બીજી કેટલીક સારા વાંસના સંગમાં આવી વીણા બનીને મધુર સ્વર આપે છે, કેટલીકને દોરીઓ વડે બાંધીને ત્રાપાનું રૂપ અપાય છે, જ્યારે કેટલાક દગ્ધ-હૃદય મનુષ્યો તેમાં રક્તપાન કરે છે.

અનેકાર્થી શબ્દ: મોગરો=એક ફૂલઝાડ; મોટી મોગરી, હથોડો, મુદ્‌ગર; એક શાક, નાના ઘૂમટ કે શિખર જેવો આકાર, કાંગરો; માથું, ગંડ, ખૂંટી, દટ્ટો; નાની ઘડિયાળનું ચાવી દેવાનું મથાળું, મોગરાના ઘાટનું કાંગરાવાળું માથાનું એક ઘરેણું; દીવાની વાટના બળી ગએલા છેડે બાઝતો કોલસો, ગુલ.

અંકસંદર્ભ-આઠ: અષ્ટધા પ્રકૃતિ—સત્વ, રજસ, તમસ, પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ.



ટિકિટ-કથા: પોતાને ત્યાંના વિખ્યાત દુર્ગોને રજૂ કરતી ચાર ખાસ ટિકિટો સ્વિટ્ઝરલૅન્ડે બહાર પાડેલી તેમાંની આ એક પર શિલૉંના વિખ્યાત દુર્ગનું ચિત્ર છે. જીનિવા સરોવરમાં એક ખડકાળ બેટ પરનો આ દુર્ગ રાજકેદીઓને રાખવામાં વપરાતો. તેમાંના એક રાજકેદી ફ્રાંકવા બોનિવડેને અહીં ભોગવવી પડેલી યાતનાઓને કવિ બાયરને પોતાના એક કાવ્યમાં બહુ નાટયાત્મક રીતે વર્ણવીને આ દુર્ગને સાહિત્યજગતમાં ખ્યાત કરી દીધો છે. અહીં ચાર વર્ષ કેદમાં સબડયા પછી ક્રાંતિકારીઓએ એને છોડાવ્યા બાદ પણ એની ઉત્તરાવસ્થામાં એને બહુ સુખ મળ્યું નહોતું.



ભોજનમાં અનાજનો સૌથી વધુ ઉપયોગ કરવાની બાબતમાં દક્ષિણ રોડેશિયાના લોકો સૌની મોખરે છે. એ જ રીતે કોલંબિયાના લોકો સૌથી વધુ ખાંડ ખાતી પ્રજા છે, તો આઈસલૅન્ડના વતનીઓ દૂધનો સૌથી વધુ વપરાશ કરે છે, જ્યારે ઉરુગ્વેની પ્રજા દુનિયામાં સૌથી વધુ માંસ ખાનારી પ્રજા ગણાય છે.



કલાકણિકા: ભારતીય વણાટમાં હાથી અને પક્ષીની કિનાર

એક હોટેલના માલિકે જોયું કે કેટલાક ગ્રાહકો બહુ લાંબા વખત સુધી ચાલુ છાપું વાંચવામાં રોકી રાખે છે ને બીજાને વાંચવામાંથી વંચિત રાખે છે. આથી તેણે એક વેધક યુક્તિ શોધી કાઢી. બીજે દિવસે હોટેલની દીવાલ પર અગ્રસ્થાને એક પાટિયા પર લખ્યું હતું: 'જેઓ વાંચતાં શીખતા હોય તેમને ગઈ કાલનું છાપું વાંચવા વિનતિ છે.'

પેટન્ટ લેધરનાં પગરખાં કે પાકીટ યા બૅગ પર માખણનો એક આછો શો હાથ મારવાથી એ ચળકતાં રહેશે.

જાણો છો?—(૧) સ્ટ્રેટ્સ સેટલમેન્ટમાં ઈ ૧૮૬૭માં પહેલવહેલી ટિકિટો નીકળી તે અગાઉ ત્યાં હિંદની ટિકિટો ચાલતી હતી! (૨ ફ્રેન્ચ ટિકિટો ઉપર છેક ૧૯૫૧ સુધી નેપોલિયનની છબિ જ આવી ન હતી! (૩) ત્રિકોણ કારની ટિકિટો સૌપ્રથમ કેપ ઑવ ગુડ હોપ કાઢેલી—૧૮૫૩માં. (૫) દુનિયાના કોઈ પણ દેશ કરતાં જાપાનના લોકો વધુ માછલી ખાય